بفیضِ روحانی سلطانُ الہند خواجہ ...

**બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ**



**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**ડિસેમ્બર-૨૦૨૨**

જમાદિઉલ્ અવ્વલ-જમાદિઉલ્ આખર

હિજરી સન : ૧૪૪૪

વર્ષ : ૧૯, અંક : ૧૨, સળંગ અંક : ૨૨૭



**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦

તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭

9427464411 PhonePe/Paytm/G Pay

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com

બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ

A/c. No. 34620100000303

Razvi Kitab Ghar

IFSC Code : BARB0DAYADR


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૫૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


: માનદ તંત્રી :

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | અલ્લામા આ'ઝમીનો પયગામ ઉલમાએ એહલે સુન્નતના નામ | 04 |
| 02 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) | 08 |
| 03 | હદાઈકે બખ્શિશ (ભાગ : ૨) | 11 |
| 04 | અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ | 15 |
| 05 | અલ્લાહ પાક માટે જૂઠ બોલવુ અશકય : કિતાબ તથા હદીષની રોશનીમાં | 17 |
| 06 | હુઝૂર صلی اللہ علیہ وسلم નું સામાજિક વલણ તથા વહેવાર | 25 |
| 07 | ઈમામે આ'ઝમ અબૂ હનીફા رحمۃ اللہ علیہ | 28 |
| 08 | ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ | 35 |
| 09 | મખ્દૂમ સિમ્નાની رحمۃ اللہ علیہ ના કલમ થકી રાફઝીની રદ | 40 |
| 10 | વર્તમાન યુગમાં ઈમામ અહમદ રઝાના વિચારોનું મહત્વ | 44 |
| 11 | ઈમામ અહમદ રઝા અને સલામતીવાળુ દિલ | 49 |
| 12 | બરકાતે ખ્વાજાની ટપાલ | 50 |


## કયા મહકતે હૈં મહકનેવાલે !

કયા મહકતે હૈં મહકને વાલે
બૂ પે ચલતે હૈં ભટકનેવાલે

જગમગા ઉઠી મેરી ગોર કી ખાક
તેરે કુર્બાન ચમકનેવાલે

મહ બે દાગ કે સદકે જાઉં
યૂં દમકતે હૈં દમકનેવાલે

ગુલે તૈબા કી ષના ગાતે હૈં
નખ્લે તૂબા પે ચમકનેવાલે

આસિયો ! થામ લો દામન ઉન કા
વો નહીં હાથ ઝટકને વાલે

સુન્નીયો ! ઉન સે મદદ માંગે જાઓ
પળે બકતે રહેં બકનેવાલે

મૌત કહતી હૈ કે જલ્વા હૈ કરીબ
એક ઝરા સો લે બિલકનેવાલે

જબ ગિરે મુંહ સૂએ મૈખાના થા
હોશ મેં હૈં યે બહકનેવાલે

શમ્એ યાદે રૂખે જાના ન બુઝે
ખાક હો જાએં ભળકનેવાલે

કફે દરયાએ કરમ મેં હૈ **'રઝા'**
પાંચ ફવ્વરે છલકને વાલે

**અલ્લામા આ'ઝમીનો પયગામ ઉલમાએ એહલે સુન્નતના નામ**

# હક્કૃથી ભટકીને દીનથી વિમુખ થઈ રહી છે આપણી કૌમ ?!

तंत्री लेख

*આજે કેટલાય વિસ્તારોમાં સામાન્યતઃ નવયુવાન યુવતીઓમાં બલ્કે કહેવાતા વડીલોમાં ઈસ્લામની પાયાની તા'લીમ ઈમાન વિશે, કુફ્ર તથા શિર્ક વિશે તથા નબી, સહાબા, અહલે બયત, વલીઓ વિશે શું અક઼ીદા હોવા જોઈએ તેમજ વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ તથા નમાઝ, રોઝા વગેરેના મસાઈલ બાબતે, તેમાં પઢવામાં આવતી સૂરતો, દુઆઓ વગેરે વિશે ઈલ્મની ઉણપ વર્તાય છે. મુસલમાનના ઘરે પેદા થઈ ગયા એટલે જાણે રસ્મી મુસલમાન ઘણા લોકો જોવા મળે છે. તૌહીદ તથા રિસાલત વિશે, ઈસ્લામી અખ્લાક઼, ઈસ્લામી તા'લીમ, અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ની મહોબ્બત વગેરે વિશે સહીહ માલૂમાત ન હોવાથી આજની યુવા પેઢી અને ખાસ તો કેટલીય યુવતીઓ ગૈર મઝહબવાળા સાથે જતી જોવા મળે છે. યુવા પેઢી પોતાના દીનથી જાણે બગાવત કરતી હોય તેમ દીનથી વિરુદ્ધ વર્તી રહેલી જોવા મળે છે. ગૈરોના ઈસ્લામ વિરુદ્ધના પ્રોપેગન્ડાઓનો જવાબ આપવાને બદલે ખુદ એ પ્રોપેગન્ડાઓનો શિકાર બનતી જોવા મળે છે. આવા સમયે **મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા ક઼મરુઝ્ઝમાંખાં આ'ઝમી** (સેક્રેટરી જનરલ : વર્લ્ડ ઈસ્લામિક મિશન–લંડન) مدظلہ العالی નો ઉલમાએ અહલે સુન્નતના નામે જે પયગામ આપે દીનની હમદર્દી તથા ઉમ્મતે મુસ્લિમાની ભલાઈ તથા રહનુમાઈ માટે પેશ કર્યો છે તેને અત્રે રજૂ કરીએ છીએ જેમાં ઉલમાએ કિરામ તથા મસ્જિદોના ઈમામો, મક્તબો, દીની ઈદારાઓના મુદર્રિસો તેમજ સર્વ અવામ માટે માર્ગદર્શનનું નૂર સમાયેલું છે. કાશ ! આપણે સૌ ઈખ્લાસ સાથે આ ગાઈડ લાઈન પર કામ કરીએ તો મુસલમાનોનો બેડો પાર છે. ઈન્શા અલ્લાહ ! અલ્લાહ સૌને તૌફીક઼ બખ્શે. –તંત્રી બરકાતે ખ્વાજા (માસિક)*

**આ** એક હક઼ીક઼ત છે કે જે દેશોમાં દીની દર્સગાહો તથા ઈસ્લામી મદ્રસાઓને ખતમ કરી દેવામાં આવ્યા ત્યાં ઈસ્લામ નષ્ટ થઈ ગયો. ઈમામ બુખારી તથા ઘણા બધા હદીષ તથા ફિક઼હના ઈમામોની સરઝમીનોમાં હવે ઠીક રીતે કલમો પઢનારા દુર્લભ છે ! મધ્ય એશિયાના તે સર્વ પ્રદેશો જે સામ્યવાદના પ્રભાવ હેઠળ આવ્યા ત્યાં મદ્રસાઓને મિટાવીને ઈસ્લામને ખત્મ કરવાની કોશિશ કરવામાં આવી. કેટલાક અન્ય દેશોમાં આ પ્રકારની કોશિશ થઈ રહી છે. આ સંજોગોમાં ઉલમાએ કિરામે સર્વ મસ્જિદોને પાર્ટ ટાઈમ દર્સગાહોમાં તબદીલ કરવી પડશે. મસ્જિદોના સર્વ ઈમામ સાહબો પોતાની આસપાસનું નિરીક્ષણ કરે અને કોશિશ કરે કે સંબંધિત આબાદી કે મહોલ્લાનો બાળક દીની તા'લીમથી વંચિત ન રહેવા પામે અને પુખ્ત ઉમરે પહોંચતા પહેલાં એટલા પ્રમાણમાં માહિતગાર થઈ જાય કે તે સામે આવતી ચેલેંજોનો મુક઼ાબલો કરી શકે. આલિમો તથા મસ્જિદના ઈમામોના માટે દીનનો દર્સ તથા તબ્લીગ હવે ફર્ઝે કિફાયા નહીં બલ્કે ફર્ઝે અ્યન છે.

અલ્હમ્દુલિલ્લાહ ! અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે આક઼ાએ કરીમ રઉફો રહીમ صلی اللہ علیہ وسلم ના સદક઼ા તથા તુફેલથી પોતાના જે બંદાઓને ઈલ્મની દૌલત અતા કરી, યક઼ીનન ! તેઓ ઘણા જ ખુશનસીબ છે. અલ્લાહના રસૂલ صلی اللہ علیہ وسلم એ ઈલ્મ તથા ઉલમાની ફઝીલત ઠેક ઠેકાણે વર્ણવી છે. એક સ્થળે ફર્માવ્યું : اَلْعُلَمَآءُ وَرَثَةُ الْاَنْبِيَآءِ "દીનના ઉલમા અંબિયાએ કિરામના વારસ છે." (રવાહુલ જામેઉસ્સગીર અન અનસ ઈબ્ને માલિક) એક જગાએ ઉલમાએ

www.barkatekhwaja.net

કિરામની શાન વર્ણવતાં હુઝૂર તાજદારે મદીના અર્વાહુના ફિદા ﷺએ "ઉલમાના ચહેરાને જોવું ઈબાદત ઠરાવેલ છે." સરકારે દો આલમ ﷺએ ફર્માવ્યું : اَلْعِلْمُ حَيَاةُ الْإِسْلَامِ "ઈલ્મ ઈસ્લામની જિંદગી છે." *(કન્ઝુલ ઉમ્માલ)*

હવે સવાલ એ પેદા થાય છે કે આલિમ કોણ છે ? તો કુર્આન રહનુમાઈ કરે છે : اِنَّمَا يَخْشَى اللّٰهَ مِنْ عِبَادِهِ الْعُلَمٰٓؤُا "અલ્લાહથી તેના બંદાઓમાં તેઓ જ ડરે છે જેઓ ઈલ્મવાળા છે." *(સૂરએ ફાતિર, ૩૫/૨૮, કન્ઝુલ ઈમાન)*

હવે આપણે આ આયતની રોશનીમાં આપણી જિંદગીઓનું નિરીક્ષણ કરીએ કે આપણી જિંદગીમાં ખુદાનો ખૌફ તથા ડર છે કે નથી ? જો જવાબ નકારમાં છે તો આપણે પોતાની જાંચ પડતાલ કરવાની અને સુધારણા કરવાની સખત જરૂરત છે.

આપણે જો પૂર્વજ બુઝુર્ગો (અસ્લાફ)ની જિંદગીઓનો અભ્યાસ કરીએ તો જાણવા મળે છે કે તેમના મુબારક હોઠોએથી નીકળનારા શબ્દો બાબે ઈજાબત (કૂબૂલિયતના દરવાજા) સુધી પહોંચતા અને તેમની દરેક દુઆ બારગાહે ઈલાહીમાં કૂબૂલ થઈ જતી. તેમની પાસે પરેશાન હાલ પોતાની પરેશાન લઈને જતો તો તેની પરેશાની દૂર થઈ જતી. તે જો કોઈના માટે દુઆ કરી આપતા તો તેની બિગડી બની જતી. તે કાંઈ કહી આપતા તો મૌલા તેમની ઝબાનની લાજ રાખી લેતો. શું કારણ હતું ?! કુર્આન ફર્માવે છે : وَمَنْ يَّتَّقِ اللّٰهَ يَجْعَلْ لَّهٗ مَخْرَجًا "જે અલ્લાહથી ડરે, અલ્લાહ તેના માટે નજાતનો માર્ગ કાઢી આપે છે." (સૂરએ તલાક઼, ૬૫/૨, કન્ઝુલ ઈમાન) અને ઈર્શાદ ફર્માવે છે : وَمَنْ يَّتَّقِ اللّٰهَ يَجْعَلْ لَّهٗ مِنْ اَمْرِهٖ يُسْرًا "જે અલ્લાહથી ડરે તેના કામમાં આસાની કરી આપે છે."

*(સૂરએ તલાક઼, ૬૫/૪, કન્ઝુલ ઈમાન)*

આપણી (ઉલમાની) મેહફિલોમાં બેસનારા દરેક શખ્સમાં ખુદાના ખૌફ તથા ડરના જલ્વા નજર આવવા જોઈએ. અફસોસ ! કે આપણે ઐશ પસંદ અને ગાફિલ બનતા જઈ રહ્યા છીએ. આપણી અવામ હક્કના માર્ગેથી ભટકીને ઈર્તેદાદ (દીનથી વિમુખતા)ની તરફ ઝડપભેર આગળ વધી રહી છે, એના પર આપણુ ધ્યાન નથી જતુ ! આપણને જે ચેલેન્જોનો સામનો છે તેની આપણને સમજ હોવી જોઈએ (એનુ જ્ઞાન આપણા સુધી લાધવુ જોઈએ) આજે જે રીતે મુસ્લિમ ઉમ્મતમાં દીનથી ભાગવાની તથા વિમુખતાની લહેર પેદા થઈ રહી છે તે જોતાં જો આપણે આ સમસ્યાનું સમયસર સમાધાન ન કર્યું તો ડર છે કે આ સૈલાબ (પુર) ક્યાંક મુસ્લિમ ઉમ્મતને વહાવીને લઈ ન જાય !

પહેલાંની સરખામણીમાં હવે ઉલમાએ કિરામની જિમ્મેદારીઓ વધી ચૂકી છે. આપણે ગફલતની ઊંઘથી જાગૃત થઈને મુસ્લિમ ઉમ્મતની એક એક વ્યક્તિને સમજાવવા અને રાહે હક્ક પર ચલાવવાની જરૂરત છે. તેમને ઈલ્મના અલંકારથી શણગારવા પડશે. પોતાની અવામ (પબ્લિક)ના ફાયદા માટે કામ કરવું પડશે. આપણી પબ્લિકને અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતના રસૂલ ﷺ અને અલ્લાહના વલીઓની નજીક કરવી પડશે.

જો આપણે એ આબાદીઓ તથા વસ્તીઓનું નિરીક્ષણ કરીએ જ્યાં ઉલમા નથી તો જાણવા મળશે કે ત્યાંના હાલાત બદથી બદ્તર થતા જઈ રહ્યા છે. અને ઘણા બધા તે વિસ્તારોમાં જ્યાં ઉલમા મૌજૂદ છે ત્યાં પણ મોટાભાગની પબ્લિકને સહીહ રીતે કલમો યાદ નથી અને ન તો એના તક઼ાદાઓથી વાકેફ છે. તેઓ આક઼ાએ કરીમ ﷺની સીરતથી નાવાકેફ છે, તેમને કુર્આન પઢતાં નથી આવડતુ ! તો એમાં જેવી રીતે આપણી અવામનો

www.barkatekhwaja.net

વાંક છે ત્યાં જ ક્યાંકને ક્યાંક આપણે (ઉલમા) પણ એના બારામાં જવાબદાર ઠરીશું.

ઉલમાએ કિરામની જિમ્મેદારી એ છે કે આખેરતની મંઝિલ પોતાની સામે રાખે અને અલ્લાહની અતા કરેલ ઈલ્મી દૌલત અને નબી ﷺના વારસા (ઈલ્મ)ને વહેંચવામાં ખૂબ જ મહેનત કરે. જો આપણે ઐશો ઈશ્રત (મોજ મજા આરામ)ની જિંદગી અપનાવી અને મક્સદથી ગાફેલ રહ્યા તો અલ્લાહ ﷻ સમક્ષ તથા રસૂલ ﷺ સમક્ષ આપણે જવાબ આપવો પડશે ! અને આપણે આપણા રસૂલ ﷺને મોં દેખાડવાને લાયક પણ ન રહીશું.

આપણે ઈલ્મ શા માટે હાંસલ કર્યો ? જો ઈલ્મ પ્રાપ્તિનો હેતુ ઈલ્મનો ફેલાવો, દીનનો, મઝહબનો ફેલાવો અને મખ્લૂક્ની ખિદમત નથી તો પછી અન્ય ક્યો હેતુ છે ?! જ્યાં સુધી રોજી રોટીનો સવાલ છે તો આપણે એની કાંઈ વધારે ફિકરની જરૂરત નથી. અલ્લાહ કરીમનો વાયદો : یٰۤاَیُّهَا الَّذِیْنَ اٰمَنُوْۤا اِنْ تَنْصُرُوا اللّٰهَ یَنْصُرْكُمْ وَ یُثَبِّتْ اَقْدَامَكُمْ ("હે ઈમાનવાળાઓ ! જો તમે ખુદાના દીનની મદદ કરશો તો અલ્લાહ તમારી મદદ કરશે અને તમારા ક્દમ જમાવી દેશે." સૂરએ મુહમ્મદ, ૪૭/૭, કન્ઝુલ ઈમાન) બર હક્ક્ છે કે, : "જો આપણે એના દીનની ખિદમત ઈખ્લાસ તથા લિલ્લાહિયતની સાથે કરતા રહીશું તો તે આપણને મેહરૂમ નહીં કરે, બલ્કે આપણી મદદ કરશે." હદીષે પાકના પ્રમાણે "ઉલમાના માટે સમંદરની માછલીઓ પણ દુઆ કરે છે." અને એ પણ રિવાયતોમાં મળે છે કે, "અલ્લાહ પાક કોઈ આલિમને ફાક્। (ભૂખમરા)ના સબબે મૌત નહીં આપે."

જો આપણે આપણી જિમ્મેદારીઓ નિભાવીશું તો દુનિયાવાળાઓ પોતાની જિમ્મેદારીઓ નિભાવશે. આપણે દુનિયાના માટે દીનનું કામ નથી કરવાનું બલ્કે ઈખ્લાસની સાથે એટલા માટે દીનનું કામ કરવાનું છે કે આપણે ક્યામતના દિવસે અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰهُ عَلَیْهِ وَسَلَّمَની બારગાહમાં ખુશ ખુશ રહી શકીએ. હવે કેટલીક અન્ય વાતો રણનીતિ રૂપે આપ હઝરતની ખિદમતમાં પેશ કરીએ છીએ, જો યોગ્ય સમજો તો અમલી સ્વરૂપ આપશો.

www.barkatekhwaja.net

૦૧. ઠેક ઠેકાણે **મક્તબો** ખોલવાની ફિકર કરો જેમાં **તજવીદની સાથે કુર્આન** પઢવા પઢાવવાની વ્યવસ્થા કરવામાં આવે.

૦૨. આપ દીનની પાયાની વાતો દા.ત. વુઝૂ, ગુસ્લ, તયમ્મુ, નમાઝ વગેરે શીખવવામાં શરમ ન અનુભવો.

૦૩. સમયને વેડફવાથી બચો. વોટસઅપ, ફેસ બુક તથા અન્ય સોશ્યલ મીડિયાનો વપરાશ ફક્ત જરૂરત પૂરતો જ કરો.

૦૪. તમારી સર્વ ઉમ્મીદો અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતથી જોડાયેલી રાખો. અવામથી પોતાની ઉમ્મીદો તદ્દન સંબંધિત ન રાખો.

૦૫. પોતાનું જાહેર તથા બાતિન (અંતર) દુરુસ્ત કરવાની કોશિશ કરો. માણસ જાહેરને જુએ છે, અલ્લાહ બાતિન (દિલ, અંતર)ને જુએ છે.

૦૬. પોતાના તે અસ્લાફ (પૂર્વજ બુઝુર્ગો)ની જિંદગીઓનો અભ્યાસ કરો જેમની જિંદગી આપણા માટે હુજ્જત તથા દલીલ છે.

૦૭. દરેક આલિમે દીન કિતાબ તથા સુન્નતથી (કુર્આન તથા હદીષથી) પોતાનો સંબંધ મજબૂત કરે અને નમાઝમાં કોઈ પ્રકારની ઉણપ ન વર્તે.

૦૮. હઝરત સૈયદુલ ઉલમા رحمۃ اللہ علیہના ઈર્શાદ પ્રમાણે **ઉલમા દરરોજ બસો પેજોનો અભ્યાસ કરે.**

૦૯. ઉલમાએ કિરામ **આપસમાં બેસે તો ઈલ્મી ચર્ચા** કરે.

૧૦. **અવામમાં** બેસે તો તેમને **દીની વાતો શીખવાડે.**

૧૧. બાળકો તથા બાળકીઓની અર્વાચીન તથા દીની તા'લીમના માટે ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ્સ સ્થાપિત કરે.

૧૨. પોત પોતાના વિસ્તારોમાં નાની નાની લાયબ્રેરીઓ સ્થાપો.

૧૩. ઉલમાએ કિરામ તક્રીર કેવળ તક્રીર કરવા પૂરતા નહીં બલ્કે **તક્રીરથી લોકોના ઘડતર** તથા **તબ્લીગ માટેનો મિજાઝ** પેદા કરે.

૧૪. જ્યાં પણ ખિતાબ (તક્રીર) માટે બોલાવવામાં આવે ત્યાંની અવામની દીની સ્થિતિનું નિરીક્ષણ કરે અને અમુક સમય રોકાણ કરીને તેમને મશવરાઓથી નવાઝે અથવા એવી જમાઅતની રચના કરે જે આપના ચાલ્યા ગયા પછી પણ દીની કામોમાં વ્યસ્ત રહે. પછી એ જમાઅતની નિગરાની કરે અને જમાઅતના સભ્યોમાં ઈખ્લાસ પેદા કરે.

૧૫. તેમને સંજોગોની ખતરનાકીઓનો એહસાસ અપાવે અને તેમની અંદર નુકસાનનો એહસાસ પેદા કરે. અવામ તો અવામ છે આપણા જેવા ઉલમા કહેવડાવનારાની અંદર પણ ભાવિના ખતરાઓ અને વર્તમાનની ચેલેંજોથી વાકેફિયત નથી હોતી.

www.barkatekhwaja.net

આજે પૂરી દુનિયામાં ઈસ્લામ એક મઝલૂમતરીન સચ્ચાઈ છે અને દુનિયાભરની સર્વ શક્તિઓ ઈસ્લામી કાનૂનોને નાબૂદ કરવા ખડી થયેલી છે. અને એક આયોજનબદ્ધ હેતુ હેઠળ ઈસ્લામની નિશાનીઓને મિટાવવાની કોશિશ કરવામાં આવી રહી છે.

મુસ્લિમ નવજવાનોને ઈસ્લામથી દૂર કરવા અને કુફ્ર તથા ઈર્તેદાદ (દીન ફરી જવા) તરફ વાળવા માટે ગેર મુસ્લિમ શક્તિઓ પોતાના સર્વ ભૌતિક માધ્યમો અપનાવી રહી છે. ઈસ્લામી અક્રીદાઓ તથા અમલો, ઈસ્લામી અખ્લાક્ (સંસ્કૃતિ), ઈસ્લામી મૂલ્યોથી (માન્યતાઓથી) નફરત પેદા કરવાના માટે દરેક શક્ય તે કોશિશ થઈ રહી છે.

અક્રીદાઓના પ્રકરણમાં તૌહીદ તથા રિસાલતના અક્રીદાઓથી વિમુખ કરવાની કોશિશ કરવામાં આવી રહી છે અને શિર્કમય અમલોની તરફ આકર્ષણ આવી રહ્યું છે. મુસ્લિમ ઉમ્મત સામે સંસ્કૃતિઓના ખેંચતાણની ચેલેંજનો પણ સામનો છે.

**–ખાકસાર મુહમ્મદક્મરુઝ્ઝમાખાં આ'ઝમી મિસ્બાહી**

*સેક્રેટરી જનરલ વર્લ્ડ ઈસ્લામિક મિશન–લંડન*

# દર્સે હદીષે પાક
## મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ
## એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-૨)

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી **અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની** رحمۃ اللہ علیہ
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

*''હઝરત જુબૈર ઈબ્ને મુત્અમથી રિવાયત છે. ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺ ને મગરિબમાં સૂરએ તૂર પઢતા સાંભળ્યા.[1] (મુસ્લિમ, બુખારી)*

**૧.** એટલે કે મગરિબની બંનેવ રાકાતોમાં પૂરી સૂરએ તૂર પઢતા હતા, અથવા તૂરની અમુક આયતો જે કાંઈ પણ હોય. આ બયાન જવાઝના માટે છે, નહીં તો મગરિબમાં ક઼ેસારે મુફસ્સલની સૂરતો પઢવી. મુસ્તહબ છે. સૂરએ તૂરમાં ૪૯ આયતો છે. જો એ પૂરી સૂરત મગરિબમાં પઢવામાં આવે તો પણ સમય તંગ નથી પડતો.

*''ઈમામ ફઝ્લ બિન્તે હારિષથી રિવાયત છે.[1] ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺ ને મગરિબમાં وَالْمُرْسَلٰتِ عُرْفًا પઢતા સાંભળ્યા.[2]'' (મુસ્લિમ, બુખારી)*

**૧.** પ્રથમ વર્ણવવામાં આવી ગયું છે કે આપ હુઝૂરનાં કાકી એટલે હઝરત અબ્બાસનાં પત્ની અને અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ તથા ફઝ્લ ઈબ્ને અબ્બાસના વાલિદા છે.

**૨.** આ બનાવ કદી કદી બન્યો તે પણ જવાઝ (જાઈઝ હોવાના) બયાનના માટે. ગાલિબ એ છે કે પૂરી સૂરત એક અથવા બંનેવમાં પઢી.

*''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે હઝરત મઆઝ બિન જબલ નબી કરીમ ﷺ ની સાથે નમાઝ પઢતા હતા. પછી આવીને પોતાની ક઼ૌમની ઈમામત કરતા.[1] એક રાત્રે નબી કરીમ ﷺ ની સાથે ઈશા પઢી પછી પોતાની ક઼ૌમમાં આવ્યા, તેમના ઈમામ બન્યા અને સૂરએ બક઼રહ શરૂ કરી દીધી તો એક શખ્સ ફરી ગયો[2] કે તેણે સલામ ફેરવીને એકલા નમાઝ પઢી અને ચાલ્યો ગયો. લોકોએ કહ્યું, હે ફલાણા ! શું તું મુનાફિક થઈ ગયો ? બોલ્યો, નહીં ! રબની ક઼સમ ! હું નબી ﷺ ની ખિદમતમાં જઈશ અને આપને એ ખબર આપીશ.[3] પછી તે હુઝૂર ﷺ ની ખિદમતમાં હાજર થયો અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અમે લોકો ઊંટવાળા છીએ[4] દિવસભર કામ કરીએ છીએ અને હઝરત મઆઝે આપની સાથે નમાઝ પઢી પછી પોતાની ક઼ૌમમાં આવ્યા અને સૂરએ બક઼રહ શરૂ કરી દીધી[5] ત્યારે રસૂલુલ્લાહ ﷺ મઆઝ પ્રતિ ધ્યાનિત થયા અને ફર્માવ્યું, હે મઆઝ ! શું તમે ફિત્નાગર છો ? وَالشَّمْسِ وَضُحٰهَا તથા وَالضُّحٰى તથા وَاللَّيْلِ إِذَا يَغْشٰى તથા سَبِّحِ اسْمَ رَبِّكَ الْأَعْلَى પઢયા કરો.[6]''*

*(મુસ્લિમ, બુખારી)*

**૧.** જાહેર એ છે કે હઝરત મઆઝ હુઝૂર ﷺ ની સાથે નફલ પઢી લેતા હતા. પછી પોતાની ક઼ૌમમાં આવીને તેમને ફર્ઝ પઢાવતા હતા. કેમ કે આ હદીષમાં એ ઉલ્લેખ નથી કે આપ પહેલા ફર્ઝ પઢતા હતા અને બાદમાં નફલ. તેમજ આ ફેઅલ તો હઝરત મઆઝનો છે અને એના રાવી હઝરત જાબિર છે. અને કોઈની નિય્યત કેવળ અંદાઝાથી

www.barkatekhwaja.net

જાણી નથી શકાતી. અને જો આપ, હુઝૂર ﷺની સાથે સાથે ફર્ઝ જ પઢતા હોય તો પોતાની ક઼ૌમની સાથે ફર્ઝ જ પઢતા હતા. અને આ તે જમાનાનો બનાવ છે જ્યારે એક ફર્ઝ બેવાર પઢવામાં આવતા હતા. બાદમાં એ હુકમ મન્સૂખ થઈ ગયો. જેમ કે હઝરત ઈબ્ને ઉમર ફર્માવે છે, અમને એક ફર્ઝ બે વાર પઢવાથી મના કરવામાં આવ્યું. અને આ હુઝૂર ﷺની પાછળ ફર્ઝ જ પઢતા હોય અને પોતાની ક઼ૌમની સાથે નફ્લ તો એ આપનો ઈજતેહાદી અમલ છે, જેની હુઝૂરને ખબર આપવામાં આવી ન હતી. ખબર થતાં હુઝૂરે તેને મના કરી આપ્યું. જેમ કે ઈમામ અહમદે હઝરત સુલૈમ સલમાથી રિવાયત કરી કે જ્યારે હુઝૂરની બારગાહમાં હઝરત મઆઝનો આ બનાવ રજૂ કરવામાં આવ્યો તો આપે ફર્માવ્યું, હે મઆઝ ! તમે ફિત્નાગર ન બનો ! મારી સાથે જ નમાઝ પઢયા કરો અથવા તમારી ક઼ૌમને હલકી નમાઝ પઢાવ્યા કરો. સારાંશ કે આ હદીષ હનફીઓની વિરૂધ્ધ નથી. અને એનાથી એ હરગિઝ સાબિત નથી થતુ કે નફલવાળા પાછળ ફર્ઝવાળાની નમાઝ જાઈઝ છે. એની અધિક તેહક઼ીક઼ અમારી કિતાબ જાઅલ હક઼ ભાગ–૨ માં જુઓ. યાદ રાખશો કે ફર્ઝવાળા પાછળ નફલવાળાની નમાઝ જાઈઝ છે, પણ નફલવાળા પાછળ ફર્ઝવાળાની નમાઝ જાઈઝ નથી. કેમ કે તિર્મિઝી, અબૂ દાઊદ, અહમદ વગેરેમાં છે કે હુઝૂર ફર્માવે છે : اَلْاِمَامُ ضَامِنٌ "ઈમામ જામિન છે." એટલે મુક઼તદીની નમાઝ ઈમામના હેઠળ છે. અને જાહેર છે કે ફર્ઝ નફલને પોતાના હેઠળ લઈ શકે છે, ન કે નફલ ફર્ઝને. *(અઝ : લમ્આત)*

**૨.** એટલે કે એક સાહબે જમાઅતથી નમાઝ શરૂ કરી, પણ જ્યારે હઝરત મઆઝે સૂરએ બક઼રહ શરૂ કરી તો તે સમજી ગયા કે આપ પૂરી સૂરએ બક઼રહ પઢશો, તો તે નમાઝ તોડીને જમાઅતથી નીકળી ગયા અને અલગથી ફર્ઝ પઢીને ચાલ્યા ગયા. એ સાહબ ખરામ ઈબ્ને અબી કઅબ અન્સારી છે, જેવું કે મિર્ક઼ાત વગેરેમાં છે.

**૩.** આ પરથી અમુક મસ્અલા જાણવા મળ્યા. એક એ કે જમાઅતે ઉલાના સમયે જમાઅતથી અલગ રહેવું મુનાફિક઼તની નિશાની છે, ભલે અલગથી નમાઝ પઢે, અલગ બેઠો રહે. બીજુ એ કે મુકતદીઓ પર ઈમામનુ માન સાચવવું લાઝિમ છે, બને ત્યાં સુધી એમના પર મહેણા ટોણા ટીકાટીપ્પણ માટે જીભ લાંબી ન કરે. જુઓ હઝરત ખરામ તથા બીજા સહાબીઓએ હઝરત મઆઝથી લડાઈ શરૂ નથી કરી દીધી, બલ્કે હુઝૂર ﷺની બારગાહમાં શિકાયત રજૂ કરી, હુઝૂરે તેમને સમજાવ્યા. ત્રીજુ એ કે મસ્જિદના ઈમામની શિકાયત ઈસ્લામી બાદશાહ અથવા ઈસ્લામના ક઼ાઝીને કરી શકે છે તે ઈમામને સમજાવી બુઝાવી દે, એમાં કોઈ વાંધો નથી, એ સહાબાની સુન્નતથી સાબિત છે.

**૪.** نواضحاناضیحه એ ناضیحه "નવાદ઼િહ઼ એ નાદિહા"નું બહુવચન છે. નાદ઼િહ઼ તે ઊંટણી છે જે ખેતરને પાણી આપે ચાહે એ રીતે કે રેંટ ચલાવે અથવા એ રીતે કે દૂરથી પાણી એના પર લાદીને લાવવામાં આવે અને ખેતરોમાં ફેંકવામાં આવે. શિકાયતનો ખુલાસો એ છે કે અમે લોકો દિવસભર કામકાજના કારણે થાકી જઈએ છીએ, રાતે લાંબી ક઼િરાઅતથી નમાઝ નથી પઢી શકતા.

**૫.** જાહેર એ છે કે આ શિકાયત હઝરત મઆઝની હાજરીમાં થઈ. અને એમની પીઠ પાછળ થાત તો ગીબત નહીં બલ્કે સુધારણા છે. જેવી રીતે ઉસ્તાદથી અમુક શાગિર્દોની શિકાયત કરવી. જેથી હદીષ પર કોઈ વાંધો નથી.

**૬.** એટલે કેમ કે તમારી પાછળ કારોબારી લોકો પણ હોય છે અને મહેનત મજૂરી કરવાવાળા પણ, જેથી તેમનાથી ટૂંકી નમાઝ પઢાવ્યા કરો. આ બનાવ પરથી અમુક મસ્અલા જાણવા મળ્યા : એક એ કે મુક઼તદી જરૂરતના સમયે નમાઝ તોડી શકે છે, કેમ કે હુઝૂર ﷺએ એ સાહબ પર નમાઝ તોડવાના કારણે ચેતવણી ન કરી. એવું ન કહ્યું કે તમે એ નમાઝ પઢી લીધી હોત પછી મને ફરિયાદ કરી હોત. બીજુ એ કે નમાઝ તોડવી હોય તો સલામ ફેરવી દે કે એ સલામ જો કે કસમયે છે પણ તેને નમાઝથી બહાર કરી દેશે. અને જો આમ સલામ ફેરવ્યા વિના નમાઝથી ફરી જાય તો પણ દુરુસ્ત છે. ત્રીજુ એ કે ઈમામ પર લાઝિમ છે કે મુકતદીઓના હાલાતનો ખયાલ રાખે કે જેથી લોકો જમાઅતથી બદદિલ ન થઈ જાય.

www.barkatekhwaja.net

યાદ રાખશો કે અહીં હુઝૂરે હઝરત મઆઝને તરતીબ વિરૂધ્ધ સૂરતો પઢવાની ઈજાઝત નથી આપી, જેવું કે અમુક શરહકર્તાઓએ સમજ્યું. બલ્કે દષ્ટાંત રૂપે એ સૂરતોનો ઉલ્લેખ કર્યો કે એના જેવી સૂરતો તથા આયતો પઢી લીધા કરો.

*"હઝરત બરાઅ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે મેં નબી ﷺ ને ઈશામાં وَالتِّيْنِ وَالزَّيْتُوْنِ (વત્તીનિ વઝ્ઝયતૂન) પઢતા સાંભળ્યા, અને આપથી વધુ ખુશ અવાજ કોઈને ન સાંભળ્યો.[1]" (મુસ્લિમ, બુખારી)*

**૧.** જાણવા મળ્યું કે હુઝૂર ﷺ ખૂબ જ ખુશ આવાઝ હતા. ઈબ્ને અસાકિરની રિવાયતમાં છે કે અલ્લાહ તઆલાએ કોઈ નબી બદશકલ અથવા બદઆવાઝ નથી મોકલ્યા. દરેક નબી અતિશય ખૂબસૂરત અને ખુશ આવાઝ થયા. બયહકી શરીફમાં છે કે હુઝૂરે અન્વર ﷺ ખૂબ જ સરસ અવાજવાળા અને બુલંદ અવાજવાળા હતા કે આપની નમાઝની તિલાવત સ્ત્રીઓ ઘરોમાં આસાનીથી સાંભળી લેતી હતી. (મિર્કાત) સારાંશ કે રબ તઆલાએ પોતાના મહબૂબ ﷺ ને દરેક અંદાઝે મહબૂબાના બખ્શ્યો.

*"હઝરત જાબિર ઈબ્ને સમૂરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે નબી ﷺ ફજરમાં قٓ وَالْقُرْاٰنِ الْمَجِيْدِ (કાફ-વલ્કુર્આનિલ મજીદ) વગેરે પઢયા કરતા હતા. પછી બાદમાં આપની નમાઝ કાંઈક હલકી થઈ ગઈ.[1]" (મુસ્લિમ)*

**૧.** એટલે કે શરૂમાં જ્યારે સહાબીઓ થોડા હતા તો આપ ફજરની નમાઝ ખૂબ લાંબી પઢયા કરતા હતા. જ્યારે સહાબીઓની સંખ્યા વધી ગઈ અને એમાં મોટાભાગે કામકાજવાળા હતા તો ફજર હલકી પઢાવવાની શરૂ કરી દીધી જેથી તેમને તકલીફ ન પડે. અથવા એ મલતબ છે કે હુઝૂર ﷺ ફજરમાં લાંબી તિલાવત કરતા અને બાદમાં નમાઝોમાં ટૂંકી તિલાવત કરતા. આજે પણ સુન્નત એ છે કે ફજરની નમાઝ લાંબી પઢવામાં આવે, એમાં ઘણી હિકમતો છે. પણ પ્રથમ અર્થ અધિક સ્પષ્ટ છે.

**૨.** આપની કુન્નિયત અબૂ સઈદ છે. કર્શી છે. મખ્ઝૂમી છે. હુઝૂરે પાક ﷺ ની વફાતના સમયે સમયે આપની ઉમર બાર વરસની હતી. હુઝૂર ﷺ એ આપના માથા પર હાથ ફેરવ્યો છે અને બરકતની દુઆ આપી છે.

*'અમ્ર ઈબ્ને હુરૈષથી રિવાયત છે તેમણે નબી ﷺ ને ફજરમાં وَالَّيْلِ اِذَا عَسْعَسَ પઢતાં સાંભળ્યા.[1]" (મુસ્લિમ)*

**૧.** એનાથી મુરાદ اِذَا الشَّمْسُ كُوِّرَتْ છે. કેમ કે એ શબ્દો એ સૂરત શરીફમાં આવે છે એટલા માટે શબ્દો વડે એ સૂરત વર્ણવી એ સૂરત 'તવાલે મુફસ્સલ' છે. એમાં ૨૯ આયતો છે.

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને સાઈબ رضی اللہ عنہ થી[1] રિવાયત છે. ફર્માવે છે કે અમને રસૂલુલ્લાહ ﷺ એ મક્કામાં ફજરની નમાઝ પઢાવી.[2] સૂરએ મુઅમિનૂન શરૂ કરી ત્યાં સુધી કે મૂસા તથા હારૂનનો ઝિક અથવા ઈસાનો ઝિક આવ્યો તો નબી ﷺ ને ખાંસી આવી ગઈ તો રુકૂઅ કરી લીધો." (મુસ્લિમ)*

**૧.** આપ કબીલા બની મખ્દૂમથી છે. મક્કાવાસીઓના કિરાઅતે કુર્આનમાં ઉસ્તાદ છે. હઝરત ઈબ્ને કઅબના શાગિર્દ છે. ઘણા સહાબાએ આપનાથી હદીષો રિવાયત કરી.

**૨.** ફતહે મક્કાના દિવસે જેવું કે નિસાઈ શરીફની હદીષમાં છે. જેથી આ બનાવ હિજરતથી પહેલાંનો નથી, જેવું અમુકે સમજ્યું. એટલે કે આપ કિરાઅત અધિક કરવા ચાહતા હતા પણ દરમિયાનમાં ખાંસી આવી જવાના કારણે રુકૂઅ કરી આપ્યો કે ઈમામને નમાઝ દરમિયાન કોઈ આકસ્મિક બનાવ બની જાય જેથી તે કિરાઅત લંબાવી ન શકે તો રુકૂઅ કરી દે. આ પરથી ઘણા મસાઈલ મુસ્તંબિત થાય છે.

# હદાઈકે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન કાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**સુરાગે ઈં વ મતા કહાં થા નિશાન કૈફવાલી કહાં થા**
**ન કોઈ રાહી ન કોઈ સાથી ન સંગે મંઝિલ ન મરહલે થે**

*(સુરાગ – ખોજ, નિશાન. ઈં – ક્યાં, મતા – ક્યારે, કૈફ – કેવી રીતે. અલા – સુધી)*

**અર્થાત :** કોઈ શું બતાવે કે આપ ﷺ ક્યાં ગયા ? ક્યારે ગયા ? કેવી રીતે ગયા ? ક્યાં સુધી ગયા ? આ સર્વ સવાલોના જવાબો કોઈની પાસે નથી, કેમ કે ન ત્યાં ક્યારે અને ક્યાંની કલ્પના, અને કેવી રીતે ક્યાં સુધીનું નિશાન, ન કોઈ (આપના સિવાય) એ રાહનો મુસાફિર હતો, ન કોઈ આપની સાથે હતું, ન કોઈ મંઝિલનું નિશાન હતું અને ન પડાવ કરવાની જગા. આ સર્વ વાતો આલમે નાસૂત સાથે સંબંધ ધરાવે છે, એ તો આલમ જ કોઈ ઔર હતો.

**ઉધરસે પયહમ તકાઝે આના ઈધર થા મુશ્કિલ કદમ બળ્હાના**
**જલાલ વ હયબતકા સામના થા જમાલ વ રહમત ઉભારતે થે**

**અર્થાત :** પેલી બાજુ (બારગાહે રબ્બુલ આલમીન)થી મુલાકાતના વારંવાર તકાઝા થઈ રહ્યા હતા અને આ બાજુ (નબી અકરમ ﷺના માટે) અલ્લાહ તઆલાના અન્વાર તથા તજલ્લીઓ અને હૈબત તથા શૌકત, રૂઆબ તથા દબદબાના કારણે (અદબ તથા એહતેરામના તકાઝાઓને લક્ષમાં લેતાં) કદમ ઉઠાવવો મુશ્કેલ થઈ રહ્યો હતો, પણ જમાલ તથા રહમતે ખુદાવંદીએ હોસલો વધાર્યો અને મહબૂબે ખુદા ﷺએ પોતાના રબથી મુલાકાતની સદ નસીબી પ્રાપ્ત કરી.

*ઈં સઆદત બઝોરે બાઝૂ નેસ્ત–તા ન બખ્શદ ખુદાએ બખ્શન્દા*

હુઝૂર ﷺ જિબ્રઈલ અમીન સાથે એક પછી એક આસ્માનોના દરવાજા ખોલાવતા આગળ વધે છે જેનું વર્ણન કિતાબોમાં વાંચી શકો છો. લખાણ ટૂંકાવવા અત્રે નથી લખ્યું.

તે જ અંબિયાએ કિરામ જેમને હુઝૂર ﷺ મસ્જિદે અકસામાં નમાઝ પઢાવીને ગયા હતા, એમનામાંથી કોઈ પ્રથમ આસ્માન પર સ્વાગત માટે ઉભા છે તો કોઈ બીજા પર, આ પ્રમાણે દરેક આસ્માન પર કોઈ ન કોઈ નબીથી મુલાકાત થઈ. (ડયૂટીવાળા પ્રથમ પહોંચી ગયા અને સૈરવાળા નાઝથી સૈર કરતા કરતા પહોંચ્યા) છેવટે સિદરહનો મકામ આવ્યો તો જિબ્રઈલે આ પ્રમાણે કહીને માફી ચાહી કે : જો હું વાળ બરાબર પણ (અથવા આંગળીના બેડકા બરાબર પણ) આગળ જઈશ તો રબની તજલ્લીઓથી મારી પાંખો સળગી જશે. (આગળ તે જ જાય જે એના નૂરથી છે)

www.barkatekhwaja.net

**બળ્હે તો લેકિન ઝિઝકતે ડરતે હયાસે ઝુકતે અદબસે રુકતે !**
**જો કુર્બ ઉન્હીં કી રવિશપે રખતે તો લાખ મંઝિલકે ફાસલે થે**

**અર્થાત :** અલ્લાહના હુકમના પ્રમાણે આપણા આકા વ મૌલા ﷺ શર્મો હયાના પયકર બનીને ખૌફે ખુદાનો પોશાક પહેરીને ઘણા જ અદબો એહતેરામની સાથે આગળ વધતા જ ચાલ્યા ગયા. જો અંતર નિયમ મુજબની ગતિ પ્રમાણે ઓછુ હોત તો કદી ખત્મ ન થાત પણ અલ્લાહ તઆલાએ તમામ અંતરોને સમેટીને મહબૂબને قاب قوسين او ادنٰی (કાબ કૌસેન અવ અદના)ની નિકટતા અતા કરી આપી.

**પર ઉનકા બળ્હના તો નામકો થા હકીકતન્ ફેઅલ થા ઉધરકા**
**તનઝ્ઝલૂંમે તરક્કી અફઝા દના તદલ્લાકે સિલસિલે થે**

**અર્થાત :** વળી રિસલાત મઆબ ﷺનું આગળ વધતું તો નામ પૂરતુ અને કેવળ શાબ્દિક રૂપે જ હતું, નહીં તો હકીકતમાં આ ફેઅલ અલ્લાહ તઆલાની જ તરફથી હતું. (ثم دنٰی الجبار رب العزۃ પછી અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત જે જબ્બાર છે, નજીક થયો." –બુખારી) કે એ જાતે પોતાની શાનના પ્રમાણે આપ (ﷺ)ની તરફ નુઝૂલ ફર્માવ્યું. જે નુઝૂલ થઈને હુઝૂર ﷺના માટે હજારો તરક્કીઓની પૂર્વ ભૂમિકા સાબિત થઈ (એનો કુર્આનમાં આપને વાયદો કરવામાં આવ્યો : وللاٰخرۃ خير لک من الاولٰی "આપની દરેક આગલી ઘડી પાછલીથી બેહતર છે.") ત્યાં સુધી કે دنٰی فتدلّٰی فکان قاب قوسين او ادنٰی ના સિલસિલા સુધી વાત જઈ પહોંચી. હુઝૂરની મેઅરાજ કુર્બે ખુદાવંદી ઠરી અને ઉમ્મતીની મેઅરાજ કુર્બે મુસ્તફામાં છે.

www.barkatekhwaja.net

**હુવા યહ આખિર કે એક બજરા તમૂજ બહરે હૂ મેં ઉભરા**
**દનાકી ગોદીમેં ઉનકો લેકર ફનાકે લંગર ઉઠા દિયે થે**

**અર્થાત :** પછી "હૂ"ની કયામતખેઝ લહેરો (અન્વારો તજલ્લિયાત, ઝાતે બારી તઆલાની વીજળીઓ)થી એક ખૂબ જ ઉમદા કશ્તી (તૌફીકે ખુદાવંદની) જાહેર થઈ જેણે આપણા આકાને કુર્બની ગોદમાં બેસાડયા અને ફનાની સર્વ રસ્સીઓ ખોલી દીધી (લંગર ઉઠાવી દીધાં) અને ફનાઈયતના અત્યંત ઉચ્ચ મકામની તરફ લઈ ગઈ.

**કિસે મિલે ઘાટકા કિનારા કિધરસે ગુઝરા કહાં ઉતારા**
**ભરા જો મિષ્લે નઝર તરારા, વહ અપની આંખોંસે ખૂદ છુપે થે**

*(તરારા – છલાંગ મારવી)*

**અર્થાત :** વહદતના સમુદ્રનો ઘાટ કે કિનારો જ નથી, કોઈ શું બતાવે કે નૂરની નાવડી (તૌફીકે ઈલાહી) આપ ﷺને કયા કયા રસ્તેથી કયા સ્થળે લઈ ગઈ અને કયાં ઉતાર્યા, અને ઉતર્યા બાદ આપ ﷺએ કેવી રીતે છલાંગ લગાડી અને ન કેવળ અન્યોની નજરથી બલ્કે પોતાની નજરથી પણ છુપાય ગયા, એટલે કે સંપૂર્ણ ફનાઈયત હાંસલ થઈ ગઈ. (છલાંગ લગાડવાનો ભાવાર્થ એ પ્રમાણે છે કે જેવી રીતે નજર એક જ પળમાં આસ્માનને જોઈને એ જ પળે પરત આવી જાય છે. આપણી નજરની ઝડપ તથા સ્ફુર્તિ એ જ પ્રમાણે અથવા એનાથી પણ વધારે જો અલ્લાહ તઆલા પોતાના હબીબના વજૂદને અતા ફર્માવી દે તો કોઈ બાધ નથી, કેમ કે એ ઝાત અલા કુલ્લિ શયઈન કદીર (દરેક ચીજ માટે શક્તિમાન) છે.

**ઉઠે જો ફ઼સ્રે દનાકે પર્દે કોઈ ખબર દે તો ક્યા ખબર દે**
**વહાં તો જા હી નહીં દૂઈ કી ન કહ કે વોહી ન થે અરે થે**

**અર્થાત :** (આપ ﷺએ ફર્માવ્યું : لی مع اللہ وقت لا یسعنی فیہ ملک مقرب ولا نبی مرسل "મારા તથા ખુદાની વચ્ચે એક એવો સમય પણ આવ્યો કે જેમાં ન કોઈ મુક઼ર્રબ ફરિશ્તો આડ થઈ શકે અને ન તો કોઈ નબી રસૂલ." દૂઈના ખત્મ થતાં એ જ મુરાદ છે કે મુલાકાતના વખતે કેવળ હું જ હતો, અન્ય બીજુ કોઈ ન હતું. અથવા ખુદાની હસ્તી જ હતી અથવા મુસ્તફાની હસ્તી જ હતી.) કુર્બના મહેલના સર્વ પર્દાઓને ઉઠાવી દેવામાં આવ્યા, હવે આગળ કોણ બતાવે કે શું થયું. દૂઈની તો ત્યાં ગુંજાઈશ જ ન હતી, પણ એ જ સમજ્યું કે આપ ﷺ પણ ત્યાં ન હતા. (દૂઈ ન હોવાનો એ અર્થ નથી) અરે ખુદાના બંદા આપ તો ત્યાં જ હતા. આપના જ માટે તો સર્વ કાંઈ કરવામાં આવ્યું હતું.

**વો બાગ કુછ ઐસા રંગ લાયા કે ગુન્ચા વ ગુલકા ફરક ઉઠાયા**
**ગિરહમેં કલિયોં કે બાગ ફૂલે ગલોંકે તુકમે લગે હુએ થે**

**અર્થાત :** એ ગુલશને વહદતમાં કાંઈક એવો મન્ઝર જોવા મળ્યો કે કલી તથા ગુન્ચો પણ ચમકીને ફૂલ દેખાવા માંડયો. (સૂફ઼િયાની ઈસ્તેલાહમાં એને તવજ્જોહે ઈત્તેહાદી કહે છે જેનું દષ્ટાંત ખ્વાજા બાક઼ી બિલ્લાહ અને રસોયાનો બનાવ બની શકે છે. એનો મતલબ બેનું એક થઈ જવું નથી હોતુ બલ્કે એક જેવા દેખાવું છે જેમ કે બંદા તથા અલ્લાહ તઆલાની સિફતો જાહેરી રીતે શાબ્દિક એતબારથી એક જેવી છે. દા.ત. સમીઅ, બસીર, મો'મિન, ગની..... બંદા પણ છે અને અલ્લાહ પણ છે, તેમ છતાં પણ ક઼દીમ તથા હાદિષ, મુસ્તક઼િલ ગૈર મુસ્તક઼િલ, ઝાતી તથા અતાઈનો ફરક એના સ્થાને યથાવત રહેશે) કલીઓના દામનમાં પણ ફૂલો ખીલી ઉઠયાં અને ગુલશન મહેકવા લાગ્યા અને તેમના ગરેવાનના બટનોની જગાએ પણ ફૂલ જ સજેલાં હતાં.

www.Durbarekhwaja.net

**મુહીત વ મર્કઝમેં ફ઼ર્ક મુશ્કિલ રહે ન ફ઼ાઝિલ ખુતૂત વાસિલ**
**કમાને હૈરતમેં સર ઝુકાએ અજીબ ચક્કરમેં દાઈરે થે**

**અર્થાત :** દાઈરએ મર્કઝ (વર્તુળનું કેન્દ્ર જ્યાં કાર રાખવામાં આવે છે)માં (આપણા જેવાઓ માટે ફરક઼ કરવો મુશ્કેલ થઈ ગયો) જુદાઈ તથા મિલાપવાળી સર્વ રેખાઓ આપસમાં મળી ગઈ. કમાનો હેરાન થઈને (આશ્ચર્યમાં) માથુ નમાવીને બેઠી હતી અને દાઈરો અજીબ ચક્કરમાં હતો. દાઈરાથી કાઈનાત (સૃષ્ટિ) મુરાદ છે. અને આ શેઅર ઈલ્મે જોમેટ્રી (ભૂમિતિ)ની ઈસ્તેલાહ લેમિટંગ પોઝિશનના ઝરીયા વાત સમજાવવાની કોશિશ કરવામાં આવી છે.

**હિજાબ ઉઠનેમેં લાખોં પર્દે, હરેક પર્દેમેં લાખોં જલ્વે**
**અજબ ઘળી થી કે વસ્લ વ ફ઼ુર્ક઼ત જનમકે બિછળે ગલે મિલે થે**

**અર્થાત :** એક એક પર્દાના ઉઠવા પર લાખો નૂરના પર્દા જાહેર થઈ જતા અને દરેક પર્દાથી લાખો જલ્વાઓ જાહેર થઈ જતા. કેવી અજીબ ઘડી હતી ! એવું લાગી રહ્યું હતું કે જુદાઈ તથા મિલાપ જે દિવસે પેદા થયાં ત્યારથી આજ સુધી આપસમાં સ્પષ્ટ નથી મળ્યાં, અને હવે મુલાક઼ાત થઈ છે તો ખૂબ ગળે મળી રહ્યાં છે !

કેટલો સ્પષ્ટ શેઅર છે કે આ'લા હઝરત તો ફર્માવી રહ્યા છે કે "વસ્લ વ ફુર્કત જનમ કે બિછળે ગલે મિલે હૈં" પણ બુરુ થાય પૂર્વગ્રહ તથા સંકૂચિત દષ્ટિનું કે આ'લા હઝરતના દુશ્મનો આપ رحمۃ اللہ علیہ પર ઈલ્ઝામ લગાડે છે કે આ'લા હઝરતે અલ્લાહ તથા રસૂલ صلی اللہ علیہ وسلمને સરખા દર્શાવીને મિલાવી દીધા છે અને અલ્લાહનો જનમ સાબિત કરી આપ્યો છે. نعوذ باللہ، استغفر اللہ. لا حول ولا قوۃ الا باللہ العلیٰ العظیم، لعنۃ اللہ علی الکذبین પણ તેમના પોતાના બુઝુર્ગ (મઆઝલ્લાહ ! નક્લે કુફ્ર ન બાશદ) ખુદાની ગોદમાં પણ બેસી જાય તો પણ કાંઈ વાંધો નહીં.

*–(જુઓ સવાનેહે ક઼ાસમી, ૧/૧૩૨)*

**ઝબાનેં સૂખી દિખાકે મૌજેં તળપ રહી થીં કે પાની પાએેં**
**ભંવરકો યહ ઝોઅફે તશ્નગી થા કે હલકે આંખોંમેં પળ ગયે થે**

**અર્થાત :** વહદતના દરિયાના મોજાંઓ પણ શુષ્ક ઝબાનની શિકાયત કરી રહ્યાં હતાં અને ભંવર ખુદ એટલાં તરસ્યાં જણાય રહ્યાં હતાં કે તરસની તકલીફના કારણે આંખો પર વર્તુળો પડી ગયાં હતાં અને આંખો ધસતી જઈ રહી હતી. (ધમાકાના લેખક કદાચ આ શેઅર પર એ વિવેચન કરવાનું ભૂલી ગયા છે ! અહીં તો એનો બુરો હેતુ અધિક વધુ આસાનીથી પૂરો થઈ શકતો હતો કે કહી દેતા, "જુઓ ! અહમદ રઝાએ અલ્લાહની જીભ પણ સાબિત કરી આપી ! ઝબાનનું સૂકાવુ પણ સાબિત કરી આપ્યું, પાણીની ફરિયાદ કરવું પણ સાબિત કરી આપ્યું ! આ રીતે પૂરાં એક ડઝન કુફ્ર સાબિત થઈ જતાં ! استغفر اللہ۔ تعالیٰ عن ذالک علوا کبیرا દીનના દુશ્મનોના આ દુશ્મનીભર્યા રવૈયાની અસર ખત્મ કરવાના માટે પોતાના મીઠા મહબૂબના મધથી વધુ મીઠા નામનો વિર્દ કરો જેથી ઝહેરની અસર ખત્મ થઈ જાય અને મહોબ્બતના માહોલમાં આગલા શેઅરોની શરહ શરૂ કરીએ.

**વહી હૈ અવ્વલ વહી હૈ આખિર વહી હૈ બાતિન વહી હૈ ઝાહિર**
**ઉસીકે જલ્વે ઉસીકો મિલને ઉસીસે ઉસકી તરફ ગયે થે**

**અર્થાત :** અલ્લાહ તઆલા જ અવ્વલ છે, તે જ આખિર છે તે જ ઝાહિર છે તે જ બાતિન છે. અને હુઝૂર صلی اللہ علیہ وسلم અલ્લાહ તઆલાનો ખાસ જલ્વો છે. તો ખુદાનો જલ્વો ખુદાને મળવા, જે ખુદા તરફથી જ જમીનની તરફ આવ્યો હતો. (قد جاء کم من اللہ نور) ખુદાની તરફ જ ચાલ્યો ગયો. આ શેઅરમાં ઝમાઈરનો રાજેઅ તથા મરજઅ માલૂમ ન હોવાના કારણે અમુક લોકોએ એના ઉપર પણ ઘણા વાંધાઓ ઉઠાવીને આસ્માનને માથે ઉઠાવી લીધું, પણ અમારી સ્પષ્ટતા પર વાંચકોએ વિચારણા કરી હશે કે એને વાંચ્યા બાદ કોઈ પ્રકારનો સવાલ દિમાગમાં પેદા જ નથી થતો. જો કે શયખ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہએ અવ્વલ તથા આખિર, જાહેર તથા બાતિન હુઝૂર صلی اللہ علیہ وسلمની પણ સિફતો બતાવી છે અને દરેકની ખૂબ જ સારી રીતની સ્પષ્ટતા કરી છે. જેવી રીતે રઊફ તથા રહીમ, અલ્લાહ તથા રસૂલ બંનેનાં સિફાતી નામો છે, એનાથી કોઈ ઈસ્તિહાલા લાઝિમ નથી આવતો એ જ પ્રમાણે **હુઝૂર** صلی اللہ علیہ وسلم **મખ્લૂક઼માં સૌથી અવ્વલ** છે. اول ماخلق نوری۔ کنت نبیا و اٰدم بین الماء والطین આપ સર્વ **અંબિયાએ કિરામના આખરમાં તશરીફ લાવ્યા.** انا خاتم النبیین

પોતાની અઝમત તથા શાન, મોજિઝાઓ તથા **કમાલોના લેહાઝથી એકદમ જાહેર તથા સ્પષ્ટ** છે અને પોતાની **હક઼ીક઼તના લેહાઝથી બાતિન** છે. یا ابا بکر لم یعرفنی حقیقۃ غیر ربی પરંતુ અસલમાં અને હક઼ીક઼તમાં આ સિફતો અલ્લાહ તઆલાની છે એટલા માટે શેઅરમાં એના પ્રમાણે જ તર્જુમો અધિક યોગ્ય લાગ્યો અને વળી એના પર વાંધો પણ નથી થતો.



www.barkatekhwaja.net

## (૮) નિકાહ કે બારે મેં ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ

અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ

હપ્તો : ૨૦

### ૦૧. નિકાહ પળ્હાને સે પેહલે ખુત્બા પળ્હના ભૂલ ગએ તો ક્યા નિકાહ હુવા ?

કુછ અવામ મેં યે મશ્હૂર હૈ કે નિકાહ સહીહ હોનેકે લિયે ખુત્બા ઝરૂરી હૈ, ચુનાંચે અગર કભી કોઈ આલિમ સાહબ નિકાહ પળ્હાને સે પેહલે ખુત્બા પળ્હના ભૂલ જાએ તો કુછ લોગ નિકાહકે સહીહ ન હોને કે હવાલે સે બાતેં કરતે હૂએ નઝર આતે હૈં, હાલા કે શરઅન યે બિલ્કુલ ગલત હૈ. નિકાહ સે પેહલે ખુત્બા પળ્હના સિર્ફ મુસ્તહબ હૈ લિહાઝા બગૈર ખુત્બે કે ભી નિકાહ સહીહ હો જાએગા. જૈસા કે "બહારે શરીઅત" મેં હૈ :–

"નિકાહ મેં યે ઉમૂર મુસ્તહબ હૈં : અલાનિયા હોના, નિકાહસે પેહલે ખુત્બા પળ્હના."

*(બહારે શરીઅત, જિલ્દ : ૨ હિસ્સા : ૭, સફહા : ૫)*

### ૦૨. જિન દો ગવાહોં કા રજિસ્ટર મેં નામ લિખા ગયા ક્યા સિર્ફ વહી નિકાહ કે ગવાહ હોતે હૈં ?

હમારે યહાં એક આમ તસવ્વુર યે ભી પાયા જાતા હૈ કે નિકાહ કે ગવાહ સિર્ફ વહી દોનોં હૈં જિનકો મુકર્રર કિયા ગયા ઔર જિનકા નામ નિકાહ કે રજિસ્ટર મેં લિખા ગયા, હાલાં કે ઐસા નહીં બલ્કે મજલિસે નિકાહ મેં જિત્ને ભી ઐસે લોગ મૌજૂદ હૈં જો ગવાહ બન સકતે હૈં ઔર જિન્હોં તે ઈજાબો કુબૂલ સુના વોહ સબ શરઈ તોર પર નિકાહ કે ગવાહ હૈં.

"બહારે શરીઅત" મેં હૈ :

" ગવાહ ઉસીકો નહીં કેહતે જો દો શખ્સ મજલિસે અક્દ મેં મુકર્રર કર લિયે જાતે હૈં, બલ્કે વો તમામ હાઝિરીન ગવાહ હૈં જિન્હોંને ઈજાબો કૂબૂલ સુના અગર ગવાહ બનને કે કાબિલ હોં." *(બહારે શરીઅત, જિલ્દ : ૨, હિસ્સા : ૭, સફહા : ૧૪)*

### 03. ક્યા લળકી સે ઈજાઝત લેતે વક્ત ભી દોનોં ગવાહોંકા હોના ઝરૂરી હૈ ?

અવામ મે યે મશ્હૂર હૈ કે જબ લળકી સે નિકાહકી ઈજાઝત લેને જાતે હૈં ઉસ વક્ત ભી દોનોં ગવાહો કા હોના ઝરૂરી હૈ, હાલાં કે શરીઅત કે એઅ્તેબાર સે ઐસા નહીં હૈ. ઈજાઝત કે વક્ત દોનોં ગવાહ અગર ન ભી હોં તબ ભી ઈજાઝત સહીહ હો જાએગી અલ્બત્તા દોનોં ગવાહોં કા વકીલ કે સાથ રેહના બેહતર હૈ.

"બહારે શરીઅત" મેં હૈ :

"ઓરત સે ઈઝ્ન લેતે વક્ત ગવાહોંકી ઝરૂરત નહીં યા'ની ઉસ વક્ત અગર ગવાહ ન ભી હોં ઔર નિકાહ પળ્હાતે વક્ત હો તો નિકાહ હો ગયા, અલ્બત્તા ઈઝન કે લિયે ગવાહોં કી યૂં હાજત હૈ કે અગર ઉસને ઈન્કાર કર દિયા ઔર યે કહા કે મૈં ને ઈઝ્ન નહીં દિયા થા તો અબ ગવાહોં સે ઉસકા ઈઝ્ન દેના ષાબિત હો જાએગા." *(બહારે શરીઅત, જિલ્દ : ૨, હિસ્સા : ૭, સફહા : ૧૪/૧૫)*

### ૦૪. ક્યા મોબાઈલ પર નિકાહ હો સકતા હૈ ?

કુછ લોગોં મેં મોબાઈલ પર નિકાહ કે હવાલે સે બળી ગલત ફેહમી પાઈ જાતી હૈ, ચુનાંચે સમજતે હૈં કે લળકા લળકી દોનોં અલગ અલગ જગહ હોં ઔર કોઈ આલિમ દો ગવાહો કી મૌજૂદગી મેં નિકાહ પળ્હાએ ઔર લળકા યા લળકી મોબાઈલ હી પર

અઝ : હઝરત મુફ્તી સાબિર નજમી મિસ્બાહી (સદર મજલિસે કઝા ઈદારા શરઈય્યહ–ભરૂચ, C/o. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, જિ. ભરૂચ)

www.barkatekhwaja

કૂબૂલ કરે તો નિકાહ હો જાએગા, **જબ કે શરઅન ઈસ તરહ નિકાહ સહીહ નહીં હોતા.** હાં ! એક **સહીહ ઔર આસાન તરીકા** યે હે કે લળકા યા લળકી મોબાઈલ કે ઝરીઆ **કિસી કો વકીલ બના દે** ફિર વોહ વકીલ લળકે યા લળકી કે પાસ જા કર દો ગવાહોં કી મૌજૂદગી મેં નિકાહ પળ્હા દેં તો ઈસ તોર પર નિકાહ સહીહ હો જાએગા ઔર ઈસ મેં શરઈ તોર પર કોઈ ખરાબી ભી નહીં રહેગી.

હુઝૂર સિરાજુલ્ફુકહા મુહક્કિકે મસાઈલે જદીદા મુફ્તી નિઝામુદ્દીન સાહબ કિબ્લા مدظلہ العالی સે સવાલ કિયા ગયા : કે "આજ કલ ઈન્ટરનેટકે ઝરીઆ નિકાહ પળ્હાયા જાતા હે, જિસ મેં લળકા દો ગવાહ ઔર વકીલકી મૌજૂદગી મેં કાઝી ઈજાબ કૂબૂલ કરવાતા હે, ઐસા નિકાહ શરઅન મુઅ્તબર હે યા નહીં ?"

ઈસ કે જવાબ મેં તેહરીર ફર્માયા :–

"લેપ ટાપ ઔર ઈન્ટરનેટ પર અગર યે કાઝી ઔર શાહિદૈન (ગવાહોં)કી સૂરત નઝર આએ મગર ઈસ પર લી ગઈ શહાદત હકીકત મેં શહાદત નહીં હે. શહાદત કા લોગવી મઅ્ના હે "હઝૂર" ઔર શાહિદ કા મઅ્ના હે "હાઝિર". યહાં શાહિદ મજલિસે કઝા મેં હાઝિર નહીં બલ્કે વહાં સે બહોત દૂર ઔર ગાઈબ હે. યે અલગ બાત હે કે મશીન કી વજહ સે ઉસકા અક્સ નઝર આ રહા હે, યે એક વાઝેહ હકીકત હે કે શાહિદ શખ્સ હે ન કે અક્સ, અક્સ કી રૂયત શખ્સ કા શુહૂદો હુઝૂર કત્અન નહીં હો સકતા, ઈસ લિયે ઈન્ટરનેટ ઔર લેપટાપ પર શહાદત કે કલિમાત અદા કરનેકી શરઈ હૈષિયત મહઝ ખબર કી હે શહાદત કી નહીં.

અગર લળકી ને **કાઝી કો અપને નિકાહ કા વકીલ બના દિયા** મષલન્ યે કેહ દિયા કે ફુલા બિન ફુલાં કે સાથ મેરા નિકાહ કર દો ઔર કાઝીને ગવાહોં કે રૂબરૂ ઉસ લળકી કા નિકાહ મુઅય્યન લળકે કે સાથ કર દિયા ઔર ઉસ મંઝર કો ઈન્ટરનેટ પર દિખા દિયા ગયા તો નિકાહ શરઅન સહીહો દુરૂસ્ત હે. બગૈર ઈન્ટરનેટ ઔર લેપટાપ કે ભી નિકાહ ઈસ તોર પર કિયા જાતા હે." *(આપકે મસાઈલ, સફહા : ૧૩૧)*

## ★ ઔરતો માટે સુન્ની ઈજતેમા ★

**દયાદરા** : ખાતે સુફ્ફા ઉલમા કાઉન્સિલ–દયાદરા તરફથી ઔરતો માટે જશ્ને ગૌષે આ'ઝમ رضی اللہ عنہ નિમિત્તે ઔરતોનો ઈજતેમા અકુજી કોમ્યુનિટી હોલમાં તા. ૪–૧૧–૨૦૨૨, મુ. ચાંદ ૮ રબી. આખર, હિ.સ. ૧૪૪૪ના રોજ જુમ્આની નમાઝ બાદ રાખવામાં આવ્યો. જેમાં આલિમા બહેનોએ નઅત મન્કબત તથા શાને ગૌષે આ'ઝમમાં બયાનો કર્યાં હતાં. મોટી સંખ્યામાં બહેનોએ હાજરી આપી ઈલ્મે દીન હાંસલ કર્યો હતો.


**અણમોલ કિતાબ મંગાવો**

❀❀ **કાનૂને શરીઅત** ❀❀

(ભાગ–૧ તથા ભાગ–૨) (કુલ–૭૪૦ પેજીસ)

:: **લેખક** ::

**અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

:: **અનુવાદક** ::

**હાફેઝ મૂસા વેમી / ઈબ્રાહીમભાઈ વેમી**

**હદીયો : એક સેટના રૂા. ૨૫૦/–**

જેમાં અકીદા, તહારત, નમાઝ, રોઝા, હજ, ઝકાત, કુર્બાની, તલાક, અખ્લાકિયાત સંબંધી મસાઈલ દર્શાવેલા છે.

ઈલ્મે દીન શીખવું ફર્ઝ છે અને આ કિતાબમાં તદ્દન જરૂરી મસાઈલો જ છે જેથી મુસલમાનના ઘર ઘરમાં આ કિતાબ હોવી જોઈએ. જેથી પુરૂષ, સ્ત્રીઓ, બાળકો સર્વે ઘર બેઠાં ઈલ્મ પ્રાપ્ત કરી શકે. કુર્આન તથા હદીષના પરથી ઉત્તમ જીવન બંધારણ રજૂ કરતી આ કિતાબનો અભ્યાસ અવશ્ય કરશો. મૌલા તઆલા સૌને નેક તૌફીક આપે. આમીન.

**પ્રકાશક** : સુન્ની દા'વતે ઈસ્લામી, મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ.

**બેંક ઓફ બરોડા** A/c. 34620100000303 Razvi Kitab Ghar IFSC Code : BARB0DAYADR | **9427464411** PhonePe/Paytm/G Pay

# અલ્લાહ પાક માટે જૂઠ બોલવુ અશકય

## કિતાબ તથા હદીષની રોશનીમાં

**લેખક : મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી**
*(સદર શોઅબએ ઈફતા જામિઆ અશ્રફિયા–મુબારકપુર)*

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

### ★ ચોથી સાબિતી : અલ્લાહ જેવી કોઈ ચીજ ન હોવાનું એલાન ★

**(૧૨)** અલ્લાહ તઆલા પોતાની સલબી સિફતોમાંથી એક સિફત (ખૂબી) આ પણ વર્ણવે છે : لَيْسَ كَمِثْلِهٖ شَيْءٌ ۚ وَهُوَ السَّمِيْعُ الْبَصِيْرُ "એના જેવી કોઈ ચીજ નથી અને તે સાંભળતો જોતો છે."

*(સૂ. શૂરા, ૪૨/૧૧)*

ચીજો બે પ્રકારની છે : ★ કેટલીક તે જે જૂઠ તથા અન્ય અયબો તથા ખરાબીઓથી ખરડાયેલ હોય છે. ★ અને કેટલીક તે જે જૂઠ વગેરે અયબો તથા બુરાઈઓથી ખરડાયેલ તો નથી હોતી પણ અક્લી રીતે શક્યતા જોવા મળે છે.

અને **અલ્લાહ તઆલા દરેક ચીજથી ઉચ્ચતમ છે,** એના જેવી કોઈ ચીજ નથી. તો જાણવા મળ્યું કે **તે જૂઠ વગેરે અયબોથી ન ખરડાયેલ હોય છે અને ન તો તેને ત્યાં એની શક્યતા જોવા મળે છે.**

### ★ રબનું બુરી વાતોથી પાક હોવા વિશેની સાબિતી નબવી હદીષોથી ★

હવે અમે સૈયદુલ અંબિયા, અફઝલુર્રુસુલ જનાબે મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺની મુબારક હદીષો રજૂ કરીએ છીએ જેનાથી સારી રીતે જાહેર થઈ જશે કે અલ્લાહ ﷻનું કલામ સૌથી સારુ અને સૌથી સાચુ છે અને એને એ લાઝિમ છે કે એમાં જૂઠની કોઈ શક્યતા ન જોવા મળે.

**(૧)** (અનુવાદ) : હઝરત જાબિર બિન અબ્દુલ્લાહથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ જયારે ખુત્બો આપતા તો આપની આંખો લાલ થઈ જતી, અવાજ પણ ઊંચો થઈ જતો... અને ફર્માવતા, અમ્મા બઅ્દ ! બેશક ! સૌથી બેહતર કલામ કિતાબુલ્લાહ છે અને સૌથી બેહતરીન હિદાયત/સીરત મુહમ્મદ ﷺની હિદાયત/સીરત છે. અને સૌથી બુરાં કામો બિદઅતો (દીનમાં કિતાબ તથા સુન્નતની વિરૂધ્ધ નવી વાતો કાઢવી) છે અને દરેક બિદઅત ગુમરાહી છે.

પછી ફર્માવતા : ★ મને દરેક મો'મિન પર તેની પોતાની જાતના કરતાં અધિક વિલાયત (અખત્યાર) છે. જે માલ છોડે તે એના વારસદારોનો છે. ★ અને જે કરજ અથવા મોહતાજ બાળકો છોડે તો કરજ તથા બાળકોની કફાલત મારા જિમ્મે છે. *(અલ સહીહુલ મુસ્લિમ, ૧/૨૮૪, કિતાબુલ જુમ્અહ)*

**(૨)** (અનુવાદ) : હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ પોતાના ખુત્બામાં અલ્લાહ તઆલાની શાનને છાજે તેવી તેની હમ્દ તથા ષના કરતા : જેને અલ્લાહ હિદાયત આપે તેને કોઈ ગુમરાહ કરનાર નથી, અને જેને તે ગુમરાહ કરી દે તેને કોઈ હિદાયત આપનાર નથી. બેશક ! સૌથી સાચુ કલામ કિતાબુલ્લાહ છે અને સૌથી સારી હિદાયત/સીરત મુહમ્મદ ﷺની હિદાયત/સીરત છે. અને સૌથી બુરાં કામો દીનમાં કિતાબ તથા સુન્નતની વિરૂધ્ધ નવી નવી વાતો કાઢવું તથા બિદઅતો છે. દીન કિતાબ તથા સુન્નતની વિરૂધ્ધ દરેક નવી શોધ (નવી વાત કાઢવી) બિદઅત છે અને દરેક

www.barkatekhwaja.net

બિદઅત ગુમરાહી છે અને દરેક ગુમરાહી જહન્નમમાં છે. *(સુનને નિસાઈ, કિતાબ સલાતુલ ઈદૈન, પેજ–૧૮૬, હદીષ : ૧૫૭૮ તથા સુનને ઈબ્ને માજહ, પેજ–૨૨૦)*

**(૩)** (અનુવાદ) : હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ પોતાની નમાઝમાં તશહહૂદ પછી ફર્માવ્યા કરતા કે સૌથી સારુ કલામ અલ્લાહનું કલામ છે, અને સૌથી સારી સીરત મુહમ્મદ ﷺની સીરત છે.

*(સુનને નિસાઈ, પેજ–૧૫૪)*

**(૪)** (અનુવાદ) : મુખારિકનું બયાન છે કે મેં તારિક઼થી એ ફર્માવતાં સાંભળ્યું કે હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہએ ફર્માવ્યું કે સૌથી સારી વાત કિતાબુલ્લાહ (અલ્લાહનું કલામ) છે અને સૌથી સારી હિદાયત મુહમ્મદ ﷺની હિદાયત છે. *(સહીહ બુખારી, ૨/૯૦૧, કિતાબુલ અદબ)*

અને જાહેર છે કે જૂઠ બુરી વાત છે, તે "સારી" અને "સૌથી સારી વાત" નથી થઈ શકતું.

**(૫)** (અનુવાદ) : અમ્ર બિન મુર્રહએ બતાવ્યું કે મેં મુર્રા હમ્દાનીથી એવું કહેતાં સાંભળ્યું કે હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہએ ફર્માવ્યું કે સૌથી સારું કલામ કિતાબુલ્લાહ છે અને સૌથી સારી હિદાયત મુહમ્મદ ﷺની હિદાયત છે. અને સૌથી બુરાં કામો બિદઅતો (દીનમાં કિતાબ તથા સુન્નતની વિરૂધ્ધ નવી વાતોને કાઢવું) છે. *(સહીહ બુખારી, ૨/૧૦૮૦, ૧૦૮૧, કિતાબુલ એઅતેસામ)*

**(૬)** (અનુવાદ) : હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, આ બે ચીજો છે, કલામ તથા હિદાયત તો સૌથી સારુ કલામ અલ્લાહનું કલામ છે અને સૌથી સારી હિદાયત મુહમ્મદ ﷺની હિદાયત છે. *(સુનને ઈબ્ને માજહ, પેજ–૨૩)*

**સનદરૂપી તક઼રીર :** આ હદીષોમાં રસૂલુલ્લાહ ﷺએ અલ્લાહ તબારક વ તઆલાના પાક કલામને : ★ خیرُ الحدیث ખયરુલ હદીષ ★ أَحسَنُ الحدیث અહસનલ હદીષ ★ أحسنُ الكلام અહસનુલ કલામ ★ અને أَصْدَقُ الحدیث અસ્દકુલ હદીષ દર્શાવેલ છે. એટલે : ★ સૌથી બેહતર વાત ★ સૌથી સારી વાત ★ સૌથી સારુ કલામ ★ સૌથી સારી વાત.

યક઼ીનન ! જે કલામ સૌથી બેહતર અને સૌથી સારુ હશે તે જરૂર સૌથી સાચુ પણ હશે. અને જે કલામ સૌથી અધિક સાચુ હશે તે જરૂર સૌથી બેહતર અને સૌથી સારુ હશે. આ અવસાફ઼ (ખૂબીઓ) અલ્લાહના કલામના હક઼્ક઼માં એકબીજાના માટે લાઝિમ તથા મલ્ઝૂમ (એકબીજાના પર્યાય) છે. તેની સાક્ષી કલામુલ્લાહ પણ આપે છે કે અલ્લાહનો ક઼ૌલ સૌથી અધિક સાચો છે. وَمَنْ اَصْدَقُ مِنَ اللّٰهِ قِيْلًا (અલ્લાહથી અધિક કોની વાત સાચી ? *(સૂ. નિસાઅ, ૪/૧૨૨)* وَمَنْ اَصْدَقُ مِنَ اللّٰهِ حَدِيْثًا (અને અલ્લાહથી વધારે કોની વાત સાચી ? *(સૂ. નિસાઅ, ૪/૮૭)*

આ આયતોની દલીલ હેઠળ સ્પષ્ટ કરી દેવામાં આવ્યું છે કે ખબરે વાહિદ, ખબરે મશહૂર તથા ખબરે મુતવાતિરમાં સૌથી અધિક સાચી, પાકી, ક઼તઈ, યક઼ીની વાત ખબરે મુતવાતિર છે. તેમ છતાં અહીં પણ જૂઠની ઝાતી શક્યતા મૌજૂદ છે, **અને અલ્લાહ તઆલાની ઝાત સૌથી અધિક બેહતર અને સારી અને સાચી છે. તો એ ત્યારે જ થઈ શકે છે જ્યારે તેની વાતમાં જૂઠની ઝાતી શક્યતા પણ ન રહે.** નહીં તો તેનો ક઼ૌલ અને ખબરે અહલે તવાતુર એક દરજાનાં થશે, જ્યારે કે તે એક દરજાનાં નથી કે અલ્લાહ તઆલાનો ક઼ૌલ એનાથી પણ વધુ સાચો અને સારો તથા બેહતર છે.

અહીં એ મુદ્દાની તરફ પણ ધ્યાન કરવું જોઈએ કે આ હદીષોમાં કલામે ઈલાહીને સૌથી સારુ, સાચુ અને બેહતર બતાવ્યા બાદ તરત જ એ સ્પષ્ટતા પણ

www.barkatekhwaja.net

કરી દેવામાં આવી છે કે સૌથી બુરાં કામો, નવા નીકળેલાં કામો તથા બિદઅતો છે એટલે દીનમાં કિતાબ તથા સુન્નતની વિરૂધ્ધ નવી નવી વાતોને કાઢવું. છેવટે આ પ્રસંગે એનો ઉલ્લેખ શા માટે કરવામાં આવ્યો અને રબના કલામની સચ્ચાઈ સાથે એનો શો સંબંધ છે ?

હું સમજુ છું કે રબના કલામની સચ્ચાઈ સામે એનો વિરૂધ્ધ દિશામાં ગાઢ સંબંધ છે. તે એ કે ઈસ્લામ ધર્મના દીને હક્ક, દીને હિદાયત, દીને સાદિક઼, દીને સમાવી (આસ્માની) હોવાના માટે રબના કલામનું દરેક કલામથી બેહતર, દરેક કલામથી સારુ અને સાચુ હોવું જરૂરી છે જેનાથી "ઈમ્કાને કિઝ્બે ઝાતી" (ઝાતી તૌર પર રબના જૂઠ બોલવાની શક્યતાનો નકાર) લાઝમી રીતે દરેક અક્કલ તથા સમજવાળો સમજે છે, અને એના પર સમજબુઝવાળા બુધ્ધિશાળીઓનો ઈજમાઅ પણ છે. અને એ જ આ કિતાબુલ્લાહ તથા સુન્નતે રસૂલુલ્લાહનો ફાયદો પણ છે.

પરંતુ **એ સૌથી વિરૂધ્ધ જઈને "ખુદાનું જૂઠ બોલવું શક્ય"નો અક઼ીદો જાહેર કરવો અને એવું કહેવું કે "અલ્લાહ તઆલા જૂઠ બોલી શકે છે" યક઼ીનન !** شرُّ الأمور **સૌથી બુરી વાત અને બદ્‌તરીન કામ છે. ઈસ્લામમાં એક એવા અક઼ીદાને પ્રદર્શિત કરવું છે જે અલ્લાહની કિતાબમાં છે ન સુન્નતે રસૂલુલ્લાહમાં, ન ઈજમાઅમાં અને સલફ (પૂર્વજ બુઝુર્ગો) તથા ખલફ (પાછલા બુઝુર્ગો) સૌ એનાથી અજાણ છે આ છે તે બિદઅત જે ગુમરાહી છે અને** كلّ بدعة ضلالةٌ **દરેક બિદઅત ગુમરાહી છે.**

એવું મેહસૂસ થાય છે કે દાનાએ ગોયૂબ, નબીયે મુર્તઝા, હાદીયે ઉમ્મત ﷺને વહીયે ઈલાહીથી એ ખબર હતી કે તૌહીદનો કલમો પઢનારો એક ફિર્કો આ ઉમ્મતમાં જાહેર થશે જે કલામે ઈલાહીના અહસન اَحسَن (સૌથી સારા) તથા اَصدَق અસ્દક (સૌથી સાચા) હોવાને ચેલેંજ કરશે. એટલા માટે આપે પહેલાંથી જ એક જામેઅ (સમૃધ્ધ) કલામ થકી એ બિદઅતની ખબર આપી દીધી કે خیرُ الحدیث (સારી વાત) અલ્લાહનુ કલામ છે અને شرُّ الحدیث (બુરી વાત) એની વિરૂધ્ધ અક઼ીદાને પ્રદર્શિત કરવું છે. કાશ ! કે હદીષના દાવેદારો (કહેવાતા અહલે હદીષ) આ હદીષની કાંઈક ઈજ્જત કરતા.

(૭) (અનુવાદ) : હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું, બે કલમા રહમાનને મહબૂબ છે, ઝબાન પર હલકા છે, મીઝાનમાં ભારે છે :–

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ

**સુબ્હાનલ્લાહિ વબિહ઼મ્દિહિ સુબ્હ઼ાનલ્લાહિલ અઝ઼ીમ.** *(સહીહ બુખારી, ૨/૧૧૨૮, ૧૧૨૯, કિતાબુત્તૌહીદ, સહીહ મુસ્લિમ, ૨/૩૪૪, કિતાબુઝ્ઝિક્ર વદુઆ)*

(૮) (અનુવાદ) : અબૂ હાઝિમ રિવાયત કરે છે કે સહલ બિન સઅદ رضی اللہ عنہએ વર્ણવ્યું કે...... રસૂલુલ્લાહ ﷺએ આગળ વધીને લોકોને નમાઝ પઢાવી અને નમાઝથી પરવારીને લોકોની તરફ ચહેરો કરીને ફર્માવ્યું. "હે લોકો ! શું વાત છે કે જ્યારે તમને નમાઝમાં કાંઈક બતાવવાની હાજત પેશ આવી તો તમે લોકો તાલી વગાડવા લાગ્યા ? તાલી તો કેવળ સ્ત્રીઓ માટે છે. જેને નમાઝમાં કાંઈક બતાવવાની જરૂરત ઉભી થાય તો سُبْحَانَ اللّٰہِ **સુબ્હાનલ્લાહ** ! પઢી દીધા કરે. *(સહીહ બુખારી, ૧/૧૬૨, કિતાબુત્તૌહીદ)*

(૯) (અનુવાદ) : હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે કે ગરીબ સહાબીઓ નબી કરીમ ﷺની બારગાહમાં હાજર થયા અને અર્ઝ કરી કે માલદાર સહાબાએ તો પોતાના માલના સબબથી બુલંદ દરજાઓ તથા હમેશગીની નેઅમત હાંસલ કરી લીધી. તેઓ અમારા જેમ નમાઝ પઢે છે રોઝા રાખે છે અને તેમને એ ફઝીલત હાંસલ છે કે તેઓ પોતાના માલોના

www.barkatekhwaja.net

કારણે હજ કરે છે, ઉમરા કરે છે, જેહાદ કરે છે અને સદકા કરે છે. તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, શું તમને એવો વઝીફો ન બતાવી દઉં જેને પઢીને તમે લોકો અગ્રતા લઈ જનારા સહાબીઓના દરજા સુધી પહોંચી જાવ અને તમારા બાદ કોઈ તમારા દરજાને ન પામી શકે ?! અને તમે મૌજૂદા સહાબીઓથી અફઝલ થઈ જાવ, સિવાય એ કે તે પણ એ વઝીફો પઢવા લાગે. દરેક નમાઝ બાદ ૩૩ વખત سُبْحَانَ اللّٰہِ **સુબ્હાનલ્લાહ**, ૩૩ વખત الحمد للّٰہ **અલ્હમ્દુલિલ્લાહ**, પછી ૩૩ વાર اللّٰہ اکبر **અલ્લાહુ અકબર**, *(સહીહ બુખારી, ૧/૧૧૬, કિતાબુલ અઝાન, સહીહ મુસ્લિમ, ૧/૨૧૭, કિતાબુલ મસાજિદ)*

**(૧૦)** (અનુવાદ) : હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, જે દિવસમાં સો વાર سُبْحَانَ اللّٰہِ وَبِحَمْدِہٖ **સુબ્હાનલ્લાહિ વબિહમ્દિહી** પઢે તો તેના (સગીરા) ગુનાહો મિટાવી દેવામાં આવે, ભલે સમુદ્રના ફીણની બરાબર હોય. *(સહીહ બુખારી, ૨/૩૪૪, કિતાબુઝ્ઝિક્રિ વદ્દુઆ)*

**(૧૧)** હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે અલ્લાહના રસૂલ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, જે સવાર સાંજ سُبْحَانَ اللّٰہِ وَبِحَمْدِہٖ **સુબ્હાનલ્લાહિ બિહમ્દિહી** સો સો વાર વાર પઢે તો કયામતના દિવસે કોઈ તેના કરતાં અફઝલ વઝીફો લઈને ન આવશે, પણ એ કે કોઈએ આ જ વઝીફો સો વાર પઢયો હોય (તો તે ફઝીલતમાં સરખો થશે) અથવા સૌથી વધુવાર પઢયું (તો તે અફઝલ થશે.) *(સહીહ મુસ્લિમ, ૨/૯૪૮, કિતાબુઝ્ઝિક્ર વદ્દુઆ, મજલિસે બરકાત)*

આ બંનેવ હદીષોથી سُبْحَانَ اللّٰہِ وَبِحَمْدِہٖ **સુબ્હાનલ્લાહિ વબિહમ્દિહી**ની જે ફઝીલત વર્ણન કરવામાં આવી. જાહેર એ છે કે સામાન્ય ઝિક્રોની પ્રતિ સંબંધિત કરતાં છે અથવા ખાસ સમયો તથા હાલતોના લેહાઝથી છે, નહીં તો કલામુલ્લાહની ફઝીલત તો સર્વ ઝિક્રો કરતાં વિશેષ છે.

**(૧૨)** (અનુવાદ) : હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે سُبْحَانَ اللّٰہِ وَالْحَمْدُ لِلّٰہِ وَلَآ اِلٰہَ اِلاَّ اللّٰہُ وَاللّٰہُ اَکْبَرُ **સુબ્હાનલ્લાહિ વલ્હમ્દુલિલ્લાહિ વલા ઈલાહ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર**, મારી નજીક દુનિયાના સર્વ ઝિક્રો કરતાં અધિક પસંદીદા છે. *(સહીહ મુસ્લિમ, ૨/૩૪૫, કિતાબુઝ્ઝિક્ર વ દુઆ)*

**(૧૩)** (અનુવાદ) : સહાબીયે રસૂલ હઝરત સમુરહ બિન જુન્દુબ رضی اللہ عنہનું બયાન છે કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાની નજીક સૌથી અધિક પસંદીદા કલામ ચાર છે :

سُبْحَانَ اللّٰہِ وَالْحَمْدُ لِلّٰہِ وَلَآ اِلٰہَ اِلاَّ اللّٰہُ وَاللّٰہُ اَکْبَرُ

**સુબ્હાનલ્લાહિ, વલ્હમ્દુલિલ્લાહિ, વલાઈલાહ ઈલ્લાહુ વલ્લાહુ, અકબર.** *(સહીહ મુસ્લિમ, ૨/૨૦૭, કિતાબુલ આદાબ)* કે શરૂમાં દરેક અયબ તથા ખામીથી અલ્લાહ તઆલાની પાકીનું અને બીજામાં અલ્લાહનુ તમામ કમાલની સિફતોથી સમૃધ્ધ હોવાનું, ત્રીજામાં એની તૌહીદનું અને ચોથામાં તેની કિબ્રિયાઈ (બડાઈ)નું એલાન છે.

**(૧૪)** (અનુવાદ) : અબ્દુલ્લાહ બિન સામિત رضی اللہ عنہથી રિવાયત છે કે હઝરત અબૂઝર رضی اللہ عنہએ વર્ણવ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, શું હું તમને બારગાહે ઈલાહીનું સૌથી મહબૂબ તથા પસંદીદા કલામ ન બતાવું ?! મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ બતાવો ! તો આપે ફર્માવ્યું કે અલ્લાહની બારગાહમાં સૌથી અધિક પસંદીદા કલામ سُبْحَانَ اللّٰہِ وَبِحَمْدِہٖ **સુબ્હાનલ્લાહિ વબિહમ્દિહી** છે. *(સહીહ મુસ્લિમ, ૨/૩૫૧, કિતાબુઝ્ ઝિક્ર વદુઆ)*

**(૧૫)** (અનુવાદ) : અબ્દુલ્લાહ ઈબ્ને સામિત رضی اللہ عنہ હઝરત અબૂઝર رضی اللہ عنہથી રિવાયત કરે છે કે

www.barkatekhwaja.net

રસૂલુલ્લાહ ﷺને પૂછવામાં આવ્યું કે કયુ કલામ અફઝલ છે ? તો આપે ફર્માવ્યું કે જે કલામ અલ્લાહ તઆલાએ પોતાના ફરિશ્તાઓ અથવા પોતાના બંદાઓ માટે ચૂંટી કાઢેલ છે : سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ **સુબ્હ઼ાનલ્લાહિ વબિહ઼મ્દિહી.** *(સહીહ મુસ્લિમ, ૨/૩૫૧, કિતાબુઝ્ ઝિક્ર વદ્દુઆ)*

મતલબ એ છે કે જે કલમાઓ વડે અલ્લાહ તઆલાની ખૂબીઓ વર્ણન કરવામાં આવે છે, જેમ કે الرحمٰن الرحیم **અર્રહ઼માનિર્રહીમ.** એમના આ કલમાઓ એટલા માટે અધિક પસંદીદા છે કે سُبْحَانَ اللّٰهِ **સુબ્હાનલ્લાહ** પઢીને બંદો એ એલાન કરે છે કે ખુદાએ કુદુસ દરેક અયબ તથા ખામીથી પાક છે. અને وَبِحَمْدِهٖ **વબિહ઼મ્દિહી** પઢીને એ એલાન કરે છે કે અલ્લાહ ﷻ કમાલની સર્વ સિફતોથી સમૃધ્ધ છે. ટૂંકા કલમાઓ થકી અલ્લાહ તઆલાની ખૂબ જ જામેઅ (સમૃધ્ધિવાળી) તારીફ છે એટલા માટે એને આ કલમા ખૂબ જ પ્રિય છે.

**(૧૬)** (અનુવાદ) : હઝરત મસ્રૂકથી રિવાયત છે કે હઝરત ઉમ્મુલ મો'મિનીન આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا ફર્માવે છે કે અલ્લાહના રસૂલ ﷺ سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ أَسْتَغْفِرُ اللّٰهَ وَأَتُوْبُ إِلَيْهِ **સુબ્હ઼ાનલ્લાહિ વબિહ઼મ્દિહી અસ્તગ઼ફિરુલ્લાહ વઅતુબુ ઈલૈહ** પઢયા કરતા હતા. *(સહીહ મુસ્લિમ, ૧/૧૯૨, કિતાબુસ્સલાત, મજલિસે બરકાત, મુબારકપુર)*

**(૧૭)** (અનુવાદ) : મુતર્રિફ બિન અબ્દુલ્લાહ ઈબ્ને શખ્ખીરથી રિવાયત છે કે ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદીક઼ા رضی اللہ عنہا એ બતાવ્યું કે રસૂલુલ્લાહ ﷺ પોતાના રુકૂઅ તથા સિજદાઓમાં سُبُّوْحٌ قُدُّوْسٌ رَبُّ الْمَلَائِكَةِ وَالرُّوْحِ **સુબ્બૂહુન કુદુસુન રબ્બુલ મલાઈકતિ વર્રૂહ઼** પઢયા કરતા હતા.

*(સહીહ મુસ્લિમ, ૧/૧૯૨, કિતાબુસ્સલાત)*

**(૧૮)** (અનુવાદ) : હઝરત હુઝૈફા رضی اللہ عنہ ફર્માવે છે કે મેં નબી કરીમ ﷺની ઈકતેદામાં (પાછળ) એક રાતે નમાઝ પઢી. હુઝૂર રુકૂઅમાં سُبْحَانَ رَبِّيَ الْعَظِيْمِ **સુબ્હ઼ાન રબ્બિયલ્ અઝ઼ીમ** અને સજદામાં سُبْحَانَ رَبِّيَ الْأَعْلٰى **સુબ્હ઼ાન રબ્બિયલ્ અઅ્લા** પઢતા હતા. *(સહીહ મુસ્લિમ, ૧/૨૬૪, કિતાબુસ્સ઼લાત અલ મુસાફિરીન વ કસ઼્રિહા, જામેઅ તિર્મિઝી, ૧/૩૬, અબ્વાબુસ્સ઼લાત, મજલિસે બરકાત, મુબારકપુર)*

**(૧૯)** (અનુવાદ) : હઝરત ઈબ્ને અબ્બાસ, જુવૈરિયા બિન્તે હારિષથી રિવાયત કરે છે કે નબી કરીમ ﷺ પોતાની પાસેથી પસાર થયા અને તે મસ્જિદમાં હતાં. પછી નબી કરીમ ﷺ તેમની પાસેથી નિસ્ફુન્નહાર (મધ્યાન્હ) નજીક પસાર થયા અને તે એ જ હાલતમાં હતાં. તો હુઝૂરે ફર્માવ્યું, શું તમને અમુક કલમાઓ ન શીખવાડું જેને તમે પઢતાં રહો ! (પછી આપે તેમને આ કલમાઓ શીખવાડયા) : قَالَ أَبُوْ عِيسَى هٰذَا حَدِيْثٌ حَسَنٌ صَحِيْحٌ ઈમામ અબૂ મૂસા તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ હસન સહીહ છે *(જામેઅ તિર્મિઝી, ૨/૧૯૪, ૧૯૫, અબ્વાબુદ્દાવાત, બાબુન મિન્હુ, મજલિસે બરકાત)*

**(૨૦)** હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત છે કે ઉમ્મે સુલૈમ, નબી કરીમ ﷺની બારગાહમાં સવાર સવારમાં આવ્યાં અને અર્ઝ કરી કે, હુઝૂર ! મને અમુક કલમા શીખવાડી દો જેને હું મારી નમાઝમાં પઢયા કરું. તો સરકાર ﷺએ ફર્માવ્યું, દસવાર اللہ اکبر **અલ્લાહુ અકબર** કહો, દસવાર سُبْحَانَ اللّٰهِ **સુબ્હ઼ાનલ્લાહ** કહો, અને દસવાર الحمد للہ **અલ્હ઼મ્દુલિલ્લાહ** પઢો. પછી જે ચાહો અલ્લાહથી દુઆ કરો ! તે ફર્માવશે, હા ! મેં કબૂલ કરી, હા ! તમારી દુઆ મકબૂલ છે.

આ પ્રકરણમાં હઝરત ઈબ્ને અબ્બાસ, અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર અને ફઝ્લ બિન અબ્બાસ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ أَجْمَعِيْنَથી પણ હદીષો રિવાયત

www.barkatekhwaja.net

પામેલી છે. ઈમામ અબૂ ઈસા તિર્મિઝી ફર્માવે છે કે હઝરત અનસની હદીષ હસન સહીહ છે. *(જામેઅ તિર્મિઝી, ૧/૬૩, અબ્વાબુલ વિત્ર, મજલિસે બરકાત, મુબારકપુર)*

**(૨૧)** (અનુવાદ) : હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે અલ્લાહના રસૂલ صلی اللہ علیہ وسلمથી એક રાતે જ્યારે આપ નમાઝથી ફારિગ થયા તો આ પઢતાં સાંભળ્યું :

اَللّٰھُمَّ اجْعَلْ لِی نُورًا فِی قَلْبِی وَ نُورًا فِی قَبْرِی وَنُورًا مِنْ بَیْنِ یَدَیَّ وَ نُورًا مِنْ خَلْفِی، وَ نُورًا عَنْ یَمِینِی وَنُورًا عَنْ شِمَالِی وَنُورًا مِنْ فَوْقِی وَ نُورًا مِنْ تَحْتِی وَ نُورًا فِی سَمْعِی وَ نُورًا فِی بَصَرِی وَ نُورًا فِی شَعْرِی وَ نُورًا فِی بَشَرِی وَ نُورًا فِی لَحْمِی وَ نُورًا فِی دَمِی وَ نُورًا فِی عِظَامِی، اللّٰھُمَّ أَعْظِمْ لِی نُورًا وَأَعْطِنِی نُورًا وَ اجْعَلْ لِی نُورًا سُبْحَانَ الَّذِی تَعَطَّفَ العِزَّ وَ قَالَ بِهِ سُبْحَانَ الَّذِی لَبِسَ الْمَجْدَ وَتَکَرَّمَ بِهِ، سُبْحَانَ الَّذِی لاَ یَنْبَغِی التَّسْبِیحُ إِلاَّ لَهُ سُبْحَانَ ذِی الفَضْلِ وَالنِّعَمِ سُبْحَانَ ذِی الْمَجْدِ وَالکَرَمِ سُبْحَانَ ذِی الجَلَالِ وَالإِکْرَامِ

ઈમામ અબૂ ઈસા તિર્મિઝીએ ફર્માવ્યું કે આ હદીષ ગરીબ છે. અમને આ હદીષ ઈબ્ને અબૂ લૈલાની આ સનદથી જ માલૂમ છે. *(જામેઅ તિર્મિઝી, ૨/૭૮, અબ્વાબુદ્દાવાત, મજલિસે બરકાત)*

**ફાયદાઓ :–**

આ મુબારક હદીષોથી ઘણા ફાયદાઓ હાંસલ થાય છે. અમે અમુક વર્ણવીએ છીએ :–

**ફાયદો–૧** : આ મુબારક હદીષોથી જેવી રીતે તસ્બીહ તથા તક્દીસ (હમ્દ તથા પાકી બયાન કરવાના) ફઝાઈલ જાણવા મળે છે, તેવી જ રીતે એ પણ માલૂમ થાય છે કે ખુદાએ સુબ્બૂહ્ તથા કુદ્દુસે કષરતથી (અબૂ જ અધિક પ્રમાણમાં) તેને પઢવાનો આ'લા ઈન્તેઝામ કર્યો છે. ફરિશ્તાઓ માટે આ વઝીફો પસંદ કર્યો કે જેથી તેઓ સતત પઢતા રહે. ★ અને માણસોને પોતાના મહબૂબ صلی اللہ علیہ وسلمના થકી તેનું આકર્ષણ અપાવ્યું જેથી તેઓ પણ આ વઝીફામાં જીભોને તર રાખે. ★ નમાઝ જેવી ઈબાદતોમાં સૌથી અફઝલ ઈબાદતના મહત્વના અરકાન રૂકૂઅ તથા સજદાઓમાં તેને પઢવું મુસ્તહબ ઠરાવ્યું કે જે નેક બંદો આમ સમયોમાં તેનો વિર્દ કોઈ કારણે ન કરી શકે તો તે નમાઝમાં જરૂરથી પઢી લે. ★ ત્યાં સુધી કે કાઈનાતે આલમની દરેક ચીજને પોતાની તસ્બીહના માટે નિયમિત કરી આપી. પ્રાણીઓ, વનસ્પતિ, પથ્થરો અને તેના સિવાય સર્વ મખ્લૂક઼ાત તેની પાકી વર્ણવે છે. ★ પોતાના અસ્માએ હુસ્ના (મુબારક નામો)માં સુબ્બૂહ્, કુદ્દુસને પણ પસંદ કર્યા જે દરેક અયબ તથા અયબની શક્યતા, અને ખામી તથા ખામીની શક્યતાથી તેની તન્ઝિયહ (બુરી વાતોથી દૂર હોવું) તથા પાકી પર દલીલ પૂરી પાડે છે. એનાથી સારી રીતે જાહેર થાય છે કે દરેક અયબ તથા ખામીથી ખુદાએ કરીમનું અઝલન્ અબદન (હમેશાંથી હમેશાં માટે) પાક હોવું જરૂરિયાતે દીનથી છે, જેનો સ્વીકાર દરેક બુધ્ધિવાળો તથા બેઅક્લ અને વનસ્પતિ તથા પહાડ દરેક ચીજ કરે છે અને તેને પાક તથા બેઅયબ માને છે.

**ફાયદો–૨** : સાથોસાથ વારંવાર તેની હિદાયત તથા આકર્ષણ અપાવીને અને દરેક ચીજની તસ્બીહ ખ્વાનીનું એલાન કરીને અને પોતાને સુબ્બૂહ્ તથા કુદ્દુસ બનાવીને પોતાના બંદાઓને સમજ તથા યક઼ીન બખ્શ્યું છે કે **અલ્લાહની જાત જૂઠ તથા જૂઠની શક્યતા, એ જ પ્રમાણે દરેક પ્રકારના અયબો તથા અયબની શક્યતાથી પાક છે.** પણ આ સમજ તથા યક઼ીન એને જ મયસ્સર થઈ શકે છે જે તસ્બીહના ભાવાર્થને સમજીને દિલથી એને પઢે. એવું ન બને કે ગળાથી આગળ ન વધે, અથવા વિના સમજે તથા અર્થના યક઼ીન વિના પઢતો રહે.

**ફાયદો–૩** : તસ્બીહ એની જ શાન છે :



www.barkatekhwaja.net

لا ینبغی التَّسبیحُ اِلّا لَہٗ કેમ કે તે દરેક પ્રકારના અયબ તથા ખામીના ઈમ્કાને ઝાતી (ઝાતી તૌર પર શક્યતા)થી પાક છે જેનાથી એની જાત થકી જૂઠ બોલવાની શક્યતાનો પણ નકાર થાય છે.

તસ્બીહ, સુબ્હાન તથા સુબ્બૂહ઼નો અર્થ ઈમામ અબૂ ઝકરિયા નવવી શાફઈ رحمۃ اللہ علیہ આ પ્રમાણે લખે છે :

અહલે અરબિયા તથા ઉલમા ફર્માવે છે કે تسبیح (તસ્બીહ)નો અર્થ تنزیہ પાકી વર્ણન કરવું, અને سُبحَانَ اللہ (**સુબ્હ઼ાનલ્લાહ**) મફઉલે મુત્લક઼ હોવાના લીધે મન્સૂબ છે. આખી ઈબારત થશે : سَبَّحتُ اللہ تسبیحا و سُبحانا તો سُبحان સુબ્હ઼ાનનો અર્થ છે, મેં હાદિષના દરેક અયબ અને દરેક સિફતથી અલ્લાહનું અયબથી પાક હોવુ તથા પાકી વર્ણવી. *(અલ્મિન્હાજ શરહે ઈમામુન્નવવી લિસહીહ મુસ્લિમ, ૧/૧૯૨)*

(અનુવાદ) : سُبُّوح (સુબ્બૂહ઼)નો અર્થ છે, "તે જાત જે અયબોથી, શરીકથી અને તે સર્વ ચીજોથી જે ઉલૂહિયત (ખુદાની શાન)ની વિરૂધ્ધ હોય તેનાથી પાક તથા સાફ છે.

હાદિષ (પછી પેદા થનાર અને ફાની)ની સર્વ ખાસિયતો તથા અયબો, ઉલૂહિયતની વિરૂધ્ધ છે તો એનો સાર પણ એ જ છે કે "સુબ્બૂહ઼" હાદિષની સર્વ ખાસિયતો તથા ખામીઓથી પાક હોય છે. *(અલ્મિન્હાજ શરહે ઈમામુન્નવવી લિસહીહ મુસ્લિમ, ૧/૧૯૨)*

(અનુવાદ) : પ્રથમ વર્ણન થઈ ચૂક્યું કે તસ્બીહનો અર્થ એ છે કે અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલા એ સર્વ ચીજોથી પાક તથા સાફ છે જે એની શાનને શોભાસ્પદ નથી. જેથી તે શરીક (ભાગીદારી)થી બીવી બચ્ચાંથી, અને મુત્લક઼ન સર્વ અયબોથી, અને અલલ ઈત્લાક઼ હુદૂષ (પાછળથી પેદા થનાર ચીજો તથા ફના થનાર)ની સર્વ નિશાનીઓથી પાક છે. *(અલ્મિન્હાજ શરહે ઈમામુન્નવવી લિસહીહ મુસ્લિમ, ૨/૩૪૫, મજલિસે બરકાત)*

**સાબિતીની ચર્ચા** : જૂઠ જુલ્મ, અજ્ઞાનતા, ઊંઘ, જરૂરત, લાચારી, મૌત એ અયબોમાંથી છે, અને આ બાબતોથી શક્યતા હુદૂષ (પાછળથી પેદા થનાર ચીજો અને પછી નષ્ટ થનાર)ની નિશાનીઓમાંથી છે, જેથી સાબિત થયું કે **અલ્લાહ** عزوجل **જૂઠ તથા જૂઠની શક્યતાથી પાક છે.** એ જ પ્રમાણે અલલ ઈત્લાક઼ (કોઈ શર્ત વિના) દરેક પ્રકારના અયબો તથા અયબની શક્યતાઓથી પણ પાક તથા સાફ છે.

એ જ કારણે તસ્બીહ ખુદાએ કુદુસ સિવાય કોઈ અન્યની નથી પઢવામાં આવતી, કેમ કે મહાનથી મહાન હસ્તી અયબોથી પાક હોય શકે છે, બલ્કે હોય છે પણ હુદૂષની સર્વ ખાસિયતો તથા નિશાનીઓ, જેમ કે ઊંઘ, સૂવું, ખાવું, પીવું ઝાડા પેશાબ, લાચારી, ત્યાં સુધી કે મૃત્યુ તથા મૃત્યુની શક્યતા, ભલે એક ક્ષણ માટે હોય એનાથી પાક તથા બેનિયાઝ નથી. જે અલલ ઈત્લાક઼ (બિનશર્તી રીતે) આ સૌથી પાક હોય તેની જ શાન સુબ્બૂહ઼િયત તથા કુદુસિયત છે અને તે જ એના લાયક છે કે તેની તસ્બીહ કરવામાં આવે. એટલા માટે સૈયદે કાઈનાત صلی اللہ علیہ وسلم એ પોતાની અમુક હદીષોમાં ફર્માવ્યું :

سُبحَانَ الَّذِی لَا یَنبَغِی التَّسبِیحُ اِلَّا لَہٗ "પાક છે તે કે એના સિવાય કોઈના માટે તસ્બીહ યોગ્ય નથી."

*(જામેઅ તિર્મિઝી, ૧/૬૩, અબ્વાબુલ વિત્ર)*

## ★ અહલે સુન્નતના અક઼ીદાનું સમર્થન ★

**(૨૨)** (અનુવાદ) : હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી મરવી છે. તેમણે કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે બેશક ! અલ્લાહ તઆલા ક઼યામતમાં આદમ علیہ السلام થી (આપની ઔલાદના બારામાં) પોતાના ફૈસલા સંબંધે ત્રણ સફાઈઓ આપશે :

★ અલ્લાહ તઆલા ફર્માવશે, હે આદમ ! જો

મેં જૂઠાઓ પર લઅનત ન કરી હોત અને જૂઠ અને વાદાખિલાફીથી અદાવત ન રાખત, અને એના પર મેં ચેતવણીઓ ન કરી હોત તો આજે હું તારી બધી ઔલાદ પર જરૂર રહમ કરત, અને જે સખત અઝાબ મેં તેમના માટે તૈયાર કરી રાખ્યો છે તેનાથી નજાત અર્પણ કરી આપત. પરંતું મારો કૌલ હક્ક છે કે **જે મારા રસૂલોને જૂઠલાવશે અને મારી નાફર્માની કરશે તો હું જરૂર જહન્નમને એ સૌથી ભરી દઈશ.** *(કન્ઝુલ ઉમ્માલ, ફી સુનનિલ્ અક્વાલ વલ્અફઆલ, ૨/૧૯૩૫, હ. ૩૯૭૬૭)*

આ હદીષ ઈમામ હકીમ તિર્મિઝી رحمۃ اللہ علیہ એ નવાદિરુલ ઉસૂલમાં તખરીજ કરી છે તેની શરૂઆતમાં કાંઈક વધારો છે જે સનદ સાથે છે.

(અનુવાદ) : અમને અબ્દુલ્લાહ ઈબ્ને ઝિયાદે હદીષ વર્ણવી. તે કહે છે : અમને સૈયારે હદીષ વર્ણવી. તે કહે છે, અમને અબૂ આસિમ ઓબાદાનીએ હદીષ વર્ણવી. તે કહે છે, અમને ફઝલ બિન ઈસાએ હદીષ વર્ણવી. તે હઝરત હસન બસરીથી રિવાયત કરે છે. તેમણે ફર્માવ્યું કે હઝરત અબૂ હરૈરહ رضی اللہ عنہ એ મિમ્બરે રસૂલ ﷺ પર અમને ખુત્બો આપ્યો, તો ફર્માવ્યું કે મેં રસૂલુલ્લાહ ﷺ થી ફર્માવતાં સાંભળ્યું કે બેશક ! અલ્લાહ તઆલા (અવલાદે આદમના વિશે પોતાના ફૈસલાનું અયન હક્ક હોવું સ્પષ્ટ કરવા માટે) હઝરત આદમને ત્રણ રીતે સફાઈ આપશે.... છેવટ સુધી.

આ હદીષ ઝઈફ છે. અહીં તેને કેવળ એટલા માટે રજૂ કરવામાં આવી છે કે જે અકીદો અક્લે સલીમ (સદ્બુધ્ધિ) તથા કિતાબ તથા સુન્નત તથા ઉમ્મતના ઈજમાઅથી સાબિત છે, એનું સમર્થન આ હદીષથી થઈ જાય.

આ હદીષે પાક એ સ્પષ્ટપણે છે કે : ★ અલ્લાહ તઆલા જૂઠ તથા વાદાખિલાફીને નાપસંદ જાણે છે. ★ અને જૂઠ તથા વાદાખિલાફી પર અલ્લાહે ચેતવણી આપી છે. એટલા માટે અલ્લાહ તઆલા કયામતના દિવસે તેના તથા તેના રસૂલોના નાફર્માનો પર રહમ નહીં કરે અને તેમને જહન્નમમાં નાખી દેશે.

એનાથી જાહેર થાય છે કે અલ્લાહ તબારક વ તઆલાથી જૂઠ તથા વાદા ખિલાફી અશક્ય છે કે જે ચીજ તેની દષ્ટિએ દુશ્મન (ધૃણાસ્પદ) છે તે એના માટે શક્ય ન થશે.

## ★ રબનું અયબોથી પાક હોવા સંબંધે મુસ્લિમોનો ઈજમાઅ ★

અલ્લાહ તઆલા સર્વ અયબો તથા બુરાઈઓથી પાક સાફ છે એના પર સંયુક્તપણે મુસલમાનોનો ઈજમાઅ છે, કેમ કે જેનાથી પણ પૂછશો તે એવું કહેશે કે અલ્લાહ તઆલા પાક, બેઅયબ છે. અને એના વિરુધ્ધ કોઈ વાત કહેવામાં આવે તો એનાથી નફરત તથા નારાઝગી પ્રદર્શિત કરશે.

**ચર્ચાનો સાર** : આ ત્રણ પ્રકારની દલીલો થઈ : ★ અકલી દલીલો ★ કિતાબ તથા સુન્નતની દલીલો ★ આમ મુસલમાનોનો ઈજમાઅ.

આ સૌ એ બાબતનાં સાક્ષી છે કે ખુદાએ સુબ્બૂહ તથા કુદુસ, જૂઠ તથા દરેક પ્રકારની અયબો તથા બુરાઈઓથી પાક તથા સાફ છે. સર્વ મખ્લૂક તેની પ્રશંસા કરે છે તથા તેની પાકી વર્ણવે છે. ખુદાએ બરતર વ તવાના પણ પોતાની પાકી તથા અસ્દકિયત (સૌથી સાચા) હોવાનું એલાન કરે છે. એટલા માટે **અહલે હક્ક, એહલે સુન્નત વ જમાઅત તેના હક્કમાં જૂઠ તથા જૂઠની શક્યતાને મુહાલે ઝાતી (ઝાતી તૌર પર અશક્ય) માને છે.** કાશ ! વહાબીઓ પોતાના આ અકીદાથી દૂર થઈને આ દલીલોની રોશનીમાં પોતાની સુધારણા કરી લે અને ખુદાએ કુદુસની અસ્દકિયત (સૌથી અધિક સાચા હોવા)ના માનનારા બની જાય.

*(હવાલો : અહાદીષે સહીહૈનસે ગૈર મુકલ્લિદીનકા ઈન્હેરાફ, ભાગ-૧)*

www.barkatekhwaja.net

# હુઝૂર ﷺનું સામાજિક વલણ તથા વહેવાર

**રજૂ : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**
*(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

સામાજિક જીવનમાં અન્ય લોકો સાથે મેલજોલ એક એવું આવશ્યક તત્વ છે જેનાથી આપણને રોજ વાસ્તો પડે છે. હવે સવાલ એ ઉત્પન્ન થાય છે કે જ્યારે બીજા લોકોથી મુલાકાત થાય તો એવું ક્યુ વલણ અપનાવવામાં આવે જેનાથી મેલજોલમાં નફરતના બદલે મહોબ્બત પેદા થાય. આ સંદર્ભમાં હુઝૂરે અકરમ ﷺએ સુવર્ણ મનોવૈજ્ઞાનિક સિદ્ધાંતો દ્વારા આપણને વિવિધ રીતે તા'લીમાત આપી છે. અન્ય લોકો સાથે મહોબ્બતનો વર્તાવ કરવો એક એવું મુખ્ય વલણ છે જે આપણી તમામ સમસ્યાઓના ઉકેલની ચાવી છે.

## આપસમાં મહોબ્બતનો વર્તાવ રાખો

પરસ્પર પ્રેમનું વલણ : આધુનિક સંશોધનો મુજબ મહોબ્બત આપણી Emotional Health પર સકારાત્મક અસરો છોડે છે. જ્યારે અન્ય વ્યક્તિ આપણી સાથે મહોબ્બત અને હૂંફ સાથે મળે છે તો તેનાથી આપણા વલણો અને ચારિત્ર પર સારી અને સુખદ અસરો થાય છે. મળનાર અપરિચિત વ્યક્તિ હોય અને પહેલી મુલાકાતમાં જ તેના તરફથી મહોબ્બત અને હૂંફ મળે તો આપણા દિમાગમાં તેના પ્રતિ નકારાત્મક ભાવનાઓ જનમતી નથી અને તેનાથી પરાયાપણુ અનુભાવાતું નથી. જેના કારણે આપણું વર્તન આપોઆપ બદલાય છે અને તેની સાથે અપનાઈયત અનુભવાય છે. આ વલણના કારણે આપસમાં એક મૈત્રીપૂર્ણ વાતાવરણ સર્જાય છે જે સારી રીતે એક બીજાને સમજવામાં મદદરૂપ થાય છે. એટલા માટે હુઝૂર ﷺએ આપણને એવી તા'લીમાત અપનાવવાનો હુકમ આપ્યો છે કે જો આપણે તેના પર અમલ કરતા થઈ જઈએ તો નફરતોના બદલે મહોબ્બતો પેદા થશે.

## મહોબ્બત પેદા કરવાના માધ્યમો

મહોબ્બત પેદા કરવાના સરળ માધ્યમોમાંથી એક માધ્યમ સલામ કરવું છે. એટલા માટે જ હુઝૂર ﷺએ આપણને એ હુકમ આપ્યો છે કે **જ્યારે પણ બે મુસલમાન એક બીજાથી મુલાકાત કરે તો એકબીજાને સલામ કરે. આમ કરવાથી પરસ્પર મહોબ્બત વધે છે.** રિવાયત છે : તમે ત્યાં સુધી જન્નતમાં નહીં જાવ જ્યાં સુધી ઈમાન નહીં લાવો, અને **કામિલ મો'મિન નહીં બનો જ્યાં સુધી આપસમાં મહોબ્બત નહીં કરો.** શું હું તમને એવી ચીજ ન જણાવું કે જ્યારે તમે તેના પર અમલ કરશો તો એકબીજાથી મહોબ્બત કરવા લાગશો ? તે એ છે કે આપસમાં દરેક વ્યક્તિને સલામ કર્યા કરો. *(મુસ્લિમ શરીફ)*

આ હદીષમાં કામિલ મો'મિનની નિશાની એ બતાવવામાં આવી છે કે તે મહોબ્બતના વલણવાળો હશે અને મહોબ્બતના આ વલણને પેદા કરવાનો સરળ તરીકો એ છે કે મુલાકાતના સમયે એકબીજાને સલામ કરવાના આ તરીકાને અપનાવવામાં આવે. કારણ કે **સલામ, બીજા વ્યક્તિના દિલને ખોલવાની ચાવી છે, તેનાથી એકબીજા પ્રતિ પ્રેમભાવ અને સ્નેહ ઉત્પન્ન થાય છે.** અને એક હદીષમાં છે : (ભાવાર્થ) એક વ્યક્તિએ નબીએ કરીમ ﷺથી પૂછયું, ક્યો (અમલ) ઈસ્લામ (માં) ઉત્તમ છે ? તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, લોકોને ખાણુ ખવડાવો અને જેને જાણો છો અને જેને નથી જાણતા સૌને સલામ કરો. *(બુખારી)*

## સકારાત્મક વર્તન વ્યક્ત કરવામાં પહેલ કરવી

મુલાકાતના સમયે એક સામાન્યત વર્તન એ જોવા મળે છે કે ઘણા બધા લોકો જ્યારે અન્ય લોકો સાથે મુલાકાત કરે છે તો તેઓ બીજાથી એ અપેક્ષા રાખે છે કે સકારાત્મક રીતે મુલાકાતનો પ્રારંભ સામેવાળી વ્યક્તિ કરે. તેઓ પોતે આવી કોઈ શક્યતા ઊભી કરતા નથી, જેના કારણે ઘણી સામાજિક સમસ્યાઓ ઊભી થાય છે. જેમ કે એક તો અવિશ્વાસનું વાતાવરણ સર્જાય છે, એ જ

www.barkatekhwaja.net

રીતે એકબીજાથી કતરાવાના કારણે વ્યક્તિ એકલતાનો ભોગ બને છે. માટે આવા નકારાત્મક વલણને બદલવા માટે હુઝૂર ﷺએ ફર્માવ્યું, (ભાવાર્થ) : **સલામમાં પહેલ કરનાર અહંકારથી મુક્ત છે.** (સુનને બયહકી)

## મુસાફહા (શેક હેન્ડ)ની મનોવૈજ્ઞાનિક અસરો

હુઝૂર ﷺની સીરતે તૈયબાની તા'લીમાતના મુજબ મુલાકાત સમયે આદર અને સમ્માન તથા પ્રેમનું વલણ વ્યક્ત કરવાનું એક માધ્યમ મુસાફો પણ છે. માત્ર સલામ કરતાં સલામ સાથે મુસાફાની મનોવૈજ્ઞાનિક અસરો વધુ જોવા મળે છે અને તેનાથી બીજાના વલણ પર પોઝિટિવ પ્રભાવ પડે છે કારણ કે મુસાફો પણ નિકટતાનું એક માધ્યમ છે. જેમ કે ડેસમન્ડ મોરિસ (**Desmond Morris**) એ નિકટતાનો અર્થ એ વર્ણવ્યો છે કે, "બે લોકોનું શારીરિક રીતે સંપર્કમાં આવવું અને મળવું." તેમના મતે સ્પર્શ ભલે તે ગળે મળવાથી હોય અથવા હાથ મિલાવવાથી હોય તે એક એવું માધ્યમ છે જે બે વ્યક્તિઓ દરમિયાન પરસ્પર સંતોષ અને રાહતનું કારણ બને છે. *(ખુશ રેહને કા ફન, પેજ:૬૦, લેખક દલાઈ લામા)*

એટલા જ માટે હુઝૂર ﷺએ પોતાની ઉમ્મતને મુસાફહા કરવાની તા'લીમ અને પ્રોત્સાહન આપ્યું છે. (ભાવાર્થ) : જ્યારે બે મુસલમાન મુલાકાતના સમયે એકબીજા સાથે મુસાફો કરે છે તો અલ્લાહ તઆલા અલગ થતાં પહેલાં તેમને બખ્શી દે છે. (તિર્મિઝી શરીફ) હુઝૂર ﷺનો પોતાનો અમલ પણ મુસાફો કરવાનો હતો, રિવાયત છે કે જ્યારે કોઈ વ્યક્તિ નબી ﷺ સમક્ષ આવતો તો આપ તેની સાથે મુસાફહો કરતા અને ત્યાં સુધી પોતાનો હાથ ન ખેંચતા જ્યાં સુધી સામી વ્યક્તિ પોતે હાથ ન ખેંચતી. અને ત્યાં સુધી પોતાનું મોઢું ન ફેરવતા જ્યાં સુધી તે પોતાનું મોઢું ન ફેરવી લે, અને કદી પણ હુઝૂર ﷺને સામે બેઠેલા વ્યક્તિ સામે પગ ફેલાવતા ન જોવામાં આવ્યા. *(ઉપર મુજબ)*

## દરેક સાથે તેના માનસિક સ્તર મુજબ વ્યવહાર કરવામાં આવે

સામાજિક જીવનમાં અલગ અલગ લોકોથી વાસ્તો પડે છે જેમાંથી દરેકની માનસિક સ્થિતિ અલગ હોય છે. સુખદ સામાજિક જીવન માટે એ જરૂરી છે કે દરેકની સાથે તેના માનસિક સ્તર મુજબ વર્તન કરવામાં આવે જેથી કોઈ પ્રકારની કોઈ સમસ્યા ન બને. આ બાબતે હુઝૂર ﷺની સીરતે તૈયબામાં અસંખ્ય ઉદાહરણો જોવા મળે છે. જેમ કે રિવાયત છે : હુઝૂર ﷺ પાસે એક ગામડિયો આવ્યો અને કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ મારી પત્નીએ એક કાળા બાળકને જન્મ આપ્યો છે. આપ ﷺએ પૂછયુ, તારી પાસે ઊંટ છે ? તેણે કહ્યું, જી હા ! તો હુઝૂર ﷺએ પૂછયું, તેમના રંગ કેવા છે ? તેણે કહ્યું, લાલ. પછી આપ ﷺએ પૂછયું, તેમાં કોઈ ઊંટ ભૂરા રંગનું પણ છે ? તેણે કહ્યું, હા ! ત્યાર બાદ નબી ﷺએ પૂછયું, આ ઊંટ ક્યાંથી આવ્યું ? તેણે કહ્યું, મારા ખયાલથી કોઈ નસે એ રંગને ખેંચ્યો હશે જેના કારણે આવું ઊંટ જન્મ્યું. નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, તો એ પણ શક્ય છે કે તારા બાળકનો રંગ પણ કોઈ નસે ખેંચી લીધો હોય. *(બુખારી શરીફ)*

આ જ પ્રકારનો અન્ય એક બનાવ છે કે એક નવયુવાન નબીએ પાક ﷺની ખિદમતમાં હાજર થયો અને વિના સંકોચે અર્ઝ કર્યુ : હે અલ્લાહના રસૂલ ! મને ઝિનાની ઈજાઝત આપો. સહાબાએ કિરામ નવયુવાનને ઠપકો આપવા લાગ્યા. પરંતુ આપ ﷺએ નવયુવાનને નજીક બોલાવ્યો અને ફર્માવ્યું, શું તું એ વાત તારી માતા માટે પસંદ કરે છે ? નવયુવાને કહ્યું, મારા પ્રાણ આપ પર કુર્બાન, આ વાત હું મારી માતા માટે કદી પસંદ નથી કરી શકતો ! પછી આપે તેને ફર્માવ્યું, બીજા લોકો પણ પોતાની માતાઓ માટે આવી વાત પસંદ નથી કરતા. હુઝૂર ﷺએ તેની બહેન, ફોઈ અને માસી વગેરે માટે પણ આ પ્રકારના સવાલ કર્યા કે શું તું એ લોકો માટે આ વાત પસંદ કરે છે ? તે દરેક વાર કહેતો, મારી જાન આપના પર કુર્બાન ! ખુદાની કસમ ! હું આ વાત હરગિઝ પસંદ નથી કરી શકતો ! હુઝૂર ﷺએ નવયુવાન પર પોતાના હાથ મુબારકને રાખી દુઆ ફર્માવી, ત્યાર બાદ તે કદી પણ એ વાત તરફ આકર્ષિત ન થયો.

www.barkatekhwaja.net

આ રિવાયતથી પણ એ વાત જણાય છે હુઝૂર ﷺએ તેને ઠપકો આપવાના બદલે તેની માનસિક સ્થિતિને ધ્યાનમાં રાખી તેની સાથે એવું વર્તન અપનાવ્યું જેનાથી હમેશાં માટે નવયુવાનને એ ગુનાહથી નફરત થઈ ગઈ. *(મુસ્નદે ઈમામ અહમદ બિન હંબલ)*

આ એક સામાન્ય અનુભવ છે કે સામાન્યતઃ ગામડાઓમાં શિક્ષણની તકોના અભાવે ગામડાના લોકોમાં જહાલત અધિક હોય છે અને તેઓ સામાન્ય રીતે સમાજના શિષ્ટાચારથી નાવાકેફ હોય છે, મર્યાદા, સભ્યતા વગેરેથી નાવાકેફ હોય છે. જ્યારે કે એમની તુલનામાં સામાન્યતઃ શહેરીઓમાં તા'લીમ અધિક હોવાના કારણે તેઓ શિષ્ટાચારથી પણ ખૂબ વાકેફ હોય છે. સભ્યતા, ઉત્તમ રહન સહન વગેરે તેમનામાં અધિક જોવા મળે છે. એટલા માટે હુઝૂર ﷺનો વ્યવહાર ગામડાઓના લોકો સાથે બિલકુલ અલગ પ્રકારોનો હોતો અને શહેરીઓ સાથે અલગ. ગામડિયાઓના કડક વલણ અને ઉધ્ધત વર્તન છતાં હુઝૂર ﷺ તેમની સાથે નર્મી અને મહેરબાનીનું વર્તન કરતા. તેમના ઉલ્ટા સુલ્ટા પ્રશ્નોથી બુરું ન માનતા.

રિવાયત છે : એકવાર એક ગામડાવાસી લોકોની હાજરીમાં મસ્જિદે નબવીમાં ઉભો થઈ પેશાબ કરવા લાગ્યો. સહાબાએ તેને રોક્યો તો હુઝૂર ﷺએ તેમને મના ફર્માવ્યું અને તેને પેશાબ કરવા દીધો. જ્યારે તે કરી ચૂક્યો તો હુઝૂર ﷺએ તેને બોલાવી મસ્જિદની અદબ શીખવાડી અને સહેજ પણ નારાજગી દર્શાવી નહીં. (બુખારી શરીફ) તેનાથી વિપરિત જે સહાબાએ કિરામ મદીનામાં રહેતા હતા તેમની ભૂલોને અવગણવાને બદલે તેમની પૂછતાછ કરવામાં આવતી. એકવાર હઝરત અબૂબક્ર સિદ્દીક઼ અને હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہما વચ્ચે વાતચીત દરમિયાન થોડી નારાજગી પેદા થઈ ગઈ. જેના પર હુઝૂર ﷺએ હઝરત ઉમર رضی اللہ عنہ પર નારાઝગી વ્યક્ત ફર્માવી. *(બુખારી શરીફ)*

## બીજા લોકો સાથે નરમ વર્તન અપનાવવું

દરેક ઈન્સાનની એ સ્વભાવિક ઈચ્છા હોય છે કે બીજા લોકો તેની સાથે વ્યવહારમાં નર્મી કરે અને દરેક સમાજમાં એવા લોકોની કદર થાય છે જેઓ નમ્રતાના ગુણથી સજ્જ હોય છે, કારણ કે જે વ્યક્તિ વિનમ્ર વર્તન અપનાવે છે તો તેના કારણે લોકો સાથે તેની મેલજોલ વધી જાય છે અને સામાન્યતઃ વિનમ્ર વ્યક્તિ અન્યોની તુલનામાં બીજા લોકોને અધિક લાભ પહોંચાડે છે અને આ ગુણના કારણ તે સર્વ પ્રિય બની જાય છે. એટલા માટે નબી કરીમ ﷺએ નર્મી અપનાવવાનો હુકમ આપ્યો છે : "બેશક ! અલ્લાહ તઆલા મહેરબાન છે અને મેહરબાની તથા નર્મી કરવાને પસંદ ફર્માવે છે અને નર્મી પર જે સવાબ અતા કરે છે જે સખ્તી પર નથી આપતો. *(સુનને ઈબ્ને માજા)*

એ જ રીતે વ્યવહારમાં નર્મી અપનાવવા બાબત ફર્માવ્યું : "અલ્લાહ એ બંદા પર રહમ કરે જે વહેંચતી વેળા નર્મી કરે અને ખરીદે ત્યારે પણ નર્મી કરે અને જ્યારે માગણી કરે તો નર્મી સાથે કરે." *(સુનને ઈબ્ને માજા)*

નર્મીના મહત્વનું અનુમાન આ હદીષથી લગાડી શકાય છે જેમાં હુઝૂર અકરમ ﷺએ ફર્માવ્યું :–

"જે નર્મીથી વંચિત કરી દેવામાં આવ્યો તે સર્વ ભલાઈથી વંચિત કરી દેવામાં આવ્યો." *(મુસ્લિમ શરીફ)*

તે વ્યક્તિમાં કોઈ ભલાઈ નથી જેમાં નર્મી ન હોય.

## પશુઓ સાથે પણ નર્મી કરવી

આપણા પ્યારા નબી ﷺ નરમ વર્તનને અત્યંત પસંદ ફર્માવતા. ઈન્સાન તો ઈન્સાન આપણા નબી ﷺએ પશુઓ સાથે પણ નર્મી કરવા અને તેમના પણ મનોવિજ્ઞાનનું ધ્યાન રાખવાનો આદેશ કર્યો છે :

"હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે; આપ ﷺ (તન્હાઈમાં ઈબાદત માટે) ટેકરીઓ પર જતા, એકવાર આપે જવાનો ઈરાદો ફર્માવ્યો તો મારા પાસે સદક઼ાના ઊંટોમાંથી એક ઊંટ મોકલ્યું જેના પર સવારી કરવામાં ન આવી હતી અને ફર્માવ્યું, હે આઈશા ! તેની સાથે નર્મી કરજો કારણ કે જે ચીજમાં નર્મી હોય છે તે (નર્મી) તેને ઉત્તમ અને સુંદર બનાવી દે છે અને જે ચીજથી નર્મી છીનવી લેવામાં આવે તેને એબદાર બનાવી દે છે. *(ક્રમશઃ)*

www.barkatekhwaja.net

# ઈમામે આ'ઝમ અબૂ હનીફા رحمۃ اللہ علیہ

હફ્તો-૩

**લેખક : હઝરત મૌલાના મુફ્તી શફીક અહમદ શરીફી** *(દારુલ ઉલૂમ ગરીબ નવાઝ, ઈલાહાબાદ)*

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

## ★ અસીમ બુદ્ધિ દર્શાવતા પ્રસંગો ★

ખતીબે ઈબ્ને મુબારકથી નક્લ કર્યું કે મેં કોઈ વ્યક્તિને ઈમામ સાહબથી વધુ બુદ્ધિશાળી નથી જોયો. હારૂન રશીદથી રિવાયત છે કે તેમની સમક્ષ ઈમામ સાહેબનો ઉલ્લેખ થયો. હારૂન રશીદે તેમના હક્કમાં રહ્મત માટેની દુઆ કરી અને કહ્યું કે, તેઓ અક્કલની આંખ વડે તે વસ્તુને જોતા હતા જેને બીજા માથાની આંખ વડે જોઈ શક્તા ન હતા. અલી ઈબ્ને આસિમથી રિવાયત છે કે **જો ઈમામ અબૂ હનીફાની બુદ્ધિ તમામ જમીનવાળાઓની બુદ્ધિ સાથે તોલવામાં આવે તો જરૂર ઈમામ સાહબની બુદ્ધિ સૌમાં ભારે થઈ જાય.** ઈમામ શાફઈએ કહ્યું કે કોઈ સ્ત્રીએ ઈમામ સાહબથી વધુ બુદ્ધિશાળી પુત્ર પેદા નથી કર્યો.

ઈમામ સાહબની તીવ્ર બુદ્ધિ અને અતિ કઠિન મસાઈલના લાજવાબ જવાબો :–

**(૧)** આપના વિરોધીઓમાંથી એક વ્યક્તિએ પૂછયું કે એવા શખ્સના બારામાં શું ફર્માવો છો જે (અ) જન્નતનો ઉમ્મીદવાર ન હોય (ર) ન દોઝખથી ડરતો હોય ન પરવરદિગારથી (ક) મુરદાર ખાતો હોય (ડ) રુકૂઅ તથા સિજદાઓ વગર નમાઝ પઢતો હોય (ચ) વણ જોએલી વાત પર ગવાહી આપતો રહે છે. (છ) સાચી વાતને નાપસંદ કરે છે. (જ) ફિત્નાને દોસ્ત રાખે છે. (ઝ) રહમતથી નાસે છે. (ત) યહૂદી તથા નસારાને સમર્થન કરે છે. આપે ફર્માવ્યું, શું તને આવી વ્યક્તિના વિશે જાણ છે ? તેણે કહ્યું, ના ! પણ મેં તેનાથી વધુ બુરો માણસ કોઈ જોયો નથી. ઈમામ સાહબે પોતાના શાગિર્દોને પૂછયું કે, આવી વ્યક્તિના વિશે શું કહો છો ? તે લોકોએ કહ્યું, આવો શખ્સ ખૂબ જ બુરો છે, આ સિફત કાફિરની છે. આપે સ્મિત કર્યું અને કહ્યું, આવી વ્યક્તિ અલ્લાહની સાચી દોસ્ત છે ! ત્યાર બાદ તે પ્રશ્ન કરનારને સંબોધીને કહ્યું, જો આનો જવાબ બતાવી દઉં તો મારી બદ્ગોઈ કરવાથી અટકી જઈશ ? તેણે કહ્યું, હા !

આપે કહ્યું, (અ) તે વ્યક્તિ જન્નતના પાલનહારની ઉમ્મીદ રાખે છે. (બ) અને દોઝખના ખાલિકથી ડરે છે અને અલ્લાહ તઆલાથી તે વાતનો ડર નથી રાખતો કે પોતાની બાદશાહતમાં તેના પર જુલ્મ કરે. (ક) મરેલી માછલી ખાય છે. (ડ) જનાઝાની નમાઝ પઢે છે. નબી કરીમ ﷺ પર દુરૂદ પઢે છે. (ચ) વણ જોયલી વાત પર ગવાહી આપવાનો અર્થ એ કે તે ગવાહી આપે છે કે અલ્લાહ સિવાય કોઈ મઅ્બૂદ નથી અને હઝરત મુહમ્મદ ﷺ તેના બંદા અને રસૂલ છે. અને (છ) તે મોતને નાપસંદ કરે છે જે હક્ક છે, કે જેથી રબ તઆલાની ફર્માબરદારી કરે. (જ) અને માલ તથા ઔલાદ ફિત્નો છે જેને તે દોસ્ત રાખે છે. અને (ઝ) વરસાદ જે રહમત છે (જે વરસાદથી તે નાસે છે) (ત) આ માણસ યહૂદીઓની તે વાતમાં તસ્દીક (સમર્થન) કરે છે કે નસારા કોઈ ચીજ નથી અને નસારાની તે વાતમાં તસ્દીક કરે છે યહૂદી કોઈ ચીજ નથી.

ત્યારે તે વ્યક્તિ ઊંડી સમજાવટભર્યો અને અવાક કરી દેનારો જવાબ સાંભળીને ઉભો થઈ ગયો અને

www.barkatekhwaja.net

ઈમામ સાહબના સર મુબારકને બોસો દીધો. અને કહ્યું, હું કસમપૂર્વક કહું છું કે આપ હક્ક પર છો.

**(૨)** હઝરત ઈમામ અબૂ યૂસુફ عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانُ બીમાર થયા તો ઈમામે આ'ઝમે ફર્માવ્યું, જો આ છોકરો મૃત્યુ પામશે તો પૃથ્વીના પટ પર તેનો કાઈમ મુકામ (તેની જગા સંભાળે તેવો નાયબ) નહીં હોય. જયારે ઈમામ અબૂ યૂસુફને તંદુરસ્તી મળી તો તેમનામાં સ્વાભિમાન આવી ગયું અને જુદી ફિકહની મજલિસ સ્થાપી દીધી અને દર્સ દેવા લાગ્યા. ઈમામ સાહબને જ્યારે આ વાતની જાણ થઈ તો કેટલાક હાજરજનોને કહ્યું કે અબૂ યૂસુફની મજલિસમાં જાવ અને તેમનાથી પૂછો કે, આપ આ સ્થિતિમાં શું ફર્માવો છો કે એક વ્યક્તિએ ધોબીને મેલાં કપડાં આપ્યાં કે બે દિરહમમાં ધોઈ આપ. થોડાક દિવસો બાદ તેણે કપડાં માગ્યાં તો ધોબીએ ના પાડી. ત્યાર બાદ તે વ્યક્તિએ ફરી માગ્યાં તો ધોબીએ ધોએલાં કપડાં તે વ્યક્તિને આપ્યાં, તો તે કપડાંની ધોલાઈ તે વ્યક્તિ પર વાજિબ થશે કે નહીં ? જો જવાબ આપે કે તે વ્યક્તિને મજૂરી મળવી જોઈએ તો કહી દો કે આપે ભૂલ કરી ! અને જો કહે કે મજૂરી ન મળવી જોઈએ તો પણ કહી દો કે આપે ભૂલ કરી છે ! ત્યાર બાદ તે વ્યક્તિ ઈમામ અબૂ યૂસુફની મજલિસમાં ગયો અને તે જ મસ્અલો રજૂ કર્યો. ઈમામ અબૂ યૂસુફે કહ્યું કે વાજિબ છે, તો વ્યક્તિએ કહ્યું કે આપે ભૂલ કરી. ત્યાર બાદ ઈમામ અબૂ યૂસુફે થોડીવાર વિચારીને કહ્યું, ના (વાજિબ નથી) ! તો તે વ્યક્તિએ ફરી કહ્યું, આપે ભૂલ કરી છે. તો ઈમામ અબૂ યૂસુફ તે જ ઘડીએ ઈમામે આ'ઝમની ખિદમતમાં હાજર થયા. ઈમામ સાહબે ફર્માવ્યું, કદાચ ધોબીવાળા મસ્અલા માટે આવ્યા છો ?! તેમણે કહ્યું, હા. ફર્માવ્યું, સુબ્હાનલ્લાહ ! જે વ્યક્તિ મુફતી બની જાય, લોકોને ફત્વા આપવા બેસે, દીને ઈલાહીનો હાદી (હિદાયત કરનાર) બની જાય અને રુત્બો તેનો એટલો હોય કે એક મસ્અલો મજૂરી વિશેનો પણ ખબર ન હોય ! ઈમામ અબૂ યૂસુફે અર્ઝ કરી, મને જણાવવામાં આવે. આપે ફર્માવ્યું, જો તેણે બળજબરીથી છીનવી લેતાં (પચાવી પાડતાં) પહેલાં ધોયું તો મજૂરી વાજિબ છે. એટલે કે તેણે મૂળ માલિકના માટે ધોયું, જો છીનવી લીધા બાદ ધોયું તો મજૂરીનો હક્કદાર નથી, કારણ કે તેણે પોતાના માટે ધોયું.

**(૩)** ઈમામ સાહબ અન્ય ઉલમાની સાથે એક વલીમાની દા'વતમાં ગયા જેણે તેની બે પુત્રીઓના નિકાહ બે ભાઈઓ સાથે કરી દીધા હતા. તે માણસ (યજમાન) મકાનની બહાર આવ્યો અને બોલ્યો કે અમે લોકો અતિ મુશ્કેલીમાં ફસાયા છીએ. રાત્રે ભૂલથી દુલ્હનો બદલાઈ ગઈ અને દરેકે ઉલટ સુલટ સ્ત્રીથી સંભોગ કર્યો છે. સુફયાને કહ્યું કે કાંઈ વાંધો નહીં, અમીર મુઆવિયહ رضی اللہ عنہ એ આવો જ એક સવાલ મોકલ્યો હતો તો મૌલા અલી کرم اللہ وجہہ الکریم એ તેનો જવાબ એ આપ્યો કે દરેક વ્યક્તિ પર સોહબતના કારણે મહેર વાજિબ છે અને દરેક સ્ત્રી પોતાના શોહર (પતિ)ની પાસે ચાલી જાય, લોકોએ એ જવાબ પસંદ કર્યો. ઈમામ સાહબ ખામોશ હતા. મિસઅરે ઈમામ સાહબને કહ્યું, આપ ફર્માવો ! હઝરત સુફયાને કહ્યું, આ સિવાય બીજુ શું કહેશે ? ઈમામ સાહબે ફર્માવ્યું, મારી પાસે બંને છોકરાઓને લાવો ! બંને છોકરા હાજર કરવામાં આવ્યા. આપે દરેકને પૂછયું, રાત્રે જે સ્ત્રીની સાથે રહ્યા તે તમને પસંદ છે ? બંને જણે હા પાડી. આપે પૂછયું, તે સ્ત્રીનું શું નામ છે જે આપના ભાઈ પાસે રહી, તેમણે કહ્યું, ફલાણું. દરેક પોત પોતાની પત્ની જે બીજા પાસે રહી તેને તલાક આપી દે અને જે સ્ત્રી તેની પાસે સૂતી છે તેનાથી શાદી કરી લે. લોકોએ આપનો આ જવાબ માનધાનથી સ્વીકાર્યો અને મિસઅર ઉભા થયા અને આપની પેશાનીને

www.barkatekhwaja.net

બોસો આપ્યો. સુફયાન ચુપ હતા, કાંઈ ન બોલ્યા.

**ચેતવણી** : જે જવાબ હઝરત સુફયાને હઝરત અલીનો બયાન કર્યો તો આ જવાબની વિરુદ્ધ નથી જે ઈમામ સાહબે બયાન કર્યો, બંને હુકમો તદ્દન હક્ક્ છે. સુફયાનના જવાબનો ખુલાસો એ છે કે આ સંભોગ પત્ની હોવાની આશંકા સાથે થયો જેમાં મહેર વાજિબ થાય છે અને તેનાથી નિકાહ તૂટતા નથી. અને ઈમામ સાહબે જે જવાબ આપ્યો તેનું કારણ એ છે કે અબૂ સુફયાનનો જવાબ જો કે ઠીક હતો પણ તેમાં ઘણી ખરાબીઓનો સંભવ હતો કે જો દરેક સ્ત્રી પોતાના પતિ પાસે જતી રહે જો કે તેઓ અન્ય સાથે સંભોગ કરી ચૂકી છે. અને તેની બાતિની (છુપી) ખૂબીઓથી બીજો માહિતગાર થઈ ચૂકેલ છે માટે ડર રહે છે કે દરેકનું દિલ તેના પ્રત્યે આકર્ષિત થઈ ચૂક્યું હોય અને જ્યારે તે તેની પાસેથી છીનવી લઈને બીજાને મળે તો કદાચ તેની મહોબ્બત તેના દિલમાંથી ન જાય. એટલા માટે જાહેરી હિકમતનો તકાઝો એ જ હતો કે જે અલ્લાહ તઆલાએ ઈમામ સાહબને ઈલ્હામ ફર્માવ્યો. અને જો બંને સુફયાનના ફત્વા મુજબ એ જ પ્રમાણે રહેત તેથી તેમાં જે ખરાબી હતી તેનાથી માહિતગાર થઈને હુકમ આપ્યો કે દરેક વ્યક્તિ પોતાની તે પત્ની જેનાથી બીજો સંભોગ કરી ચૂકેલ છે તેને તલાક દઈ દે અને દરેક પોતે તેનાથી નિકાહ કરી લે અને તેમાં ઈદ્દતની જરૂર નથી. કેમ કે પત્ની હોવાની આશંકાની સાથે મિલાપ થવાથી ઈદ્દત વાજિબ નથી, આશંકાના લીધે જે સ્ત્રી સાથે સંભોગ કરી લીધો તેનાથી નિકાહ કરવા જાઈઝ છે. આ જાહેરી મસ્લેહતના લીધે કોઈએ કાંઈ વાંધો ન લીધો અને સુફયાન ષૌરી પણ ચુપ રહ્યા. અને અન્ય લોકોએ જવાબને પસંદ કર્યો એટલે સુધી કે મિસઅર ઈબ્ને કુદામે ઈમામ સાહબની પેશાનીને બોસો આપ્યો.

**(૪)** ઈમામ સાહબ એક હાશમી સૈયદના જનાઝામાં તશરીફ લઈ ગયા જેમાં અન્ય ઈજ્જતદાર વ્યક્તિઓ તથા ઉલમાએ કિરામ પણ સામેલ હતા, એવામાં તેની (મરનારની) મા ઉઘાડે મોઢે ગમના આવેશમાં બહાર નીકળી અને તેના (જનાઝા) પર પોતાનુ કપડું નાખી દીધું. એ હાલત જોઈને તેના પતિએ કસમ ખાધી કે પાછી જા, નહીં તો તલાક છે. તે સ્ત્રીએ કસમ ખાધી કે જો નમાઝ થયા વગર પાછી જાઉં તો મારી માલિકીમાં જેટલા ગુલામો છે સૌ આઝાદ છે ! તો બધા લોકો રોકાઈ ગયા અને કોઈ કાંઈ બોલ્યું નહીં, તેના પિતાએ ઈમામ સાહબથી મસ્અલો પૂછયો, આપે તેને તથા તેની પત્નીને કસમ દોહરાવવા કહ્યું, પછી હુકમ આપ્યો કે નમાઝ પઢવામાં આવે. ત્યાર બાદ તે સ્ત્રીને પાછી જવા માટે કહ્યું, ઈબ્ને શુબ્રમહએ કહ્યું, ઔરતો આજિઝ છે કે આપના જેવા તેજ બુદ્ધિવાળા પુત્રને જન્મ આપે ! આપને ઈલ્મમાં કાંઈ તકલીફ નથી.

**(૫)** જ્યારે હઝરત કતાદા કૂફા તશરીફ લાવ્યા તો ફર્માવ્યું, જે કોઈ હરામ હલાલનો મસ્અલો પૂછશે તેને જવાબ આપીશ. ઈમામ સાહબે પૂછાવ્યું, શું ફર્માવો છો તે શખ્સના બારામાં જે પોતાની પત્નીથી ગુમ થઈ ગયો અને કેટલા વરસો સુધી ગાયબ રહ્યો એટલે સુધી કે તેના મૃત્યુની ખબર આવી ગઈ, તેને મરેલો ધારીને તે સ્ત્રીએ બીજી શાદી કરી લીધી અને તેનાથી અવલાદ પણ પેદા થઈ. પહેલાં પતિએ તે પુત્ર (જેનો જન્મ થયો)થી ઈન્કાર અને બીજો એ દાવો કર્યો (કે તે પોતાનો છે). તો શું બંને જણે તેને ઝિનાની તોહમત લગાડી કે ફક્ત ઈન્કાર કરવાવાળાએ ? ઈમામ સાહબે ફર્માવ્યું, જો તેનો જવાબ રાયથી આપશે તો ખતા કરશે અને હદીષથી આપશે તો ગલત કહેશે. કતાદાએ કહ્યું, શું આવું બન્યું છે ? લોકોએ કહ્યું કે નહીં ? તો તેમણે કહ્યું જે વાત હજી બની નથી તેના વિશે શા માટે પૂછો છો ? ઈમામ સાહબે ફર્માવ્યું,

**(૬)** એક વ્યક્તિએ આપને પૂછયું, મેં ક઼સમ ખાધી કે હું મારી પત્નીથી વાત કરીશ નહીં જ્યાં સુધી તે મારાથી વાત કરશે નહીં અને તેણે પણ કસમ ખાધી કે મારાથી વાત કરશે નહીં જ્યાં સુધી હું તેની સાથે બોલીશ નહીં. ઈમામ સાહબે કહ્યું, તમારા બેમાંથી કોઈ ક઼સમ તોડવાવાળુ (સાબિત થતું) નથી. સુફયાન ષૌરીએ સાંભળ્યું તો ગુસ્સે થઈને પહોંચ્યા અને કહ્યું, કે આપ ગુપ્તાંગોને હલાલ કરો છો ! આ મસ્અલો ક્યાંથી બતાવ્યો ? આપે ફર્માવ્યું કે તેના (પતિના) ક઼સમ ખાધા પછી જ્યારે ઔરતે વાત કરી (કસમ માટે) તો ન મર્દ પર ક઼સમ તોડવાનો ગુનોહ ન ઔરત પર ! એટલા માટે કે તે સ્ત્રીએ તેની સાથે વાત કરી અને તે પતિએ તે સ્ત્રીને ક઼સમ પછી વાત કરી. તો ક઼સમ તોડવાનો ગુનો બંને પરથી ઉઠી ગયો ! (લાગુ પડશે નહીં). સુફયાન ષૌરીએ કહ્યું, આપના માટે એવા ઉલૂમ (ઈલ્મો) ખોલવામાં આવે છે જેનાથી અમે બેખબર છીએ.

**(૭)** ઈબ્ને મુબારકે આપને તે શખ્સના બારામાં સવાલ કર્યો કે, તે હાંડલી પકાવી રહ્યો હતો એવામાં તેમાં એક પક્ષી પડીને મરી ગયું. આપે આપના શાગિર્દોથી પૂછયું કે તમારા લોકોના ખયાલમાં આનો જવાબ શું છે ? તેઓએ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماની હદીષથી જવાબ આપ્યો કે રસો વહાવી દે અને ગોશ્ત ધોઈને ઉપયોગમાં લે. ઈમામ સાહબે કહ્યું કે એ તો તે સમયે છે જ્યારે વાસણમાં બધું ઠરેલું હોય અને પક્ષી પડે પણ જો જોશથી (ઉકળતી) વખતે પડયું હોય તો ગોશ્ત પણ ફેંકી દેવામાં આવે. ઈબ્ને મુબારકે પૂછયું, શા માટે ? ફર્માવ્યું, એટલા માટે કે તે વખતે તેની અંદર સુધી નજાસત પહોંચી જશે, પહેલી સ્થિતિની જેમ નહીં રહે કે તેમાં ફકત બહારના હિસ્સા સુધી નજાસત રહે છે. ઈબ્ને મુબારકને આ જવાબ ખૂબ જ પસંદ પડયો.

ઉલમાએ બલાના માટે તૈયાર થઈ જવું જોઈએ અને તેના વિશેથી અગાઉથી જ બચવું જોઈએ જેથી તેમાં પડવા અને નીકળવાનું જાણી લે. કતાદાએ કહ્યું તેને છોડો અને તફસીર વિશે પૂછો. ઈમામ સાહબે ફર્માવ્યું, الَّذِیۡ عِنۡدَہٗ عِلۡمٌ مِّنَ الۡکِتٰبِ "જેની પાસે કિતાબનો ઈલ્મ હતો." *(સૂ. નમ્લ, ૨૭/૪૦)* થી કયા લોકો મુરાદ છે ? કતાદાએ કહ્યું, આસિફ ઈબ્ને બરખિય્યહ, કાતિબે હઝરત સુલૈમાન علیہ السلام, તેમને ઈસ્મે આ'ઝમની ખબર હતી. ઈમામ સાહબે ફર્માવ્યું, હઝરત સુલૈમાન علیہ السلام પણ ઈસ્મે આ'ઝમ જાણતા હતા કે નહીં ? તેમણે કહ્યું, નહીં ! ઈમામ સાહબે કહ્યું, શું એ શક્ય છે કે કોઈ નબીના જમાનામાં કોઈ શખ્સ એવો હોય જે તેનાથી વધુ ઈલ્મવાળો હોય ? કતાદાએ કહ્યું, નથી હોઈ શક્તો. અને કહ્યું, ખુદાની ક઼સમ ! હું તમને તફસીર બયાન કરીશ નહીં ! મારાથી વિવિધ પ્રકારના મસ્અલાઓ પૂછો. ઈમામ સાહબે પૂછયું, શું આપ મો'મિન છો ? કતાદાએ કહ્યું, હું ઉમ્મીદ રાખું છું. ઈમામ સાહબે ફર્માવ્યું, શા માટે ? કહ્યું, ખુદા તઆલાના કબૂલ કરવાને લીધે. وَ الَّذِیۡۤ اَطۡمَعُ اَنۡ یَّغۡفِرَ لِیۡ خَطِیۡٓـَٔتِیۡ یَوۡمَ الدِّیۡنِ "અને તે જેની મને આશા બંધાયેલી છે કે મારા ગુનાહો ક઼યામતના દિવસે બખ્શશે." *(સૂ. શૂરા, ૨૬/૮૨)* ઈમામ સાહબે ફર્માવ્યું, તો શા માટે એ ન ફર્માવ્યું જેવી રીતે સૈયદના ઈબ્રાહીમ علیہ السلامએ અર્ઝ કર્યું કે જ્યારે બારી તઆલાએ ફર્માવ્યું, اَوَلَمۡ تُؤۡمِنۡ શું તું ઈમાન નથી લાવ્યો ? અર્ઝ કરી : قَالَ بَلٰی وَلٰکِنۡ لِّیَطۡمَئِنَّ قَلۡبِیۡ હા ! અને એટલા માટે કે જેથી મારું દિલ સંતોષ અનુભવે. *(સૂ. બકરહ, ૨/૨૬૦)* હઝરત ક઼તાદા ગુસ્સે થઈને ઉભા થઈ ગયા અને ક઼સમ ખાધી કે તેમનાથી કોઈ હદીષ બયાન કરશે નહીં.



www.barkatekhwaja.net

**(૮)** એક વ્યક્તિને ત્યાં ચોર ઘુસી ગયા અને બધાં કપડાં તેનાં લઈ લીધાં અને તેની પાસેથી તલાકે મુગલ્લઝાની કસમ લઈ લીધી કે કોઈને તેમના વિશે ખબર કરશે નહીં. તે વ્યક્તિએ કસમ ખાઈ લીધી. જ્યારે સવાર થઈ તો જોયું કે તેનાં કપડાં બજારમાં વેચાઈ રહ્યાં છે પણ બોલી શકતો નથી. તેણે ઈમામ સાહબથી મસ્અલો પૂછયો, ફર્માવ્યું, તમારા કબીલાના માણસોને મારી પાસે લાવો ! બધા એક જગ્યાએ એકત્ર થઈ ગયા. ઈમામ સાહબે જણાવ્યું, દરેક વારાફરતી નીકળશે અને હું તમને પૂછીશ કે આ તારો ચોર છે ? ન હોય તો ના કહેજે અને હોય તો ચુપ રહેજે. તે જ પ્રમાણે કરવામાં આવ્યું જેનાથી ચોર પકડાઈ ગયો અને કસમ પણ ન તૂટી કેમ કે તેણે કોઈને ખબર કરી નહીં.

**(૯)** લયૂષ ઈબ્ને સઅદે કહ્યું કે હું ઈમામ અબૂ હનીફાની ચર્ચા સાંભળ્યા કરતો હતો, મુલાકાત માટે આતુર હતો. એક વરસે હું મક્કા મોઅઝ્ઝમહ્ હાજર થયો. એક વ્યક્તિની આસપાસ લોકો જમા થયેલા છે. મેં એક માણસને બોલતો સાંભળ્યો કે હે ઈમામ અબૂ હનીફા ? તો મેં જાણ્યું કે આ તે જ શખ્સ છે. એક વ્યક્તિએ આવીને મસ્અલો પૂછયો કે હું ઘણો જ માલદાર છું. મારે એક પુત્ર છે. હું ઘણો જ ખર્ચ કરીને તેની શાદી કરી દઉં છું પણ તે તલાક આપી દે છે, મારો માલ બેકારમાં ખર્ચાઈ જાય છે તો કહો એની કોઈ તરકીબ છે. આપે ફર્માવ્યું, તેને લોંડીઓના બજારમાં લઈ જાવ અને જેને તે પસંદ કરે તેને ખરીદી લો પછી તે લોંડીની શાદી તેની સાથે કરી દો, તો જો એ તલાક પણ આપશે તો તે તમારી લોંડી બનીને રહેશે અને તે આઝાદ પણ કરશે તો તેનો હુકમ ચાલશે નહીં, તે તમારી માલિકીમાં જ રહેશે. લયષ ઈબ્ને સઅદે કહ્યું, ખુદાની કસમ ! મને તેમનો જવાબ એટલા પ્રમાણમાં આશ્ચર્યકારક ન લાગ્યો પણ જેટલા પ્રમાણમાં આવા મુશ્કેલ મસઅલાનો તુરત જવાબ આપ્યો.

**(૧૦)** રબીઅ, મન્સૂરના દરવાન ઈમામ સાહબની વિરુદ્ધ હતા. એક દિવસ ઈચ્છયું કે બાદશાહની સમક્ષ આપની ટીકા કરે. મન્સૂરને કહ્યું કે તેઓ આપના દાદા હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماની એ મસઅલામાં મુખાલિફત (વિરોધ) કરે છે કે ઈસ્તિષના માટે ઈત્તેસાલ જરૂરી નથી. (કોઈ ચીજને અલગ કરવા માટે તેનું મૌજૂદ હોવું જરૂરી નથી.) આપે (ઈમામે) ફર્માવ્યું, અમીરુલ મો'મિનીન ! રબીઅનો ખયાલ એ છે કે આપની બયઅત લશ્કરીઓ પર દુરુસ્ત નથી એટલા માટે કે તેઓ અહીંયા કસમ ખાઈને જ્યારે ઘરે પાછા જશે તો ઈસ્તિષના કરી દેશે, બયઅત બાતિલ થઈ જશે. મન્સૂર હસ્યા અને બોલ્યા કે, રબીઅ ! ઈમામ હનીફા સાથે મુકાબલો ન કરો. જ્યારે આપ દરબારથી બહાર આવ્યા તો રબીઅએ કહ્યું, આપે મને કતલ કરાવવાનો ઈરાદો કર્યો હતો ? આપે ફર્માવ્યું, ના ! પરંતુ તમે મને કતલ કરાવવા ઈચ્છયું હતું પણ મેં તને છૂટકારો અપાવ્યો અને પોતાને પણ છોડાવ્યો.

**(૧૧)** આપના કેટલાક દુશ્મનોએ કહ્યું, કે આજે મન્સૂરની પાસે આપને કતલ કરાવી દઈશું. પછી મન્સૂર સમક્ષ ઈમામ સાહબને પૂછયું કે, હે અબૂ હનીફા ! એક શખ્સ અમારામાંથી તેમને અમીરુલ મો'મિનીન કહે છે, આ તેમની ગરદન મારવાનો હુકમ કરે છે, હું જાણતો નથી તેનું શું કારણ છે ? શું તેમના માટે આ જાઈઝ છે ? આપે ફર્માવ્યું, અમીરુલ મો'મિનીન હક્ક હુકમ આપે છે કે બાતિલ ? તેણે કહ્યું, હક્ક ! આપે ફર્માવ્યું, હક્કને લાગુ પાડો ગમે ત્યાં હોય, તેનું કારણ જાણવું બેકાર છે ! પછી ઈમામ સાહબે ફર્માવ્યું, તે શખ્સે ઈચ્છયું હતું કે મને પકડમાં લે પણ મેં તેને જકડી નાખ્યો !

www.barkatekhwaja.net

**(૧૨)** હઝરત મુહદ્દિષ અઅ્મશના ગરમ મિજાઝના કારણે લોકો પરેશાન હતા. એકવાર તેમને એવો પ્રસંગ ઉપસ્થિત થયો કે તેમણે પોતાની પત્નીની તલાક઼ની ક઼સમ ખાધી કે જો તેમની પત્ની તેમને લોટ પૂરો થવાથી ખબર આપે અથવા લખીને જણાવે અથવા સંદેશો કહેવડાવે અથવા બીજી વ્યક્તિ દ્વારા આપને જણાવે કે વ્યક્તિ આપને જાણ કરે અથવા તેના વિશે ઈશારો કરે તો તેને તલાક઼ છે. આ મામલામાં આપની પત્ની પરેશાન થઈ તો કોઈએ તેણીને ઈમામ અબૂ હનીફા رضي الله عنهની ખિદમતમાં હાજર થઈ અર્ઝ કરવા કહ્યું. તેણી ઈમામ પાસે ગઈ અને આખો પ્રસંગ વર્ણવ્યો, ઈમામ સાહબે ફર્માવ્યું, કે જ્યારે લોટનો થેલો ખાલી થઈ જાય તો તે ચામડાના થેલાને તે ઊંઘતા હોય ત્યારે તેમનાં કપડાં સાથે બાંધી દેજો, જ્યારે જાગશે તેને જોશે તો લોટ પૂરો થવાની જાણ થઈ જશે. તેણીએ એ જ પ્રમાણે કર્યું તો હઝરત અઅ્મશ લોટ પૂરો થવાનું જાણી ગયા અને કહેવા લાગ્યા, ક઼સમ ખુદાની આ ઈમામ અબૂ હનીફા رحمة الله عليهના હિલામાંનો એક હિલો છે ! આ જીવંત છે તો અમે કેવી રીતે ફાવીશું ! (કેવી રીતે બોલબાલા થશે), આપ તો અમને અમારી ઔરતો સામે બેઈજ્જત કરો છો અને તેમને અમારું આજિઝ હોવાનું અને અમારી સમજનું કમજોર હોવું દેખાડો છો.

**(૧૩)** એક માણસે ક઼સમ ખાધી કે પોતાની પત્ની સાથે રમઝાન શરીફના દિવસોમાં સંભોગ કરશે. લોકોને તેના ઉકેલ ખૂબ જ મુશ્કેલ જણાયો. ઈમામ સાહબે કહ્યું, આ તો આસાન છે ! રમઝાન શરીફમાં તેની પત્નીને લઈને સફરમાં નીકળે પછી તેની સાથે સંભોગ કરે !

**(૧૪)** કોઈ શખ્સે આપને પૂછયું કે જનાબત (સંભોગ બાદ)થી ગુસલ કરું તો ત્રણ તલાક઼ છે. પછી કહ્યું, કે આજના દિવસે કોઈ નમાઝ છોડું તો ત્રણ તલાક઼, પછી કહ્યું કે આજે પત્નીથી સંભોગ ન કરું તો ત્રણ તલાક઼ ! તે વ્યક્તિ શું કરે ? તેના છૂટકારાનો રસ્તો કર્યો ? આપે ફર્માવ્યું, તે વ્યક્તિ અસરની નમાઝ પઢીને સંભોગ કરે અને સૂરજ આથમ્યા પછી ગુસલ કરે અને મગરિબ તથા ઈશાની નમાઝ અદા કરે એટલા માટે કે દિવસની નમાઝથી મુરાદ પાંચ વખતની છે.

**(૧૫)** કોઈ શખ્સે આપને પૂછયું કે એક માણસની પત્ની સીડી પર હતી. તેણે કહ્યું, તું ઉપર ચડે તો તને તલાક અને જો નીચે ઉતરે તો તને તલાક઼ છે. હવે તે શું કરે ? આપે ફર્માવ્યું, તે સીડી પર ઉભેલી હોય અને સીડી ઉતારી લેવામાં આવે અથવા તેના ઈરાદા વગર (જણાવ્યા વગર) કોઈ વ્યક્તિ તેને ઉઠાવીને જમીન પર મૂકી દે.

**(૧૬)** એક શખ્સની પત્નીના હાથમાં પાણીનો પ્યાલો હતો. તેણે કહ્યું કે તું તેને પીએ અથવા વહાવી દે અથવા રાખી મૂકે અથવા કોઈ વ્યક્તિને આપે તો તને તલાક઼ છે. આ સ્થિતિમાં ઔરત શું કરે જેથી તલાક઼ ન લાગે ? ઈમામ સાહબે કહ્યું કે તેમાં કોઈ કપડું નાખીને પાણીને સૂકવી દે.

**(૧૭)** એક શખ્સે ક઼સમ ખાધી કે ઈંડુ ખાશે નહીં, પછી ક઼સમ ખાધી કે ફલાણા શખ્સની બાંયમાં જે ચીજ છે તે જરૂર ખાશે અને જોયું તો તે ઈંડુ હતું. આપે ફર્માવ્યું, કોઈ મરઘીની નીચે રાખી દે જ્યારે બચ્ચુ પેદા થાય તો શેકીને અથવા પકાવીને રસાની સાથે બધું જ ખાય જાય.

**(૧૮)** ઈમામ સાહબ મદીના શરીફમાં હઝરત મુહમ્મદ ઈબ્ને હસન ઈબ્ને અતા رضي الله عنهની પાસે તશરીફ લઈ ગયા. તેમણે ફર્માવ્યું કે આપ મારા જદ્દે અમજદ ﷺની હદીષોની કયાસ વડે મુખાલિફત કરો છો. આપે ફર્માવ્યું, અલ્લાહની પનાહ ! હુઝૂર ! આપ તશરીફ રાખો (બેસો) એટલા માટે કે આપના માટે અઝમત છે, જેવી રીતે આપના જદ્દે કરીમ ﷺના

www.barkatekhwaja.net

માટે અઝમત છે. હઝરત મુહમ્મદ ઈબ્ને હસન رضی اللہ عنہ બેસી ગયા. ઈમામ સાહબ તેમની સમક્ષ ઘુટણ્યાભેર ઉભા રહ્યા અને પૂછયું, સ્ત્રી કમજોર કે પુરૂષ ? તેમણે કહ્યું, સ્ત્રી ! આપે પૂછયું, ઔરતનો હિસ્સો કેટલા પ્રમાણમાં છે ? કહ્યું, પુરૂષના હિસ્સાથી અડધો. ઈમામ સાહબે કહ્યું, જો હું કયાસને અગ્રિમતા આપત તો તેનાથી વિરુદ્ધ હુકમ આપત. પછી પૂછયું, નમાઝ અફઝલ છે કે રોઝા ? તેમણે કહ્યું, નમાઝ. ઈમામ સાહબે ફર્માવ્યું કે જો હું કયાસથી હુકમ કરત તો હયઝના દિવસો દરમ્યાનની નમાઝની કઝા માટે હુકમ આપત, નહીં કે રોઝાની કઝાનો. પછી પૂછયું, પેશાબ વધુ નાપાક છે કે મની (વિર્ય) ? તેમણે કહ્યું, પેશાબ. જો હું કયાસને અગ્રિમતા આપત તો પેશાબ કરવા પર ગુસલનો હુકમ આપત, નહીં કે વિર્યના નીકળવાથી.

*(જવાહિરુલ બયાન)*

આ પ્રમાણે અગણિત પ્રસંગો કિતાબોમાં વિખેરાયેલા પડેલા છે જેના દ્વારા ઈમામે આ'ઝમ رضی اللہ عنہની તીવ્ર બુદ્ધિ અને તેજ સમજનો અંદાઝો લગાડી શકાય છે. બધાને જો એકત્ર કરવામાં આવે તો એક આખી કિતાબ થઈ જાય.

## ★ જીવન નિર્વાહ માટેનો ઝરીયો ★

આપ રેશમી કપડાંઓનો વેપાર કરતા હતા અને આપની દુકાન કૂફામાં ખૂબ જ સારી હાલતમાં હતી. આપની સાથે લોકો ખરીદી કરવા માટે સફર કરતા અને તેને આપ નફસની પરવા રાખ્યા વિના વેચતા અને લોભ અને લાલચની તરફ વળતા ન હતા. એના કારણે હસન ઈબ્ને ઝિયાદનો કૌલ છે કે ખુદાની કસમ ! તેમણે કદી કોઈ ખલીફા કે અમીરનો હદિયો (ભેટ) કૂબૂલ ન કરી.

## ★ આપનો લિબાસ ★

આપના સાહબઝાદા હઝરત હમ્માદે ફર્માવ્યું કે આપ શિયાળના ચામડાનો ઝભ્ભો પહેરતા હતા, ખુશ્બુ ખૂબ લગાડતા એટલે સુધી કે લોકો આપને જુએ તે પહેલાં હવાની ખુશ્બુથી આપ ઓળખાઈ જતા.

ઈમામ અબૂ યૂસુફ عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَان એ ફર્માવ્યું કે આપ આપના જોડાની દોરીનો પણ ખયાલ રાખતા હતા, કદી એવું નથી જોયું કે દોરી તૂટેલી હોય.

અન્યોની રિવાયત છે કે આપ કાળા રંગની લાંબી ટોપી પહેરતા હતા, આપની ચાદર અને પહેરણની કિંમત ૪૦૦ દિરહમ લગાડવામાં આવી અને આપનો લિબાસ શિયાળના ચામડાનો ઝભ્ભો અને સંજાબ (એક પ્રાણી)ના ચામડાનો ઓવર કોટ હતો જેને પહેરીને આપ નમાઝ પઢતા હતા અને એક કિનારીવાળી ચાદર હતી અને સાત ટોપીઓ જેમાં એક કાળા રંગની હતી.

www.barkatekhwaja.net

---

પેજ નં.૪૯ નું ચાલુ.. દિલની હાલત વિશે કહે છે : *હમેં અય 'રઝા' તેરે દિલ કા પતા ચલા બ મુશ્કિલ – દરે રોઝા કે મુકાબિલ વો હમે નઝર તો આયા, યે ન પૂછ કૈસા પાયા......* બીજી એક જગ્યાએ પોતાના દિલની કૈફિયતના વિશે કહે છે :–

*દિલ કરો ઠંડા મેરા, વહ કફે પા ચાંદ સા – સીને પે રખ દો ઝરા, તુમ પે કરોડોં દુરૂદ*

પોતાના દિલને રસૂલે આ'ઝમ ﷺની મહોબ્બતથી ભરીને એ બતાવી દીધુ કે દિલનો કરાર માલ દોલત અને સીમો ઝર (સોના, ચાંદી)માં નથી. મારા જલતા અને બેચેન દિલનો ઈલાજ ફક્ત રસૂલ ﷺના પોતાના કફે પા ને મારા સીના પર રાખી દેવામાં છે. આ એ જ કહી શકે છે જેની જિંદગી અલ્લાહ તઆલા અને રસૂલુલ્લાહ ﷺની મહોબ્બતમાં પસાર થતી હોય. આ'લા હઝરત અઝીમુલ બરકત رحمۃ اللہ علیہના કૂલ્બે અતહરના સદકામાં અલ્લાહ તઆલા આપણા બધાના દિલોને ઈશ્કે રિસાલત અને અલ્લાહના ખૌફથી તરબતર કરવાની તૌફીક અતા ફર્માવે આમીન. *(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી–મુંબઈ, સપ્ટેમ્બર–૨૦૨૨)*

# ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ

લેખક : સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદઅલી આઝમી رحمۃ اللہ علیہ

કાર્યાલય ✦✦✦✦✦✦✦✦ હપ્તો : ૦૪

''બહારે શરીઅત'' (લેખક : હઝરત સદરુશ્શરીઅહ رحمۃ اللہ علیہ)ના કુલ ૨૦ ભાગ છે. ગુજરાતીમાં કેવળ ૧૦ ભાગો છપાયેલા છે જે અમારે ત્યાં મળે છે. **''ઈસ્લામી અખ્લાક઼ો આદાબ''** એ ''બહારે શરીઅત''નો ૧૬મો ભાગ છે જે ખૂબ જ ઉમદા હદીષો તથા મસાઈલ ધરાવે છે. **મૌલાના મુહમ્મદ નઈમ અમજદી (બાકરોલ)** સાહબે એનો લગભગ ૧/૨ ભાગ ગુજરાતી કરીને આપેલ હતો જેને અત્યારે પ્રકાશિત કરવાનું નસીબ થયું છે. ઈન્શાઅલ્લાહ ! પૂરો ૧૬મો ભાગ અનુવાદ કરીને પ્રસિધ્ધ કરીશું જે ઈસ્લામી જિંદગી જીવવા ચાહનાર માટે દીવાદાંડી સમાન છે જે ઈન્સાનને બાઅખ્લાક઼ તથા સભ્ય ઈન્સાન બનાવવા મદદરૂપ થશે. *–તંત્રી*

## ★ વલીમો અને મહેમાન નવાઝીનું બયાન ★

**હદીષ–૧ :** સહીહ બુખારી વ મુસ્લિમમાં અનસ رضی اللہ عنہથી મરવી છે કે નબીએ કરીમ صلی اللہ علیہ وسلمએ અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہ પર પીળા રંગનો અસર જોયો (એટલે કે ખલૂકનો રંગ તેમના શરીર પર અથવા કપડા પર લાગેલ જોયો) ફર્માવ્યું, આ શું છે ? (એટલે કે મર્દના શરીર પર આ રંગ ન હોવો જોઈએ આ કઈ રીતે લાગ્યો ?) અર્ઝ કરી, મેં એક ઔરતથી નિકાહ કર્યો છે. (તેના શરીરથી આ પીળાશ છૂટીને લાગી ગઈ છે.) ફર્માવ્યું, અલ્લાહ તબારક વ તઆલા તમારા માટે મુબારક કરે, તમે વલીમો કરો ભલે એક બકરીથી અથવા એક જ બકરીથી.

**હદીષ–૨ :** બુખારી વ મુસ્લિમે અનસ رضی اللہ عنہથી રિવાયત કરી. કહે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ જે રીતે હઝરત ઝયનબ رضی اللہ عنہاથી નિકાહ પર વલીમો કર્યો એ રીતનો વલીમો અઝવાજે મુતહ્હેરાત (નબી صلی اللہ علیہ وسلمની પાક બીવીઓ)માંથી કોઈનો નથી કર્યો, એક બકરીથી વલીમો કર્યો. એટલે કે દરેક વલીમાઓમાં આ વલીમો ઘણો મોટો હતો કે એક આખી બકરીનો ગોશ્ત બન્યો હતો.

સહીહ બુખારી શરીફની બીજી રિવાયતમાં એમનાથી જ છે. હઝરત ઝયનબ બિન્તે જહશ رضی اللہ عنہاથી ઝિફાફ (સુહાગરાત) પછી જે વલીમો કર્યો હતો જેમાં લોકોને પેટ ભરીને ગોશ્ત ખવડાવ્યો હતો.

**હદીષ–૩ :** સહીહ બુખારીમાં અનસ رضی اللہ عنہથી મરવી છે કે ખૈબરથી પાછા ફરતાં ખૈબર અને મદીનાની વચ્ચે હઝરત સફિય્યા رضی اللہ عنہاથી ઝિફાફના કારણે ત્રણ રાતો સુધી હુઝૂર صلی اللہ علیہ وسلمએ ક઼યામ કર્યો. ફર્માવ્યું, મેં મુસલમાનોને વલીમાની દા'વતમાં બોલાવ્યા, વલીમામાં ન ગોશ્ત હતો અને ન રોટલી. હુઝૂર صلی اللہ علیہ وسلمએ હુકમ કર્યો દસ્તરખાન પાથરી દેવામાં આવ્યા તેના પર ખજૂરો અને પનીર અને ઘી મૂકવામાં આવ્યું. ઈમામ અહમદ વ તિર્મિઝી વ અબૂ દાઊદ વ ઈબ્ને માજાની રિવાયતમાં છે કે હઝરત સફિય્યા رضی اللہ عنہاના વલીમામાં સત્તુ અને ખજૂરો હતી.

**હદીષ–૪ :** સહીહ બુખારી વ મુસ્લિમમાં અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہથી મરવી છે કે

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે કોઈ શખ્સને વલીમાની દા'વત આપવામાં આવે તો તેણે વલીમામાં આવવું જોઈએ.

**હદીષ-૫** : સહીહ મુસ્લિમમાં હઝરત જાબિર رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે કોઈને જમવાની દા'વત આપવામાં આવે તો કબૂલ કરી લેવી જોઈએ પછી જો ચાહે તો ખાય અથવા ચાહે ન ખાય !

**હદીષ-૬** : સહીહ બુખારી વ મુસ્લિમમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરી કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, ખરાબ ખાવાનું વલીમાનું ખાવાનું છે જેમાં માલદાર લોકોને બોલાવવામાં આવે અને ગરીબોને છોડી દેવામાં આવે. અને જેણે દા'વતને છોડી દીધી (એટલે કે કોઈ કારણ વગર ના પાડી) તેણે અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللہُ عَلَیْہِ وَسَلَّمَની નાફર્માની કરી. મુસ્લિમની એક રિવાયતમાં છે કે વલીમાનું ખાણુ બુરૂ ખાણુ છે કે જે એમાં આવે છે તેને મના કરે છે, અને જે ઈન્કાર કરે છે, તેને બોલાવવામાં આવે છે અને જેણે દાવત કબૂલ ન કરી તેણે અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللہُ عَلَیْہِ وَسَلَّمَની નાફર્માની કરી.

**હદીષ-૭** : અબૂ દાઊદે અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہماથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જેને દા'વત આપવામાં આવી અને તેણે કબૂલ ન કરી તેણે અલ્લાહ અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللہُ عَلَیْہِ وَسَلَّمَની નાફર્માની કરી અને જે દા'વત વગર ગયો તે ચોર થઈને ઘૂસ્યો અને લૂંટફાટ કરીને નીકળ્યો.

**હદીષ-૮** : તિર્મિઝીએ અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, (શાદીઓમાં) પહેલા દિવસનું ખાવુ હક્ક છે એટલે કે સાબિત છે કે તેને કરવું જ જોઈએ. અને બીજા દિવસનું ખાવુ સુન્નત છે અને ત્રીજા દિવસનું ખાવુ સુમ્આ (એટલે કે સંભળાવવા અને વાહ વાહી માટે) અને જે લોકોને સંભળાવવા માટે કામ કરે છે અલ્લાહ તબારક વ તઆલા તેમને સંભળાવશે એટલે કે સજા આપશે.

**હદીષ-૯** : અબૂ દાઊદે ઈકરમાથી રિવાયત કરી કે એવા બે શખ્સો જે હરીફાઈ અને ઘમંડ કરવા માટે દા'વત કરે રસૂલુલ્લાહ ﷺએ તેમને ત્યાં ખાવાની મના ફર્માવ્યું.

**હદીષ-૧૦** : ઈમામ અહમદ વ અબૂ દાઊદે એક સહાબીથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે બે શખ્સો દા'વત આપવા એક જ સમયમાં આવે તો જેનો દરવાજો તમારા દરવાજાની નજીક હોય તેની દા'વત કબૂલ કરો અને જો એક પહેલાં આવ્યો તો જે પહેલો આવ્યો તેની દા'વત કબૂલ કરો.

**હદીષ-૧૧** : સહીહ બુખારી વ મુસ્લિમમાં અબૂ મસ્ઊદ رضی اللہ عنہથી મરવી છે કે એક અન્સારી જેમનું ઉપનામ અબૂ શોએબ હતું. તેમણે પોતાના ગુલામથી કહ્યું, ખાવાનું એટલું બનાવો કે પાંચ માણસ માટે પૂરતુ થાય, હું નબીએ કરીમ ﷺની સાથે ચાર સહાબીઓની દા'વત કરીશ. થોડુ ખાવાનું તૈયાર કર્યું અને હુઝૂર ﷺને બોલાવવામાં આવ્યા. એક શખ્સ હુઝૂર ﷺની સાથે થઈ ગયા. નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, અબૂ શોએબ ! મારી સાથે આ શખ્સ ચાલ્યો આવ્યો, જો તમે ચાહો તો ઈજાઝત આપો અને ચાહો તો ઈજાઝત ન આપો. તેમણે અર્ઝ કરી, મેં તેમને ઈજાઝત આપી.

એટલે જો કોઈની દા'વત હોય અને તેની સાથે કોઈ બીજો માણસ વગર બોલાવ્યે ચાલ્યો આવે તો બતાવી દે કે હું નથી લાવ્યો. અને ઘરવાળાઓને અધિકાર છે કે તેને ખાવાની ઈજાઝત આપે કે ન આપે. કારણ કે

www.barkatekhwaja.net

કહેશે નહીં તો ઘરવાળાઓને નાપસંદ થશે કે પોતાની સાથે બીજાને કેમ લાવ્યા ?!

**હદીષ–૧૨ :** બયહકીએ શોઅબુલ ઈમાનમાં ઈમ્રાન બિન હુસૈન رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺ ફાસિકોની દા'વત ક઼બૂલ કરવાની મના ફર્માવી.

**હદીષ–૧૩ :** સહીહ બુખારી વ મુસ્લિમમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે અલ્લાહ અને ક઼યામત પર ઈમાન રાખે છે તે મહેમાનની ઈજ્જત કરે. અને જે શખ્સ અલ્લાહ અને ક઼યામત પર ઈમાન રાખે છે તે પોતાના પડોશીને તકલીફ ન પહોંચાડે. અને જે શખ્સ અલ્લાહ અને ક઼યામત પર ઈમાન રાખે છે તે સારી વાત બોલે અથવા ચૂપ રહે. અને એક રિવાયતમાં એ પણ છે કે જે શખ્સ અલ્લાહ અને ક઼યામત પર ઈમાન રાખે છે તે સિલએ રહમી (સગાં સાથે સદ્વર્તાવ) કરે.

**હદીષ–૧૪ :** સહીહ બુખારી વ મુસ્લિમમાં હઝરત અબૂ શુરૈહ કઅબી رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે શખ્સ અલ્લાહ અને ક઼યામતના દિવસ પર ઈમાન રાખે છે તે મહેમાનની ઈજ્જત કરે. એક દિવસ, રાત તેનો જાઈઝો છે (એટલે કે એક દિવસ–રાત તેની ખિદમત કરે પોતાની તાક઼ત પ્રમાણે તેના માટે તકલીફ વેઠીને ખાવાનું તૈયાર કરાવે.) અને ઝિયાફત (મહેમાનનવાઝી) ત્રણ દિવસ છે (એટલે એક દિવસ પછી જે કાંઈ ખાવાનું હાજર હોય તે સામે મૂકે) અને ત્રણ દિવસ પછી સદક઼ો છે. મહેમાન માટે હલાલ નથી કે તેને ત્યાં રહે કે તેને કોઈ વાંધામાં મૂકી દે.

**હદીષ–૧૫ :** તિર્મિઝી અબુલ અહવસ જશમીથી, તે પોતાના વાલિદથી રિવાયત કરે છે કે મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ એ જણાવો કે હું એક શખ્સને ત્યાં ગયો અને તેણે મારી મહેમાન નવાઝી ન કરી. હવે તે મારે ત્યાં આવે તો તેની મહેમાન નવાઝી કરું અથવા તે દિવસનો બદલો લઉં. ફર્માવ્યું, તમે તેની મહેમાનનવાઝી કરો !

**હદીષ–૧૬ :** ઈબ્ને માજાએ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, સુન્નત એ છે કે મહેમાનને દરવાજા સુધી વિદાય કરવા જાય.

## ★ ફિક઼્હી મસાઈલ ★

વલીમાની દા'વત સુન્નત છે. શબે ઝુફાફ (સુહાગરાત)ની સવારે પોતાના દોસ્તો, રિશ્તેદારો, પડોશીઓ, મહોલ્લાવાળાઓની તાક઼ત પ્રમાણે દા'વત કરે અને તેમના માટે જાનવરની કુર્બાની કરે અને ખાવા તૈયાર કરાવવું જાઈઝ છે. અને જે લોકોને બોલાવવામાં આવે તેમણે જવુ જોઈએ કે તમારું જવું તેના માટે ખુશીનું કારણ બને. વલીમામાં જે શખ્સને બોલાવવામાં આવે તેનું જવું સુન્નત છે અથવા વાજિબ એ બાબતે ઉલમાએ કિરામના બંનેવ કથન છે. જાહેરમાં તો ખબર પડે છે કે ક઼બૂલ કરવું સુન્નતે મુઅક્કેદા છે. વલીમા વગર બીજી દા'વતમાં જવુ પણ અફઝલ છે. અને આ શખ્સ રોઝદાર ન હોય તો ખાવું અફઝલ છે કે પોતાના મુસ્લિમ ભાઈની ખુશીમાં ભાગ લેવો અનેતેના દિલને ખુશ કરવું છે. અને રોઝાદાર હોય તો પણ જાય અને ઘરવાળાઓ માટે દુઆ કરે. અને વલીમા સિવાય બીજી દા'વતોનો પણ આ જ હુકમ છે કે રોઝાદાર ન હોય તો ખાય, નહીંતર દુઆ કરે. *(આલમગીરી, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા ૧ :** વલીમાની દા'વતનો તે જ હુકમ છે કે જે લખવામાં આવ્યો છે. એ સમયે કે દા'વત કરવાવાળાઓનો હેતુ સુન્નતને અદા કરવાનો હોય અને હેતુ પોતાના પર ફખ્ર કરવાનો ન હોય અથવા એ માટે કે મારી વાહ વાહ થાય જેવું કે આ જમાનામાં

www.barkatekhvaja.net

મોટાભાગે એ જ જોવા મળે છે. તો આવી દા'વતમાં ન જવું બેહતર છે. ખાસ કરીને ઈલ્મવાળાઓએ આવી જગ્યાએ ન જવું જોઈએ. *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા ૨** : દા'વતમાં જવું તે સમયે સુન્નત છે જ્યારે ખબર હોય કે ત્યાં ગાવાનું, વગાડવાનું, ધીંગા મસ્તી નથી, અને જો ખબર છે કે આ ખરાબીઓ ત્યાં છે તો ન જાય. ગયા પછી ખબર પડી કે અહીંયાં બેહૂદા વાતો થાય છે અને ત્યાં જ આ વસ્તુ હોય તો પરત આવે. અને જો મકાનના બીજા ભાગમાં હોય જે જગાએ ખાવાનું ખવડાવવામાં આવે છે ત્યાં નથી તો ત્યાં બેસી શકે છે અને ખાઈ શકે છે. વળી જો એ શખ્સ લોકોને રોકી શકે છે તો રોકી દે અને તેની તાકત ન હોય તો સબ્ર કરે.

આ બે સ્થિતિઓમાં છે કે એ શખ્સ ધર્મનો વડો ન હોય, અને **જો પેશવા અથવા ઈમામ હોય દા.ત. ઉલમા વ મશાઈખ જો એને ન રોકી શકતા હોય તો ત્યાંથી ચાલ્યા આવે, ન ત્યાં બેસે, ન ત્યાં ખાય. અને પહેલેથી જ ખબર હોય કે ત્યાં આવી વસ્તુઓ છે તો ઈમામ અથવા કોઈ પણ હોય જવું જાઈઝ નથી.** ભલે ને ખાસ મકાનના તે ભાગમાં આ વસ્તુઓ ન હોય બલ્કે બીજા ભાગમાં હોય. *(હિદાયા, દુર્રે મુખ્તાર)*

**મસ્અલા ૩** : જો ખેલ કૂદ હોય અને આ શખ્સ જાણે છે કે મારા જવાથી આ વસ્તુઓ બંધ થઈ જશે તો તેણે આ નિય્યતથી જવું જોઈએ કે તેના જવાથી શરીઅતે મના ફર્માવેલી વસ્તુઓ રોકી દેવામાં આવશે. અને ખબર છે કે ત્યાં ન જવાથી તે લોકોને નસીહત મળશે અને આવા પ્રસંગોએ એવી હરકતો નહીં કરે, કારણ કે તે લોકો એની હાજરીને જરૂરી સમજે છે. અને જ્યારે ખબર થશે કે શાદીઓમાં રીત રિવાજોમાં આ વસ્તુ થશે તો તે શખ્સ હાજર નહીં થાય, તો તેના પર જરૂરી છે કે ત્યાં ન જાય કે લોકોને તેનાથી સબક મળે અને આવી હરકતો ન કરે. *(આલમગીરી)*

**મસ્અલા ૪** : વલીમાની દા'વત કેવળ પહેલા દિવસે છે અથવા તેના પછી. બીજા દિવસે એટલે કે બે દિવસ જ આ દા'વત હોય શકે છે તેના પછી વલીમો અને શાદી ખતમ. *(આલમગીરી)*

હિંદુસ્તાનમાં શાદીઓનો સિલસિલો કેટલાક દિવસો સુધી રહે છે તે સુન્નતથી આગળ વધવું, રિયાકારી અને લોકોને સારુ દેખાડવાની વાતો છે, આનાથી બચવું જરૂરી છે.

**મસ્અલા ૫** : એક દસ્તરખાન પર જે લોકો ખાવાનું ખાય છે તેમાંથી એક શખ્સ કોઈ વસ્તુ ઉઠાવી બીજાને આપે આ જાઈઝ છે, જ્યારે કે ખબર હોય કે ઘરવાળાઓને આ આપવું નાપસંદ ન હોય. અને ખબર છે કે તેને નાપસંદ થશે તો આપવું જાઈઝ નથી બલ્કે શક હોય કે પસંદ પડશે કે નાપસંદ તો પણ ન આપે. *(આલમગીરી)*

કેટલાક લોકો એક જ દસ્તરખાન પર મોટા લોકોની સામે સારામાં સારું ખાવાનું પીરસશે અને ગરીબો માટે મામૂલી વસ્તુઓ મૂકી દે છે, આવુ ન કરવું જોઈએ. કેમ કે ગરીબોનું આમાં દિલ દુઃખે છે. પરંતુ તે સ્થિતિમાં જેની પાસે કોઈ સારી વસ્તુ છે અને તેણે એવાને આપી જેની પાસે નથી, તો જાહેર એ જ છે કે ઘરવાળાઓને નહીં ગમે, કારણ કે જો આપવું હોત તો તે જાતે જ વસ્તુઓ મૂકતો અથવા કમસે કમ આ પરિસ્થિતિ શકવાળી છે માટે આવી હાલતમાં વસ્તુ આપવી નાજાઈઝ છે. અને એક જ જાતનું પકવાન છે, દા.ત. રોટલી ગોશ્ત અને એકની પાસે રોટલી ખતમ થઈ ગઈ અને બીજાએ પોતાની પાસેથી લઈને આપી તો જાહેર છે કે ઘરવાળાઓને નાપસંદ નહીં થાય.

**મસ્અલા ૬** : બીજાને ત્યાં ખાવાનું ખાય રહ્યો છે

www.barkatekhwaja.net

અને ફકીરે માગ્યું તો તેને જાઈઝ નથી કે ફકીરને રોટલીનો ટુકડો આપે. કેમ કે તેણે એની સામે ખાવા માટે મૂકી છે અને તેને માલિક નથી બનાવી દીધો કે જેને ચાહે આપી દે. *(આલમગીરી)*

**મસ્અલા ૭** : દસ્તરખાન પર ખાવાનું ચાલી રહ્યું છે અને તે એક દસ્તરખાનવાળો બીજા દસ્તરખાનવાળાને કોઈ વસ્તુ તેના પરથી ઉઠાવીને ન આપે, પરંતુ તે વખતે જ્યારે કે ઘરવાળાઓને આ નાપસંદ ન હોય. *(આલમગીરી)*

**મસ્અલા ૮** : જમવાના સમયે ઘરવાળાઓનો બાળક આવી ગયો તો તેને અથવા ઘરવાળાના ખાદિમને તે ખાવામાંથી નથી આપી શક્તો. *(આલમગીરી)*

**મસ્અલા ૯** : જમવાનું નાપાક થઈ જાય તો એ જાઈઝ નથી કે કોઈ પાગલ અથવા બાળકને ખવડાવી દે અથવા કોઈ એવા જાનવરને ખવડાવે કે જેનું ખાવું હલાલ છે. *(આલમગીરી)*

**મસ્અલા ૧૦** : મહેમાનને ચાર વસ્તુ જરૂરી છે : (૧) જ્યાં બેસાડવામાં આવે ત્યાં બેસે (૨) જે કાંઈ તેની સામે મૂકવામાં આવે તેના પર ખુશ થાય. એવું ન થાય કે કહેવા લાગે કે આનાથી સારુ તો હું મારા ઘરે ખાવ છું અથવા આ રીતના બીજા શબ્દો જેવું કે આજકાલ ઘણી દા'વતોમાં લોકો પરસ્પર કહેતા રહે છે. (૩) ઘરવાળાની ઈજાઝત વગર ત્યાંથી ન ઉઠે. (૪) અને જ્યારે ત્યાંથી જાય તો તેના માટે દુઆ કરે.

યજમાને જોઈએ કે મહેમાનને વારંવાર કહેતા રહે કે ખાવ ! પરંતુ તેના પર આગ્રહ ન કરે કે આગ્રહના કારણે કાંઈ વધારે ન ખાય લે અને એ તેના માટે નુકસાનવાળુ બને. યજમાને બિલકુલ ચૂપ ન રહેવું જોઈએ. અને મહેમાનોની સામે ખાદિમ વગેરે પર નારાજ ન થાય અને ગુંજાઈશ હોય તો મહેમાનોને કારણે ઘરવાળાઓ પર ખાવામાં કમી ન કરે. યજમાને જોઈએ કે મહેમાનની ખિદમતમાં ખુદ મશ્ગૂલ રહે અને ખાદિમો પર ન છોડે. આ હઝરત ઈબ્રાહીમ علیہ السلام ની સુન્નત છે. અને મહેમાન ઓછા હોય તો મેઝબાન તેમની સાથે ખાવા બેસી જાય એ જ સુન્નત છે. અને ઘણા મહેમાનો હોય તો તેમની સાથે ન બેસે બલ્કે તેમની ખિદમત અને ખવડાવવામાં લાગેલો રહે. મહેમાનોની સાથે એવાને ન બેસાડે કે મહેમાનોને તેનાથી તકલીફ પહોંચે. *(આલમગીરી)*

**મસ્અલા ૧૧** : જ્યારે ખાવાથી ફારિગ થઈ જાય તો તેમના હાથ ધોવડાવવામાં આવે અને એવું ન કરે કે દરેક શખ્સના હાથ ધોઈને પાણી ફેંકીને બીજાની સામે હાથ ધોવા માટે થાળી રાખે. *(આમલગીરી)*

**મસ્અલા ૧૨** : જેણે તોહફો મોકલ્યો જો તેની પાસે હલાલ અને હરામ બંનેવ જાતના માલ છે અને વધારે માલ હલાલ છે તો તેને કબૂલ કરવામાં વાંધો નથી અને આ જ હુકમ તેને ત્યાં દા'વત ખાવાનો છે. અને તેનો વધારે માલ હરામ છે તો ન તેનો તોહફો કબૂલ કરે ન તેને ત્યાં દા'વત ખાય, જ્યાં સુધી તેને માલૂમ ન થાય કે આ વસ્તુ જ તેને આપવામાં આવી છે તે હલાલ છે. *(આમલગીરી)*

**મસ્અલા ૧૩** : જે શખ્સ પર તેનું દેવું છે જો તેણે દા'વત કરી અને દેવા પહેલાં પણ તે આ જ રીતે દા'વત કરતો હતો તો કબૂલ કરવામાં વાંધો નથી. અને પહેલાં વીસ દિવસમાં દા'વત કરતો હતો હવે દસ દિવસમાં દા'વત કરે છે અથવા તેના ખાવામાં તકલ્લુફ (તકલીફ ઉઠાવીને કોઈ કામ કરવું) વધારી દે તો કબૂલ ન કરે કે આ દેવાને કારણે છે. *(આલમગીરી)*

**બરકાતે ખ્વાજા (માસિક)ના**
**ગ્રાહક બનો અને બનાવો !**

www.barkatekhwaja.net

# મખ્દૂમ સિમ્નાની رحمۃ اللہ علیہ ના કલમ થકી રાફઝીની રદ 3

**સંપાદક : મૌલાના શબ્બીર અહમદ રાજમહલી**
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

## ★ હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ ની ફઝીલત ★

આપણે અહલે સુન્નત વ જમાઅત રસૂલુલ્લાહ ﷺના સહાબીઓને જન્નતી માનીએ છીએ પણ **રાફઝી એક બદ્તરીન ગુસ્તાખ ફિર્કો છે જે ખુલફાએ રાશિદીનને પણ જન્નતી માનવા તૈયાર નથી, ત્યાં સુધી કે તેમની સહાબિયતનો મુન્કિર છે.** જેથી જાહેર છે કે આ રાફઝી હઝરત અમીર મુઆવિયહ્ رضی اللہ عنہને ક્યાંથી જન્નતી માનવાના અને ક્યાંથી તેમની સહાબિયતનો સ્વીકાર કરવાના ?! બલ્કે વર્તમાનકાળના રાફઝીઓનો હાલ તો એ છે કે તેમને હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہના નામથી જ ચીડ છે. એ જ કારણે જો કોઈ હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہની ફઝીલત પર કિતાબ લખે અથવા તક્રીર કરે તો આ હાલના રાફઝીઓ તેને મુસલમાન માનવા તૈયાર નથી !

ભલે સમયના રાફઝીઓના માનવા ન માનવાથી શું ફરક પડે છે ?! આપણે સુન્નીઓ માટે તો એહલે સુન્નતના અકાબિરની તા'લીમાત પૂરતી છે. તો **હવે શાને ચિશ્તિયત, તારિકે સલ્તનત, હઝરત સૈયદ મખ્દૂમ અશરફ સિમ્નાની ચિશ્તી رحمۃ اللہ علیہના આ'લા ઈર્શાદો રજૂ કરીએ છીએ જેમાં હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہની ફઝીલતની અલગ અલગ જ શાન જાહેર થાય છે.** જેમ કે હઝરત મખ્દૂમ અશરફ સિમ્નાની رحمۃ اللہ علیہ રસૂલુલ્લાહ ﷺના કાતિબો એટલે વહી તથા પત્રોના લખનારાઓનું વર્ણન કરતાં લખે છે :

"નબી ﷺના કાતિબ (વહી તથા પત્રો લખનાર) તેર હઝરાત હતા. હઝરત અબૂબક્ર સિદ્દીક્ رضی اللہ عنہ, હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ, ઉષ્માન બિન અફફાન رضی اللہ عنہ, અલી બિન અબી તાલિબ رضی اللہ عنہ, આમિર બિન ફહર رضی اللہ عنہ, અબ્દુલ્લાહ બિન અરકમ رضی اللہ عنہ, ઉબય ઈબ્ને કઅ્બ رضی اللہ عنہ, ષાબિત બિન કૈસ رضی اللہ عنہ, ખાલિદ બિન સઈદ رضی اللہ عنہ, હન્ઝલા બિન રબીઅ رضی اللہ عنہ, ઝયદ બિન ષાબિત رضی اللہ عنہ, મુઆવિયહ બિન સુફયાન رضی اللہ عنہ અને શરજીલ બિન હસના رضی اللہ عنہ.

પછી આગળ હઝરત મખ્દૂમ અશરફ رحمۃ اللہ علیہએ સર્વ વહી તથા પત્રોના કાતિબોમાં કોને કોને ખાસ મહત્વ હાંસલ હતું તેના પર વાત કરતાં જણાવે છે :–

"એમાં મુઆવિયહ رضی اللہ عنہ અને ઝયદ બિન ષાબિત رضی اللہ عنہને લાઝમી તથા ખુસૂસી મહત્વ હાંસલ હતું." *(લતાઈફે અશરફી, ૩/૫૦૨, લતીફા નં. ૫૨)*

## ★ રાફઝીઓના ઈબ્રતનાક અંજામ વિશે બનાવો ★

હવે લતાઈફે અશરફીથી અમુક એવા બનાવો શીઆ રાફઝીની રદમાં નકલ કરું છું જે આપણા સૌના માટે બોધદાયક છે. અને એ બનાવોમાંથી બે બનાવો તો એવા છે જેમનામાંથી એકના શાહિદ (સાક્ષી) અને બીજાના રાવી (રિવાયત કરનાર) ખુદ હઝરત સૈયદ મખ્દૂમ અશરફ સિમ્નાની ચિશ્તી رحمۃ اللہ علیہ છે. અને બે બનાવો એવા છે જે બીજી બે કિતાબોથી નકલ કરેલ છે. અને આ સર્વ બનાવો "લતાઈફે અશરફી"માં અબૂ બક્ર સિદ્દીક્ رضی اللہ عنہ તથા ઉમર رضی اللہ عنہની ફઝીલતના બાદ વર્ણવેલા છે. આ બનાવોમાં શું વાતો લખેલી છે

www.barkatekhwaja.net

એ તો હમણા નીચેના લખાણમાં નકલ થશે. પરંતુ એના પહેલાં આ વાત યાદ રાખશો કે રાફઝીઓ કે જેઓ શયખૈન કરીમૈન (અબૂબક્ર, ઉમર) رضی اللہ عنہماની ફઝીલત, સદાક઼ત, અદાલત, સહાબિયતના મુન્કિર છે અને તેમની શાનમાં જાત જાતની ગુસ્તાખીઓ કરે છે તેમનો હશ્ર તો ભયાનક થવાનો જ છે, પણ સહાબાએ કિરામના ગુસ્તાખોમાંથી અમુકને દુનિયામાં પણ એવા એવા અઝાબમાં સપડાવવામાં આવેલ છે કે તે ક઼યામત સુધીના માટે બોધગ્રહણ કરવાનો નમૂનો બની ગયા. ટૂંકમાં એ કે શેખૈન કરીમૈનના ગુસ્તાખોના ચહેરા મસ્ખ (વિકૃત) થઈ ગયા. કોઈ સુવ્વરના સ્વરૂપમાં બદલાય ગયો તો કોઈ વાંદરાના સ્વરૂપમાં ફેરવાય ગયો, અને કશ્ફો કરામતવાળાઓએ રાફઝીઓને સુવ્વર (ભૂંડ)ના સ્વરૂપમાં જોયા. જુઓ :

આવનારા બનાવોમાં એક ખાસ વાત મૌજૂદ છે જેના તરફ ધ્યાન કરવાની જરૂરત છે અને તે એ કે **અવલિયાએ કિરામ પણ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینના દુશ્મનોથી નફરત કરતા હતા. તેમની સાથે ઉઠક બેઠક પસંદ કરતા ન હતા** જેનાથી આપણને નસીહત મળે છે કે **સહાબાએ કિરામના દુશ્મનોની આખેરત તો ખરાબ થનારી જ છે, પણ આપણે સહાબાએ કિરામના દુશ્મનો સાથે મેળ મેળાપ રાખીને પોતાની આખેરત ખરાબ કરવી ન જોઈએ.** તે બનાવો આ પ્રમાણે છે :–

**(૧)** તે બનાવ જેના શાહિદ (સાક્ષી) હઝરત મખ્દૂમ અશરફ رحمۃ اللہ علیہ ખુદ છે : ''કૂફાનો રહેવાસી એક શખ્સ હતો જે હઝરત અબૂ બક્ર رضی اللہ عنہ હઝરત ઉમર رضی اللہ عنہના હક્ક઼માં અયોગ્ય વાતો કહેતો અને ગાળો આપતો હતો. તે અમારો હમ સફર થઈ ગયો. અમે તેને કેટલીયવાર નસીહત કરી. છેવટે સ્પષ્ટ કહી આપ્યું કે અમારાથી અલગ થઈ જાય. સફરથી પરત થતાં તેનો ગુલામ અમને મળ્યો. અમે ગુલામને કહ્યું કે તમે તમારા માલિકને કહો કે તે અમારી સાથે વાપસીની સફર કરે. ગુલામે કહ્યું કે મારા માલિક સાથે અજબનો બનાવ ઉપસ્થિત થયો. તેના હાથ પગો સુવ્વર જેવા થઈ ગયા. અમે તેની પાસે ગયા અને સાથે સફર કરવાની દા'વત આપી. તેણે કહ્યું, હું મહાન દુર્ઘટનાનો શિકાર થયો છું. પછી પોતાના હાથ બાંયોથી બહાર કાઢયા જે સુવ્વરના હાથોના જેવા હતા. પછી તે અમારી સાથે બહાર નીકળ્યો અને અમે એ જગાએ પહોંચ્યા જ્યાં ઘણા બધાં સુવ્વરો એકત્ર થયેલાં હતાં. ત્યાં તેણે પોતાને સવારી પરથી ફેંકી દીધો અને સુવ્વરનું સ્વરૂપ અપનાવી લીધું અને તેમનામાં સામેલ થઈ ગયો, ત્યાં સુધી કે અમે પછી તેને ઓળખી પણ ન શક્યા. અને તેના માલ તથા ગુલામને કૂફામાં લઈ આવ્યા.''

*(લતાઈફે અશરફી, ૩/૫૩૪, લતીફા નં. ૫૩)*

**(૨)** તે બનાવ જે હઝરત મખ્દૂમ અશરફ رحمۃ اللہ علیہએ રિવાયત કર્યો છે : ''બસરાવાસીઓમાંથી એક શખ્સે વર્ણવ્યું કે અમે અહવાનના વેપારીઓમાંથી એક શખ્સના હાથે કેટલોક સામાન વેચ્યો. લોકોએ અમને બતાવ્યું કે એ શખ્સ રાફઝી છે અને શયખૈન (હઝરત અબૂબક્ર તથા ઉમર رضی اللہ عنہما)ને ગાળો આપે છે અને અયોગ્ય વાતો બકે છે. જ્યારે મારું તેની પાસે આવવા જવાનું વધી ગયું તો એક દિવસે હું તેની પાસે બેઠો હતો. એકાએક તેણે શયખૈન (અબૂબક્ર, ઉમર رضی اللہ عنہما)ના સંબંધે નાપસંદીદા વાતો કહેવી શરૂ કરી દીધી. હું નારાજીની હાલતમાં તેની પાસેથી ઉઠીને ચાલ્યો આવ્યો. એ રાતે ઈફ્તાર મેં નારાજ દિલીની સાથે કર્યો. એ રાતે મને રસૂલુલ્લાહ ﷺની ઝિયારત થઈ. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપ ફણાલા શખ્સને જુઓ છો કે જે હઝરત અબૂબક્ર તથા ઉમર رضی اللہ عنہماની શાનમાં શું કહે છે ?! હઝરત રસૂલે અકરમ ﷺએ ફર્માવ્યું :–

www.barkatekhwaja.net

"તમને બુરુ લાગે છે ? મેં અર્ઝ કરી કે, હા ! યા રસૂલલ્લાહ! ﷺ તો ફર્માવ્યું, જાવ ! એને મારી સામે હાજર કરો. હું ગયો અને તેને લઈને આવ્યો. હુઝૂર ﷺએ ફર્માવ્યું, એને સૂવાડો ! મેં એને સૂવડાવી દીધો. પછી હુઝૂર ﷺએ મને એક છરી આપી અને હુકમ આપ્યો કે એને મારી દો ! મેં અર્ઝ કરી કે હું એને નહીં મારું ! મેં ત્રણવાર સવાલ કર્યો, કેમ કે કોઈને કત્લ કરવો મારા નજીક મોટી વાત હતી. ત્રીજી વાર હુકમ કર્યો, તારા પર અફસોસ છે ! એને મારી નાખ ! મેં એને મારી નાખ્યો. જ્યારે સવાર થઈ જાય તો મેં દિલમાં કહ્યું કે એ ખબીષને ત્યાં જઈને તેનો હાલ માલૂમ કરું. જ્યારે હું તેના મહોલ્લામાં પહોંચ્યો તો તેના ઘરેથી રડવાનો કકડવાનો અવાજ આવી રહ્યો હતો. મેં પૂછયું કે અહીં શું દુર્ઘટના બની છે ? લોકોએ કહ્યું કે ગઈ રાતે ફલાણો શખ્સ પોતાની પથારીમાં કત્લ થયેલો જોવા મળ્યો. મેં કહ્યું, વલ્લાહ ! મેં રસૂલુલ્લાહ ﷺના હુકમથી કત્લ કર્યો છે. તેના પુત્રને જાણ થઈ તો મને કહ્યું કે તમે તમારો માલ સમેટીને લઈ જાવ અને મને છૂટો કરો જેથી હું કફન દફનની વ્યવસ્થા કરું ! મેં મારો માલ લીધો અને ત્યાંથી ચાલ્યો આવ્યો."

*(લતાઈફે અશરફી, ૩/૫૩૪, ૫૩૫, લતીફા નં. ૫૩)*

**(૩)** તે બનાવ જે લતાઈફે અશરફીમાં વર્ણવવામાં આવ્યો છે કે :–

"સાહિબે ફુતૂહાત" સાહિબે ફુતૂહાતથી મુરાદ લગભગ શયખ અકબર ઈબ્નુલ અરબી عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَان ની જાતે આલી મર્તબત છે. ફર્માવે છે, મેં એ હઝરાતમાંથી એટલે અવલિયા અલ્લાહની એક જમાઅત જેમને રહીલિયા (એક જગાથી બીજે કૂચ કરતી રહેતી જમાઅત) કહે છે, જેમનાથી મુરાદ લગભગ અબ્દાલનો તબકો (વર્ગ) છે જેઓ કશ્ફવાળો હોય છે." *(હાશિયા લતાઈફે અશરફી)*

એક બુઝુર્ગને જોયા હતા તેમને રાફઝીઓના બારામાં કશ્ફ થતો હતો. તે રાફઝીઓને સુવ્વરના રૂપમાં જોતા હતા. તે બુઝુર્ગ તેને "રાફઝી"ને પોતાને ત્યાં બોલાવતા અને તેને કહેતા કે તમે ખુદા તઆલાથી તૌબા કરો અને રુજૂઅ કરો ! કેમ કે તમે રાફઝી છો. તે શખ્સને ઘણુ જ આશ્ચર્ય થતું. જો તૌબા કરી લેતો અને રુજૂઅ કરવામાં સાચો હોતો તો માણસના રૂપમાં દેખાતો. તેને કહેતા કે તમે પોતાની તૌબામાં સાચા છો. જો તે તૌબામાં જૂઠો હોતો તો તેનુ રૂપ એ જ પ્રમાણે સુવ્વર જેમ જોવા મળતું. તો તેને કહેતા કે તમે જૂઠુ કહો છો ! તમે તૌબા જ નથી કરી. એક વાર બે શફાઅત કરનારા ગવાહ તેમની ખિદમતમાં હાજર થયા. કોઈને તેમના અકીદાના બારામાં ખબર ન હતી અને તેમનો સંબંધ શીઆ જમાઅતથી હતો. તેમણે ચિંતન વિચારણા બાદ એક મઝહબ અપનાવ્યો હતો. હઝરત અબૂબક્ર તથા ઉમર رضی اللہ عنہما ના સંબંધે તેમનો અકીદો બરાબર ન હતો, અને હઝરત અલી رضی اللہ عنہ ની શાનમાં ખૂબ જ અતિશયોક્તિ ધરાવતો હતો. જ્યારે એ બંનેવ ગવાહ તેમની રૂબરૂ આવ્યા તો તે બુઝુર્ગે ફર્માવ્યું, આ બંનેને બહાર લઈ જાવ ! તેમણે કારણ પૂછયું તો બુઝુર્ગે ફર્માવ્યું કે હું તમને સુવ્વરના સ્વરૂપમાં જોઈ રહ્યો છું, અને આ અમારા તમારા તેમજ અલ્લાહ તઆલાની દરમિયાન નિશાની છે કે તે રાફઝીને મને સુવ્વરના રૂપમાં બતાવી દે છે. તે બંનેવે પોતાના દિલમાં પોતાના બાતિલ મઝહબથી તૌબા કરી તો એ જ વખતે બુઝુર્ગે ફર્માવ્યું કે તમે હમણા હમણા તૌબા કરી છે, કેમ કે હું તમને હવે માણસ (સ્વરૂપે) જોઈ રહ્યો છું. બંને ગવાહોને સખત આશ્ચર્ય થયું અને બંને યકીની રીતે બાતિલ મઝહબથી તૌબા કરી લીધી.

*(લતાઈફે અશરફી, ૩/૫૩૫, ૫૩૬, મુતર્જિમ, લતીફા નં. ૫૩)*

**(૪)** તે બનાવ જે લતાઈફે અશરફીમાં નકલ

www.barkatekhwaja.net

કરવામાં આવેલ છે. લખ્યું કે :

એક મુજાહિદે કહ્યું કે અમે એક લશ્કરની સાથે જેહાદના માટે જઈ રહ્યા હતા. બનૂ તમીમમાંથી એક શખ્સ જેનું નામ અબૂ હસ્સાન હતું તે અમારી સાથે હતો. તે શખ્સ હઝરત અબૂબક્ર رضی اللہ عنہ તથા હઝરત ઉમર رضی اللہ عنہને ગાળો આપતો અને અયોગ્ય વાતો કહેતો હતો. અમે દરેક રીતે તેને નસીહત કરી પણ અમારી નસીહત નિરર્થક રહી. અમે તેને અહલે ઈખ્તિયારમાંથી એક સાહબની પાસે જે અમારા રહબર પણ હતા તેમની પાસે લઈ ગયા. તેમણે હુકમ આપ્યો કે એ માણસને મારી સામે હાજર કરો અને ચાલ્યા જાવ ! અમે તેને હાકિમની સમક્ષ છોડીને ચાલ્યા ગયા. અને અરસો વહી ગયા પછી અમે જોયું કે તે અમારી પાછળ આવી રહ્યો છે. હાકિમે તેને પહેરવા કપડાં આપ્યાં અને સવારી માટે ઘોડો આપ્યો. જ્યારે અમારી પાસે પહોંચ્યો તો કટાક્ષમાં ખુશ થવા લાગ્યો અને કહ્યું, હે ખુદાના દુશ્મનો ! તમે શું જોયું ? અમે તેને કહ્યું કે તમે અમારી સાથે ન રહો. તે શખ્સ એક બાજુ ચાલ્યો ગયો. અચાનક તે રસ્તેથી હટીને જાજરૂ માટે બેઠો. અને જોયું કે તેના પર મધમાખીઓએ હુમ્લો કર્યો. તે અમારાથી મદદ માગવા લાગ્યો જેથી તેને ઝેરી ડંખવાળી પીળી માખીઓથી છૂટકારો અપાવીએ.

ઝેરી ડંખવાળી પીળી માખીઓએ અમારા પર હુમ્લો કરી દીધો અને અમે પરત આવી ગયા. અમે તેની તરફ નજર કરી તો જોયું કે ઝેરી ડંખવાળી પીળી માખીઓએ એનો ગોશ્ત ઉઝેડી નાખ્યો હતો ત્યાં સુધી કે ગોશ્તની અંદરનાં સફેદ હાડકાં ચમકી રહ્યાં હતાં. અમે બૂમ પાડી, બનૂ તમીમમાંથી કોઈ છે ? જે અબૂ હસ્સાનનો છોડેલો માલ મેળવી લે.''

*(લતાઈફે અશરફી, ૩/૫૩૫, લતીફા નં. ૫૩)*

www.barkat...

## બરતાનીયાકી સરઝમીં હુઝૂર શયખુલ ઈસ્લામ પીરે તરીકત મૌલાના સૈયદ મુહમ્મદ મદની અશરફીયુલ જીલાની કે ફ્યુઝો બરકાત સે માલામાલ હુઈ

**પેશકશ** : હાજી દાઊદભાઈ પ્રેમી અશરફી-દયાદરવી

તા. ૨૫ સપ્ટેમ્બર સન ૨૦૨૨ કો બરોજે ઈતવાર હુઝૂર શૈખુલ ઈસ્લામ ઔર જાંનશીને શૈખુલ ઈસ્લામ સૈયદ હમ્ઝા અશરફ અશરફી કી બરતાનીયા કે માંચેસ્ટર એરપોર્ટ પર આમદ હૂઈ. બરતાનીયા કે તમામ સુન્ની આલમમેં ખૂશી કી લહર દોડ ગઈ. ઈસ્તિકબાલ કે લીયે મના કરને કે બાવજૂદ કાફી મુરીદીન પહુંચ ગયે થે. એરપોર્ટસે સીધે બ્લેકબર્ન મદની મંઝીલ, હાજી દાવુદભાઈ પ્રેમી કે મકાન પર હઝરત તશરીફ લે ગયે ઔર વહાં પર દો દિન આરામ કે બાદ તા. ૨૮ સપ્ટેમ્બર બરોજે બુધ કો હઝરત કા યે રૂહાની કાફલા લંડન કી તરફ રવાના હુઆ. વહાં સે રૂહાની દૌરે કા આગાઝ હુઆ.

અલ્હમ્દુલિલ્લાહ ! લંડનમેં હઝરત કા કયામ એક વીક રહા. માશાઅલ્લાહ ! લોગોંને ફૈઝ હાસિલ કિયા ઔર હઝરત કી ઈલ્મી ગુફતગુ અરસેદરાઝ કે બાદ લોગોંને સુની ઔર ફૈઝયાબ હુએ. જાંનશીને શૈખુલ ઈસ્લામ સૈયદ હમઝા અશરફ કો મોહદ્દિષે આ'ઝમ બરતાનીયા કી તમામ બ્રાન્ચોં કી નિગરાની કે લીયે સરપરસ્તી કા એલાન કિયા. કસીર તાદાદમેં ઉલમાએ એહલે સુન્નતસે મુલાકાતેં રહી. ઈસી તરહ લંડનસે લેસ્ટર, બર્મિંગહામ, ડયુઝબરી, માંચેસ્ટર, બોલ્ટન, પ્રેસ્ટન ઔર આખિર મેં બ્લેકબર્ન ઈન તમામ ટાઉનમેં ઈસ નૂરાની કાફલે કા કયામ રહા મીલાદુન્નબી ﷺ કા મહિના થા, માશાઅલ્લાહ ! હર શહરમેં મીલાદ કી મેહફિલેં સજતી રહી ઔર લોગ ફૈઝયાબ હોતે રહે. બહોત સારે ઉલેમા ઔર સાદાત કો હઝરતને અપની ખિલાફતસે નવાઝા. માશાઅલ્લાહ ! ઈસ ઝઈફીમેં ભી હઝરતને બળી ઈનાયત કી ઔર હર ટાઉનમેં જાકર વહાં કે લોગોં કે ઈમાન કો તાજગી બક્ષી. આખિરમેં બ્લેકબર્નમેં મુફતી ઐયૂબ સાહબ કી કયાદતમેં અલવિદા મેહફિલ રખ્ખી ગયી. જિસમેં કસીર તાદાદમેં ઉલમાએ એહલે સુન્નત કી હાજરી રહી. અલ મુખ્તસર પુરે દૌર કી મેહફિલી ગુફતગુ, મીલાદ કી મેહફિલેં ઔર દિગર પ્રોગ્રામ કી વિડીયો ક્લીપ સોશીયલ મીડીયા પર વાયરલ હોતી રહી. અલ્લાહ તઆલા કે ફજલો કરમસે યે મુખ્તસર દૌરા ખૂબ કામયાબ રહા ઔર તા. ૨૯ ઓકટોબર કો હુઝૂર શયખુલ ઈસ્લામ ઔર જાંનશીને શયખુલ ઈસ્લામે સૈયદ હમઝા અશરફ ઈન્ડિયા જાને કે લીયે રવાના હુએ. અલ્લાહ તઆલા હુઝૂર શયખુલ ઈસ્લામ કો ઉમ્રે દરાઝ કરે ઔર ઉનકા સાયા કાયમ વ દાયમ રખ્ખે. આમીન

# વર્તમાન યુગમાં ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના વિચારોનું મહત્વ

રજૂ: મૌલાના પટેલ અબ્દુર્રહમાન મિસ્બાહી નક્શબંદી

આ'લા હઝરત ઈમામ અહમદ બરેલ્વી رحمۃ اللہ علیہ (૧૨૭૨ હિ.સ.થી ૧૩૪૦ હિ.સ.) પોતાના સમયના અનુપમ ફક઼ીહ, મુહદ્દિષ તથા બુદ્ધિજીવી હતા. તે ઉમ્મતની આંતરિક અને બાહ્ય સમસ્યાઓ પર ઊંડી નજર રાખતા હતા. ઉમ્મતની કામયાબી માટે બેચેન અને મુસલમાનોની કરૂણાજનક હાલત વિશે ફિકરમાં ડૂબેલા રહેતા હતા. મુસલમાનોની ખોવાયેલી ગરીમાને પરત લાવવા માટે પ્રયત્નશીલ રહેતા હતા. તે મુસલમાનોને દીન, તા'લીમ, ધંધા, હુનર, રાજનીતિ તથા પત્રકારિતા દરેક મેદાનમાં શ્રેષ્ઠ અને કામયાબ જોવા માગતા હતા. ઈસ્લામી મૂલ્યો તથા રિવાયતો (રિવાજ)નો ફેલાવ તેમનો મક઼સદ હતો. મુસલમાનોના ઈમાન તથા અક઼ીદાની રક્ષા તેમની પ્રાથમિક ચિંતા હતી. આ પવિત્ર ઉદ્દેશો પ્રાપ્ત કરવા માટે તે સખત પ્રયત્નો કરતા હતા. તે પોતાની કિતાબો દ્વારા મુસ્લિમ ઝંઝોળ્યા કરતા હતા. તેમને ક઼ૌમને ગફલતની નિદ્રાથી જાગૃત કરવા તેમને તપાવ્યા કરતા હતા.

મુસ્લિમ ક઼ૌમ તેમની કામયાબી માટે રેહનુમાઈ કરતા હતા, તેમને અપમાનથી બચાવવા માટે ઈત્તેહાદ અને એકતાની દા'વત આપતા હતા. મુસલમાનોને ગૈરો પર નિર્ભર રહેવાથી બચાવવા માટે દરેક મેદાનમાં આગળ આવવા માટે પ્રોત્સાહિત કરતા હતા. ઈમામ અહમદ રઝાની કિતાબો અને આપના લખાણમાં તેમના ઉચ્ચ વિચારો અને ઊંડી સમજ ખૂબ સ્પષ્ટ રૂપે જોવા મળે છે.

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો વિસાલ થવાને સો વરસથી વધુ સમય ગુજરી ચૂક્યો છે, પરંતુ તેમના વિચારોનું મૂલ્ય આજે પણ એ જ રીતે બાકી છે, બલ્કે તેના ફાયદાઓમાં દિવસે દિવસે વધારો થાય છે. રોજ ને રોજ "ફિક્હે રઝા"ના નવા વિભાગો સામે આવી રહ્યા છે. નવી નવી દિશાઓની શોધ થઈ રહી છે.

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના આ વિચારો કુર્આન તથા હદીષમાંથી લીધેલા છે. એટલા માટે જ તેની ઊંડાઈ અને તેના મહત્વ પર પૂરી એક સદી ગુજરી ગઈ હોવા છતાં કાંઈ ફરક પડી રહ્યો નથી. હવે અમે આપના વિચારોના મહત્વ વિશે થોડીક વાત કરીશું.

## ★ મીડિયાની જરૂરત અને તેનું મહત્વ ★

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો વિસાલ થવાને સો વરસથી વધુ સમય વીતી ગયો છે, જાહેર છે કે તેમના સમયમાં મીડિયાનો વપરાશ એટલા પ્રમાણમાં ન હતો. તેની અસર પણ દરેક ક્ષેત્રમાં ન હતી. પરંતુ ઈમામે એહલે સુન્નત رحمۃ اللہ علیہની ભવિષ્ય જોનારી આંખ મીડિયાની વધતી અસરોથી બેખબર ન હતી. તેમણે એક સદી પહેલાં જ તેની વિશ્વવ્યાપી અસરને ફક્ત મેહસૂસ જ ન કરી હતી બલ્કે એ ક્ષેત્રમાં ક઼ૌમને માહિતગાર કરવાની કોશિશ પણ કરી હતી. તેમણે લખ્યું :–

"(હે મુસ્લિમો !) તમારા ધાર્મિક સમાચાર પત્રો પ્રકાશિત થવાં જોઈએ, અને સમયે સમયે દરેક પ્રકારના દીનના સમર્થનના લેખો આખા દેશમાં કિંમત સાથે તથા વગર કિંમતે, રોજ નહીં તો કમસે કમ સાપ્તાહિક પહોંચતા રહે.

*(ફતાવા રઝવિય્યા, ભાગ : ૧૨, પેજ : ૧૩૩)*

આ તે સમયના મીડિયાનું સ્વરૂપ હતું, આજે જ્યારે નવા નવા શ્રોતો બની ચૂક્યા છે, મીડિયાના અસંખ્ય વિભાગો બની ગયા છે, આવામાં ઈમામે એહલે સુન્નત رحمۃ اللہ علیہના ઉપરોક્ત લખાણને આ

www.barkatekhwaja.net

બેકગ્રાઉન્ડમાં સમજવાની જરૂર છે.

અફસોસ એ વાતનો છે કે એક સદીના લાંબા ગાળામાં ઈમામે એહલે સુન્નતના નામ પર પોતાની રોટલી શેકનારી હજારો સંસ્થાઓ તો બની ગઈ, સેંકડો એકેડમીઓ તો કાયમ થઈ, ખાનકાહોએ મહેલ જેવી ઈમારતો તો બનાવી લીધી, નીચલા દરજ્જાના મતભેદો પર ડઝનબંધ કિતાબો તો છપાઈ ગઈ, તે મર્દે હક્કના નામ પર હજાર જલ્સા પણ થઈ ગયા, પરંતુ ઈમામે એહલે સુન્નત رحمۃ اللہ علیہની ઉપરોક્ત સૂચના પર અમલ ન થયો. આજે મુસલમાનો પાસે કોઈ એવું સમાચારપાત્ર નથી જેનું પ્રભાવક્ષેત્ર આખું ભારત હોય, આજે આપણી પાસે એવું કોઈ મીડિયા સેન્ટર નથી જ્યાંથી મુસલમાનો પર લગાડવામાં આવતા આરોપોનું ખંડન કરવામાં આવે. આજે જ્યારે કે દેશમાં પરિસ્થિતિ ખરાબ થઈ ગઈ છે, મીડિયામાં મુસલમાનોની વિરુદ્ધ ઝેર ફેલાવનારી પ્રશિક્ષિત ટીમ લગાતાર નફરત ફેલાવી રહી છે, મીડિયાના સહારે આપણા દેશબંધુઓના દિલોમાં આપણા પ્રત્યે દુશ્મનીની આગ ભડકાવવામાં આવી રહી છે, મુસલમાનોને પોતાની સફાઈનો પણ મોકો નથી મળ તો, આવામાં ઈમામે એહલે સુન્નતના ઉપરોક્ત લખાણનું મહત્વ બમણુ વધી જાય છે. હે કાશ ! હવે તો ભારતના મુસ્લિમોની લીડરશીપના દાવેદાર ''કાઈદો'' (લીડરો) આ બાબતે અમાનની કોશિશ નિખાલસપૂર્વક કરે.

## ★ મતભેદથી બચીને એકતાની રાહ પર આવવું જરૂરી ★

આજે મુસ્લિમો વૈશ્વિક સ્તરે પણ ભાગલાબંધીમાં સપડાયેલા છે અને દેશના સ્તરે પણ તેમનુ કોઈ એકત્રિત સંગઠન નથી. તેમનું કોઈ મજબૂત પ્લેટફોર્મ નથી. તેમની કોઈ સર્વસહમતીવાળી લીડરશીપ નથી. આમ તો ભારતની દરેક ગલીમાં ''કાઈદે એહલે સુન્નત'' બલ્કે એનાથી પણ વધીને ''કાઈદે ઈસ્લામ'' તમને મળી આવશે. ક્યારેક સમય મળે તો જલસાઓ અને કોન્ફરન્સોમાં જઈ આવે, ત્યાં તો વ્યાજબી ભાવે જુદા જુદા ક્ષેત્રોના ''ફાતેહીન'' પણ મળી જશે. પરંતુ મિલ્લતના સાચા પરોપકારી, કૌમના સાચા હમદર્દ અને દીનના નિખાલસતાવાળા ખાદિમોનું મળવું બહુ મુશ્કેલ છે.

ઉલમાના આપસના ભાગલા, હસદ, અદેખાઈ અને દુશ્મનીએ મિલ્લતને જે નુકસાન પહોંચાડયું છે અને આખી કૌમને બર્બાદીના જે છેડે પહોંચાડી દીધી છે, તે કોઈનાથી છુપું નથી. જે ઉલમાના ખભાઓ પર કૌમની લીડરશીપનો ભાર મૂકવામાં આવ્યો છે તેઓ પોતાની ઈલ્મી તથા વૈચારિક શક્તિઓ એકબીજાની ટોપી ઉછાળવામાં વાપરી રહ્યા છે. જેમણે એકતા અને સદ્ભાવનાની રાહો ખોલવાની હતી તેઓ પોતે જ મતભેદોના રવાડે ચઢી રહ્યા છે. ઈમામે એહલે સુન્નત رحمۃ اللہ علیہએ મુસલમાનોની આપસી એકતા મક્કમ કરવા પર જોર આપ્યું છે. આ બાબતે બહુ વિચારપ્રેરક વાત લખી છે :–

''ખાલિસ એહલે સુન્નતના એક કૌમી સંગઠનની સખત જરૂરત છે, પણ તેના માટે ત્રણ વસ્તુઓ બહુ જરૂરી છે : (૧) ઉલમાનો ઈત્તેફાક (એકમતી) (૨) તાકત મુજબ તકલીફો વેઠવી (૩) માલદારોનો ઈત્તેફાક જેમાં સારો વર્તાવ પણ હોય. અહીં તો આમાંથી એક પણ નથી.''

*(ફતાવા રઝવિય્યહ્, ભાગ : ૧૨, પેજ : ૧૩૨)*

ઈમામે એહલે સુન્નતના આ લખાણમાં કેટલી ઊંડાઈ છે અને આજની પરિસ્થિતિઓમાં આ વાતનું મહત્વ કેટલે સુધી વધી ગયું છે તેનો અંદાજો દરેક બુદ્ધિમાન વ્યક્તિ લગાડી શકે છે. આજે ઉલમાના એક

www.barkatekhwaja.net

તબક઼ા (વર્ગ)એ ઈખ્તેલાફ (મતભેદ)ને પોતાની રોજી રોટી બનાવી લીધી છે, તેમની સહનશીલતા તથા સંયમની તાકતની હાલત એવી છે કે મિજાઝ વિરુદ્ધનાં એક બે વાક્યો પણ સામે આવી જાય તો જવાબ તથા જવાબના જવાબોની લાંબી દોર શરૂ થઈ જાય છે ! અઢળક પેજ કાળા કરી નાખવામાં આવે છે !

આપણા અમીરો તથા માલદારોને તો કૌમની તરક્કી અને ભલાઈ જોડે કાંઈ લેવા દેવા જ નથી ! તેમના મહેલો આબાદ હોય તો બીજાના ગમમાં કેમ પડી રહે ?!

જરા ઈમામે એહલે સુન્નત رحمۃ اللہ علیہના નીચે આવી રહેલા ચિંતનમય લખાણને વાંચો અને પોતાની આસપાસના માહોલને જુઓ તો આશ્ચર્ય થશે અને ફિક્રે રઝાનું મહત્વ પણ સમજાશે. આપે લખ્યું છે :–

"ઉલમાના ઈત્તેફાક઼નો એ હાલ કે હસદનું બજાર તેજી પર છે, એકનું નામ ખાલી ખાલી પણ મશહૂર થઈ જાય તો ઘણા બધા સાચા તેના વિરોધી થઈ જાય, તેની બુરાઈ તથા તૌહીનમાં ગુમરાહો જેવી ભાષા બોલે કે, હેં ! લોકો તેને પૂછે છે અને અમને નથી પૂછતા ! હવે બતાવો ? તે કૌમ જે પોતાનામાં કોઈ ફઝીલતવાળાને ન જોઈ શકે, પોતાના અધૂરાઓને કામિલ (પૂર્ણ) અને ઓછા કમાલવાળાઓનું ફઝીલતવાળા બનાવવા માટે કેવી રીતે કોશિશ કરશે ? અલ્લાહની પનાહ ! આ હાલ બધાનો નથી પણ للاکثر حکم الکل (મોટા ભાગના પરથી કુલ મુરાદ લેવામાં આવે છે.) *(ફતાવા રઝવિય્યહ, ભાગ:૧૨, પેજ: ૧૩૩)*

વર્તમાનકાળના તલ્વાર લઈને દોડનારા ઉલમાએ ફિક્રે રઝાના આ વિભાગનું અધ્યયન ઈબ્રતવાળી આંખોથી કરવું જોઈએ.

"જ્યાં મતભેદ ફુરૂઈ (નીચલા દરજ્જાના કોઈ મસ્અલામાં) હોય જેમ કે હનફી, શાફઈ વગેરેનો આપસી મતભેદ, એહલે સુન્નતના આવા વિભાગોમાં એકબીજાને બુરું કહેવું જાઈઝ નથી. અને ગાળ કે અશ્લીલ વાત જેનાથી દિમાગ ગંદુ થાય કોઈને પણ ન અપાય." *(અલ્ મલ્ફૂઝ, ભાગ : ૧, પેજ : ૭૨)*

### ★ નવી પેઢીને ઈલ્મ આપવાની જરૂરત ★

ઈલ્મ તરક્કીની પ્રથમ સીડી છે, ભલે દીનનો ઈલ્મ હોય કે પછી દુનિયાનો. કામયાબી તથા બુલંદી એના વગર શક્ય નથી. આ વાત બીજી કૌમની સમજમાં તો આવી ગઈ પરંતુ મુસલમાન એનાથી ગાફેલ રહી ગયા ! ખાસ કરીને ભારતમાં આ બાબતે જે લાપરવાહીઓ થઈ છે તેના ખતરનાક પરિણામો ધીરે ધીરે સામે આવી રહ્યાં છે. ઈમામે એહલે સુન્નત رحمۃ اللہ علیہએ પોતાના સમયમાં ભારતના મુસ્લિમોને વારંવાર ઈલ્મ હાંસલ કરવા માટે ઉભાર્યા હતા. તેમણે મોટા તા'લીમી ઈદારા ઊભા કરવા માટે તૈયાર કરવાનો દરેક શક્ય પ્રયાસ કર્યો હતો. કૌમના માલદારોને પણ આ વિશે મદદ માટે આગળ આવવાનો ભરપૂર આગ્રહ કર્યો હતો. આપે લખ્યું હતું :–

"અઝીમુશ્શાન (મોટા મોટા) મદરસા ખોલવામાં આવે અને કાયેદસર તા'લીમ થાય."

મુસલમાનોએ આ બાજુ ધ્યાન ન આપ્યું, તેઓ પરિસ્થિતિની જટિલતાથી બેખબર રહ્યા. એટલા માટે આ મેદાનમાં વરસો પાછળ રહી ગયા. ભારતીય મુસ્લિમોના તા'લીમી પછાતપણા અને બેદરકારીનું અલ્લામા સુલેમાન અશરફ બિહારી رحمۃ اللہ علیہએ પોતાની કિતાબ "અન્ નૂર"માં જબરદસ્ત વિશ્લેષણ કર્યું છે. તેમના આવનારા શબ્દો ઈબ્રત સાથે પઢવા લાયક છે :–

"આ સમયે ભારતની કોલેજોની કુલ સંખ્યા ૧૨૫ છે. ત્રણ મુસ્લિમોની અને ૧૨૨ હિંદુઓની. એમાંથી જો સરકારી કોલેજોને જેની સંખ્યા ૩૪ છે, અલગ કરી લેવામાં આવે તો પણ ૮૮ કોલેજો

www.barkatekhwaja.net

હિંદુઓની થાય છે, જેમાંથી ૨૨ કોલેજો એવી છે જેમાં ગવર્નમેન્ટની કોઈ સહાય સામેલ નથી. ૬૬ કોલેજો એવી છે જેમાં ગર્વમેન્ટ સહાય કરે છે. ૩ અને ૮૮ની સંખ્યા પર જરા વિચાર કરો, પછી તા'લીમને મિટાવી દેવાનો ફેંસલો કરજો.

બધી કોલેજોમાં ભારતીય વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૪૬ હજાર ચારસો સાડત્રીસ છે, જેમાંથી મુસ્લિમ વિદ્યાર્થીઓ ચાર હજાર આઠસો પંચોતેર છે. હિંદુ વિદ્યાર્થીઓની સંખ્યા ૪૧ હજાર પાંચસો બાસઠ છે. કહેવાય છે કે હિંદુ ચોવીસ કરોડ અને મુસલમાન સાત કરોડ છે. આ હિસાબે જ્યારે મુસ્લિમોની ત્રણ કોલેજો (અલીગઢ, લાહોર, પેશાવર) છે તો હિંદુઓની બાર હોતી. મુસ્લિમ વિદ્યાર્થીઓની સંખ્યા ચાર હજાર હતી તો હિંદુ સોળ હજાર હોતા. *(અન નૂર, પેજ : ૧૯૬)*

અલ્લામા સુલેમાન અશરફ બિહારી رحمۃ اللہ علیہનું આ વિશ્લેષણ ૧૯૨૦ અને એની પહેલાંની મુસ્લિમોની તા'લીમી હાલત દર્શાવે છે, અને એ ક્ષેત્રમાં મુસલમાનોની ઉદાસીનતાને પણ જાહેર કરે છે, અને એ વાતને પણ સ્પષ્ટ કરે છે કે ઈમામે એહલે સુન્નત رحمۃ اللہ علیہએ શા માટે મોટા મદ્રસાઓ બનાવવા પર આટલું બધું જોર આપ્યું હતું. ભારતના શહેરોમાં આજે પણ મુસ્લિમોનું તા'લીમી પ્રમાણ આનાથી કાંઈ વધારે નથી. બલ્કે તા'લીમી સંસ્થાઓ સ્થાપવાની જરૂરત કાલ કરતાં આજે વધારે છે, હવે તો ઈસ્લામી ઓળખ સાથે મોટી તા'લીમી સંસ્થાઓમાં આપણા યુવાનોનું તા'લીમ મેળવવું વધુ મુશ્કેલ થતુ જઈ રહ્યું છે. થોડાક મહિના પહેલાં કર્ણાટકમાં હિજાબવાળી છોકરીઓને કોલેજો અને યુનિવર્સિટીઓમાં કેટલી મુસીબતો વેઠવી પડી તે બધાને ખબર છે. સેંકડો છોકરીઓએ પોતાની ઈજ્જતની રક્ષા માટે તા'લીમ બંધ કરવી પડી. આપણે આ બાબતે ગંભીરતાથી વિચારવું જોઈએ અને મોટા મોટા દીની તથા દુનિયાવી તા'લીમાતના ઈદારા બનાવવા માટે પ્રયત્નો કરવા જોઈએ, અને પહેલાંથી કાયમ થયેલા મોટા ઈદારાઓને મજબૂત કરવા જોઈએ. આ જ ઈમામે એહલે સુન્નત رحمۃ اللہ علیہની વિચારધારા છે જેને અમલમાં લાવવી તેમના માનનારાઓની જવાબદારી છે.

## ★ આર્થિક મજબૂતીની જરૂરત ★

ભારતીય મુસ્લિમો જ્યાં સેંકડો સમસ્યાઓ સામે ઝઝૂમી રહ્યા છે, ત્યાં એમની એક મોટી સમસ્યા આર્થિક સંકટની પણ છે. મુસ્લિમ યુવાનો નોકરી પાછળ પોતાની ઉંમર બગાડી રહ્યા છે, તિજારત (ધંધા)થી દૂર ભાગે છે, આપણા જે લોકો ધંધામાં લાગેલા છે તેઓ પોતાની બેવકૂફીઓના લીધે નિષ્ફળ છે. તેઓ ધંધાના સિદ્ધાંતો જાણે છે ન તો પોતાના અખ્લાકથી કોઈને પ્રભાવિત કરી શકે છે. આપણા વધુ પડતા યુવાનો નાના મોટા ધંધાને એબ સમજે છે. આ પરિસ્થિમી ઈમામે અહલે સુન્નત رحمۃ اللہ علیہના સમયમાં પણ હતી અને આજે પણ છે, બલ્કે આજની કમરતોડ મોંઘવારીમાં આર્થિક સંકટ વધી ગયો છે. ઈમામે એહલે સુન્નત رحمۃ اللہ علیہ મુસલમાનોને તિજારતથી દૂર રહેવા બાબતે ફટકાર સંભળાવતાં લખે છે :–

"મુસલમાનો પોતાને બાદશાહોની ઓલાદ અને ખાનદાની (ઉચ્ચ સ્ટેજવાળા) સમજવાના લીધે હુનર શીખવા અને ધંધો કરવાને એબ સમજે છે, જો કે આ લોકો જ ઝિલ્લતની નોકરીઓ કરવા, નોકરી માટે આમતેમ ભટકવા, હરામ કામો કરવા, હરામ માલ ખાવાને ફખ્ર તથા ઈજ્જત સમજે છે ! જો અમુક આપણા ભાઈઓ ધંધો કરે છે તો ખરીદી કરનારાઓમાં એટલી બુદ્ધિ નથી કે પોતાની કૌમ પાસેથી ખરીદે, ભલે બે પૈસા મોંઘું કે નફો થશે તો મારા ભાઈનો જ થશે ! બીજી બાજુ મુસ્લિમ દુકાનદારોની એ હાલત છે કે હિંદુ રૂપિયામાં એક

www.barkatekhwaja.net

આનો નફો લે તો મુસલમાન સાહેબ ચાર આનાથી ઓછા પર રાજી નથી. વળી મજાની વાત એ કે માલ પણ પેલાથી હલ્કો બલ્કે ખરાબ ! આ બધી વાતો ધંધાના સિદ્ધાંતોની વિરુદ્ધ છે." *(ફતાવા રઝવિય્યહ્, ભાગ : ૧૨, પેજ : ૧૭૮)*

ઈમામે એહલે સુન્નત رحمۃ اللہ علیہનો હકીકતો પર આધારિત આ અભિપ્રાય ઉમ્મતે મુસ્લિમા માટે દરેક યુગમાં રોશનીની મશાલ સમાન છે. આજે જ્યારે કે નોકરીઓ ખૂબ જ ઓછી છે, આર્થિક સંકટ કેટલાય દરજ્જા વધીને છે, એવામાં તિજારત આર્થિક મજબૂતીનો સૌથી પ્રભાવકારી અને સરળ રસ્તો છે.

## ★ ઈસ્લામી આઈડેન્ટીની રક્ષાની જરૂરત ★

મુસલમાનો માટે ભારતમાં આ બહુ નાજુક સમય છે, તેમના પર ચારે તરફથી હુમ્લા થઈ રહ્યા છે, એક તરફ તેમના અસ્તિત્વને ઘણા વર્ષોથી ખતરો લાગેલો છે, બીજી તરફ તેમની સંસ્કૃતિ મિટાવવાના દરેક શક્ય પ્રયાસ થઈ રહ્યા છે. મુસલમાનોથી સંબંધિત યાદગારોનો નાશ કરવાનો મન્સૂબો તૈયાર છે અને તેના પર અમલ પણ થઈ રહ્યો છે. આવી પરિસ્થિતિમાં મુસલમાનો માટે પોતાની મઝહબી આઈડેન્ટીટીની રક્ષા એક જટિલ સમસ્યા બની ગઈ છે. ઈમામે એહલે સુન્નત رحمۃ اللہ علیہ મુસલમાનોની ધાર્મિક આઈડેન્ટીટી બાબતે ચિંતાજનક રહ્યા કરતા હતા. આપે પોતાના લખાણોમાં આ વિશે ઘણી જગાએ માર્ગદર્શન આપ્યું છે. ઈમાન તથા અકીદાની પુખ્તગીની સાથે ધાર્મિક આઈડેન્ટીટીની રક્ષા પર પણ જોર આપ્યું છે. "મકામિઉલ્ હદીદ"માં આપનું આ લખાણ વાંચવા લાયક છે :–

"તમારા સૌના માટે સૌથી મહત્વની વાત એ છે કે દીન પર મજબૂતીથી અમલ કરો, પહેલાંના લોકોને દીન પર અમલના કારણે જ વિશ્વવ્યાપી વિજય પ્રાપ્ત થયો હતો, દીન પર અમલમાં જ્યારથી ઢીલ થવા લાગી છે ત્યારથી મુસલમાન દિવસે દિવસે બર્બાદ થઈ રહ્યા છે. વર્તમાન સમયની સંગીની અને ભવિષ્યના ખતરાઓને જોતાં પોતાના માટે અને પોતાના બાળકો માટે દીનની તા'લીમ લાઝિમ કરી લો અને ગમે તે સ્થિતિમાં પોતાના અકીદા, રસ્મો રિવાજ તથા ધાર્મિક વિશિષ્ટતાઓની રક્ષામાં હમેશાં ચુસ્ત રહો." *(મકામિઉલ હદીદ, ૬૨)*

વિષય ઘણો લાંબો છે અને કોલમના પેજ ગણતરીના છે એટલા માટે પોતાની વાત ઉસ્તાદે મોહતરમ હઝરત મૌલાના મુબારક હુસૈન મિસ્બાહી دام ظلہ العالیના આ વ્યાપક અભિપ્રાય પર ખત્મ કરું છું :–

"ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ નિઃશંક ! મહાન મુજદ્દિદ તથા વિચારક હતા. તેમની ચેતેલી નજર જમાઅતની સમસ્યાઓ પર પણ હતી અને મુસ્લિમોની વૈશ્વિક સમસ્યાઓ પર પણ હતી. એક સાચા લીડરની નજર ફક્ત મસ્જિદ મદ્રસા સુધી મર્યાદિત નથી હોતી, તેની નજરમાં મુસલમાનોનો મિલ્લી (કૌમી), સામાજિક, આર્થિક તથા રાજનૈતિક મંઝર તથા બેકગ્રાઉન્ડ બધું જ હોય છે. એક મહાન મુજદ્દિદ અને નિખાલસ વિચારકની જવાબદારીઓ પણ છે કે તે મુસ્લિમ ઉમ્મતના દરેક જીવનના વિભાગ પર નજર રાખે અને તેમના માટે શ્રેષ્ઠથી શ્રેષ્ઠ હલ સામે લાવે."

વર્તમાન સમયની માગ છે કે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના વિચારોના ઉપરોક્ત અમલી વિભાગો સામે લાવવામાં આવે, એનાથી જ આપણે પોતાના વ્યક્તિગત અને સામુદાયિક જીવનમાં માર્ગદર્શન લઈ શકીશું. આ જ ઈમામ અહમદરઝા رحمۃ اللہ علیہની સાચી મહોબ્બત અને તેમની બારગાહમાં સાચુ નઝરાનું છે.

*(માહનામા અશરફિયા, સપ્ટે. ૨૨, મુબારકપુર)*

www.barkatekhwaja.net

# ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ અને સલામતીવાળુ દિલ

**અઝ : હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી**
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*
**અનુવાદક : હાફિઝ મુહમ્મદસજ્જાદ શબ્બીર પટેલ**
*(ઈંગ્લિશ / કોમ્પ્યુટર ટીચર, દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા—આમોદ)*

દુનિયામાં એ વ્યક્તિ સારા નસીબવાળો અને બુધ્ધિશાળી છે જે આ દુનિયામાં રહેવાની સાથે આખેરતને ભૂલી ન જાય. આખેરતને ભૂલી જવી એટલો મોટો ગુનો છે કે જેની સજા પરવરદિગારે આલમ દુનિયામાં પણ આપે છે અને આખેરતમાં પણ આપશે. આપણે દુનિયામાં મોકલવામાં આવ્યા કે, આપણે આખેરતની તૈયારી કરીએ અને દુનિયામાં રહીને દુનિયાની જરૂરતનો ખયાલ રાખીને દુનિયાથી પણ ફાયદો ઉઠાવીએ. દુનિયાની મુહબ્બતથી પોતાને દૂર રાખવુ અને પોતાની જાતને એ વસ્તુ તરફ કેન્દ્રિત કરવુ જે આખેરતમાં કામ આવનારી વસ્તુઓ છે. એ એક ઈન્સાનની સૌથી મોટી જિમ્મેદારી છે જેમ કે કુર્આને મુકદસમાં અલ્લાહ તઆલાએ ઈર્શાદ ફર્માવ્યો, "જે દિવસે ન માલ કામ આવશે ન ઔલાદ પરંતુ એ જે અલ્લાહની સામે હાજર થયો સલામત દિલ લઈને." *(સૂરએ શોઅરા, આયત ૮૯)*

કયામતના દિવસે જે સ્વચ્છ દિલ લઈને આવશે ખરેખર એ સાફ હૃદય તેને મહેશરના દિવસે નફો પહોંચાડશે. સાફ દિલનો અર્થ એ છે કે તેનુ દિલ સલામત હોય. એટલે કે દિલ અલ્લાહ તઆલા અને તેના હબીબ ﷺની ફર્માબરદારી અને નેકીની મોહબ્બતથી ભરેલુ હોય. ગીબત, ચુગલી, જૂઠ અને આની જેવા ગુનાહોથી અને કુફ્ર તથા શિર્ક, નિફાક વગેરેથી સીનો પાક હોય. આવુ દિલ જો કોઈ લઈને કયામતના દિવસે અલ્લાહની બારગાહમાં પહોંચે તો યકીનન ! એ દિલવાળો અલ્લાહની બારગાહમાં કામયાબી અને બુલંદી પ્રાપ્ત કરશે.

આ'લા હઝરત ઈમામે ઈશ્કો મહબ્બત સાચા અર્થમાં પોતાના સમયના સૌથી મોટા આલિમ હતા. અને જે સૌથી મોટો આલિમ હોય છે, એ દુનિયાથી વધારે આખેરતની ફિકર કરે છે. આપે આખેરતમાં કામ આવનારા દિલ માટે ખૂબ મહેનત કરી. એ જ કારણે તેમના દિલનુ સાફ હોવાની ગવાહી ખુદ તેમના પીરો મુર્શિદે આપી જેમ કે "કિતાબોમાં છે કે હુઝૂર ખાતિમુલ અકાબિર સૈયદ આલે રસૂલ મારહરવી رحمۃ اللہ علیہથી લોકોએ કહ્યું કે તમારી પાસે જ્યારે કોઈ મુરીદ બનવા આવે છે તો આપ તેમનાથી ચિલ્લો અને મુજાહિદો કરાવો છે પછી તેને સિલસિલામાં દાખલ કરો છો. પરંતુ જ્યારે મૌલાના ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ આવ્યા તો તમે તેમને તરત જ સિલસિલામાં દાખલ કરી લીધા. ન મુજાહિદો ન ચિલ્લો કરાવ્યો. જવાબમાં ખાતિમુલ અકાબિરે ફર્માવ્યું, બધા જ કાળુ દિલ લઈને આવે છે પણ મૌલાના ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ સાફ સુથરૂ દિલ લઈને આવ્યા હતા." જાણવા મળ્યુ કે તે અઝીમ મર્તબાવાળા બુર્ઝુગ જે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના પીરો મુર્શિદ હતા તેમણે પોતાની છુપાયેલી અને જાહેર નિગાહોથી ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના દિલને પઢી લીધુ હતું.

આ'લા હઝરત ઈમામે ઈશ્કો મહબ્બતે આખી જિંદગી પોતાના દિલને અલ્લાહનો ખૌફ અને મુસ્તફા જાને રહમત ﷺની મહોબ્બત કરવામાં ખૂબ જ મહેનત કરી. જાતે પોતાના વધુ પેજ નં. ૩૪... પર

www.barkatekhwaja.net

## ★ અલ્લાહ જઝાએ ખૈર અતા કરે ! ★

❒ **હિંમતનગર** : ખાતે શાદી મુબારકની ખુશીમાં હિંમતનગરથી મુહમ્મદ નિહાલ મુહમ્મદ ઈસ્હાક઼ ચાંદનીવાળા તરફથી **રૂા. ૨૦૦/–** ઈસ્લામિક વેલ્ફેર મિશનમાં લિલ્લાહ મળ્યા છે. જઝાકલ્લાહ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા માસિક*

❒ **હિંમતનગર** : (પરબડી)થી પરવીનાબાનુ ઈર્શાદ અહમદ માંદરાવાળા તરફથી નવા મકાનની ખુશીમાં **રૂા. ૨૦૦/–** ઈસ્લામિક વેલ્ફેર મિશનમાં લિલ્લાહ આપ્યા છે. જઝાકલ્લાહ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા માસિક*

❒ **હિંમતનગર** : મુહમ્મદ સોહેલ અબ્દુન્નબી ચાંદનીવાળા નવા મકાનની ખુશીમાં **રૂા. ૨૦૦/–** ઈસ્લામિક વેલ્ફેર મિશનમાં આપ્યા છે. (આ સર્વ રકમ મૌલાના અબ્દુલગની રાજેભાઈના હસ્તે મળેલ છે.) જઝાકલ્લાહ !

*–તંત્રી : બરકાતે ખ્વાજા માસિક*

## :: શાદી મુબારક ::

**મુંબઈ (જોગેશ્વરી)** : ખાતે બરકાતે ખ્વાજાના ગ્રાહક અને ચાહક પટેલ ઐયૂબ અહમદ દયાદરાવાળા (ચાંચવેલીયા)ના નેક ફરઝંદ સરફરાઝની શાદી જનાબ શાન મુહમ્મદ શાહની નેક દુખ્તર નાઝમીન શાહની સાથે તા. ૬–૧૧–૨૦૨૨, ચાંદ ૧૧ રબી. આખર, હિ.સ. ૧૪૪૪, રવિવારના રોજ રાખવામાં આવી. મુબારકબાદ !*–તંત્રી.*

## :: ઈન્તેક઼ાલ પુરમલાલ ::

❒ **દયાદરા** : ખાતે હજીયાણી મરયમબેન અહમદ આઝાદનો તા. ૧૯–૧૦–૨૦૨૨, ઈસ્લામી ચાંદ ૨૧ રબી. અવ્વલ હિ. ૧૪૪૪, બુધવારના રોજ ઈન્તેક઼ાલ થયો છે.

❒ **મુંબઈ** : ખાતે હાજી હાફિઝ યૂસુફ આદમ બાપાલાલ દયાદરાવાળાનો તા. ૩૧–૧૦–૨૦૨૨, મુ. ચાંદ ૪ રબી. આખર હિ. ૧૪૪૪ના સોમવારના રોજ ઈન્તેક઼ાલ થઈ ગયો છે.

❒ **દયાદરા** : ખાતે મુખ્તારુલ મસાજિદના મોઅઝ્ઝિન મર્હૂમ યૂનુસભાઈ દિવાનનો તા. ૧૩–૧૧–૨૦૨૨, મુ. ચાંદ ૧૭ રબી. આખર હિ.સ. ૧૪૪૪ રવિવારના રોજ ઈન્તેક઼ાલ થયો છે, બીજા દિવસે સવારના ૧૦ વાગે દફનવિધિ થઈ.

❒ **નબીપુર** : ખાતે યૂસુફ ઈસ્માઈલ બોરીયાવાળાનો તા. ૧૧–૧૧–૨૦૨૨ મુ. ચાંદ ૧૫ રબી. આખર, હિ.સ. ૧૪૪૪ જુમ્આના રોજ ઈન્તેક઼ાલ કરી ગયા.

❒ **વોરાસમની** : ખાતે હાજી મુહમ્મદ હાજી ઈસ્માઈલ ખાનસાબ સરપંચ જેઓ એકધારા ૨૦ વરસો સુધી સરપંચ પદે રહ્યા, ૧૯૯૨થી મૃત્યુ પર્યંત વોરાસમની કેળવણી મંડળ, વોરાસમની મસ્જિદ/મદ્રસા ટ્રસ્ટના પ્રમુખ/ચેરમેન તરીકે કાર્યભાર સંભાળતા હતા. ઉપરાંત અન્ય સામાજિક રાજકીય પ્રવૃત્તિઓમાં આગેવાની કરતા હતા. મર્હૂમનો તા. ૯–૧૧–૨૦૨૨, મુ. તા. ૧૩ રબી. આખર, હિ. ૧૪૪૪ બુધવારના રોજ ૮૦ વરસની ઝઈફ વયે ઈન્તેક઼ાલ થયો છે. બીજા દિવસે દફનવિધિ કરવામાં આવી.

*રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે* ***દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ*** *ખાતે કુર્આન શરીફનો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

www.barkatekhwaja.net